અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૧૬ જૂન ૨૦૨૪, રવિવાર | વર્ષ : ૧૫ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૦, જેઠ સુદ ૧૦ | અંક : ૩૧૬ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

**સિક્કિમમાં કુદરતે કહેર મચાવ્યો** । મિલકતોને નુકસાન થયું અને ઘણા વિસ્તારોમાં રોડ કનેક્ટિવિટી, વીજળી અને ખાદ્યપદાર્થો અને મોબાઈલ નેટવર્ક ખોરવાઈ ગયા

# વરસાદ-ભૂસ્ખલનને કારણે ૯ લોકોના મોત, ૧૦૦૦ થી વધુ પ્રવાસીઓ ફસાયા

**પ્રવાસીઓને માર્ગ દ્વારા બહાર કાઢવામાં આવશે અને વિભાગ સ્થાનિક પ્રવાસન હિસ્સેદારો તેમજ જિલ્લા વહીવટીતંત્ર, પોલીસ અને પર્યટન અધિકારીઓ સાથે મંગનમાં ફસાયેલા લોકોને બચાવવા માટે કામ કરી રહ્યું છે, પ્રવાસીઓને આ કુદરતી આફતમાં શક્ય તમામ સાવચેતી રાખવાની સલાહ આપી હતી**

। સિક્કિમ, તા.૧૫ ।

સિક્કિમમાં કુદરતી આફતને કારણે તબાહી સર્જાઈ છે. ઉત્તર સિક્કિમના મંગન જિલ્લામાં અવિરત વરસાદને કારણે સર્જાયેલા મોટા ભૂસ્ખલનમાં ૧૫ વિદેશી નાગરિકો સહિત ૧,૨૦૦ થી વધુ પ્રવાસીઓ ફસાયા છે. એક અધિકારીએ શુક્રવારે આ જાણકારી આપી હતી. પહાડી રાજ્યમાં ભૂસ્ખલન અને ભારે વરસાદના કારણે ૯ લોકોના મોત થયા છે. મિલકતોને નુકસાન થયું હતું અને ઘણા વિસ્તારોમાં રોડ કનેક્ટિવિટી, વીજળી અને ખાદ્યપદાર્થો અને મોબાઈલ નેટવર્ક ખોરવાઈ ગયા હતા. સિક્કિમ પર્યટન અને નાગરિક ઉડ્ડયન વિભાગના અગ્ર સચિવ સી એસ રાવે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, "પ્રાપ્ત અહેવાલો અનુસાર, ભારે વરસાદ અને ભૂસ્ખલનને કારણે માર્ગ અવરોધને કારણે લગભગ ૧,૨૦૦ સ્થાનિક અને ૧૫ વિદેશી પ્રવાસીઓ (બે થાઈલેન્ડના, બે નેપાળના) ફસાયા હતા." ભારતના ત્રણ, બાંગ્લાદેશના



૧૦ મંગન જિલ્લાના લાચુંગમાં ફસાયેલા છે. મુખ્યમંત્રી પ્રેમસિંહ તમંગે મિન્ટોકગંગમાં ભારે વરસાદને કારણે થયેલા ભૂસ્ખલનની સ્થિતિની સમીક્ષા કરવા માટે એક ઉચ્ચ સ્તરીય બેઠકની અધ્યક્ષતા કરી હતી. પહાડી રાજ્ય ભૂસ્ખલનથી ખરાબ રીતે પ્રભાવિત થયું છે. સ્થાનિક અધિકારીઓએ ફસાયેલા પ્રવાસીઓને પોતપોતાના સ્થળોએ રહેવા અને જોખમ લેવાનું ટાળવા જણાવ્યું છે. અધિકારીએ કહ્યું કે તમામ ફસાયેલા પ્રવાસીઓ માટે રાશનનો પૂરતો સ્ટોક છે. તેમણે કહ્યું કે મુખ્ય સચિવની કચેરીએ હવામાનની સ્થિતિના આધારે તમામ પ્રવાસીઓને હવાઈ માર્ગે લાવવા માટે કેન્દ્ર સાથે વાતચીત શરૂ કરી છે.

### વરસાદને કારણે મોબાઈલ નેટવર્કને પણ ઘણી અસર

## નેપાળ અને પૂર્વ ઉત્તર ભારતમાં છેલ્લા કેટલાક દિવસોથી અનરાધાર વર્ષા

। નેપાળ, તા.૧૫ ।

નેપાળ અને પૂર્વ ઉત્તર ભારતમાં છેલ્લા કેટલાક દિવસોથી અનરાધાર વર્ષા ચાલી રહી છે. નેપાલમાં તો તોફાની વરસાદે માઝા મુકી છે. તેના પૂર્વના તપલે જંગ જિલ્લાનાં ફત્તનગ્લુંગ ગામ પાસે ભારે ભૂસ્ખલન થતાં ઓછામાં ઓછી ચાર વ્યક્તિઓ દટાઈ ગઈ હોવાના સમાચારો પ્રાપ્ત થયા છે. જ્યારે લગભગ સમગ્ર પૂર્વોત્તર ભારતમાં પણ ધોધમાર વરસાદ થઈ રહ્યો છે. જે પૈકી, સિક્કીમમાં પ્રચંડ વર્ષાને લીધે થયેલાં ભૂસ્ખલનમાં ઓછામાં ઓછાં ૬નાં મૃત્યુ થયાં છે જ્યારે ૧,૫૦૦ જેટલા સહેલાણીઓ ભારે વર્ષાને લીધે ભૂસ્ખલનો થતાં એક તરફ માર્ગો બંધ રહ્યા છે જ્યારે તિરતામાં આવેલાં પૂરને લીધે નદી ઉપરનો પૂલ તૂટી જતાં ૧,૫૦૦ જેટલા સહેલાણીઓ ફસાઈ ગયા છે. ઉત્તર સિક્કીમના મંગન જિલ્લામાં તો વર્ષાએ તારાજી વેરી નાખી છે. તેમ સરકારી અધિકારીઓએ જણાવ્યું હતું. સિક્કીમમાં મંગન જિલ્લાનાં અંગ ક્લાંગ પાસેનો બેઈલી બ્રીજ તૂટી પડયો છે. તે જિલ્લામાં આવેલાં ઝોંગુ, યુંગથાંગ, લાચેન અને લાચુંગ જેમાં પર્યટન સ્થળ માટેનાં ગામો તેમની ગુરૂડોંગમાર સરોવર અને યુંગથાંગ વેલી સાથે પણ સંપર્ક તૂટી ગયો છે.આ ભારે વર્ષાને લીધે, પક્ષેપ ગામમાં ૩ અને અભિથંગ ગામમાં ૩નાં નિધન થયાં છે. તેમ મંગન જિલ્લાના કલેકટર હેમકુમાર છેત્રીએ જણાવ્યું હતું. ઉત્તર સિક્કીમમાં અનેક સ્થળોએ ઝાડ પડી ગયાં હતાં. વીજળીના થાંભલા પણ પડી ગયા હતા. ત્યાં મોબાઈલ નેટવર્કને પણ ઘણી અસર થઈ છે.

### ન્યૂઝ બ્રિફ

#### છત્તીસગઢમાં નક્સલવાદી અને સુરક્ષા દળોની અથડામણમાં ૮ નક્સલી ઠાર

। છતીસગઢ, તા.૧૫ ।


છત્તીસગઢના નારાયણપુર જિલ્લામાં નક્સલવાદીઓ સામે સુરક્ષા દળોનું મોટું ઓપરેશન ચાલી રહ્યું છે. અહેવાલો અનુસાર, અબુઝહમદના જંગલોમાં થયેલા એન્કાઉન્ટરમાં આઠ નક્સલવાદીઓ ઠાર માર્યા છે. જ્યારે એક જવાન ઘાયલ થયો છે. અબુઝમાદના જંગલોમાં નક્સલવાદીઓ સામે સુરક્ષા દળોની કાર્યવાહી ચાલી રહી છે. નક્સલવાદીઓની હાજરીની માહિતી પર સુરક્ષા દળોએ સરહદી જિલ્લાઓ સાથે સંયુક્ત ઓપરેશન હાથ ધર્યું છે.

### આરોહી જીંદગીની લડાઈ હારી

## ૧૭ કલાક સુધી બોરવેલમાં ફસાયા બાદ દોઢ વર્ષની બાળકીનું મોત

। (એજન્સી) અમરેલી, તા.૧૫ ।

ગુજરાતના અમરેલીમાં રેસ્ક્યુ ઓપરેશનના ૧૭ કલાક બાદ પણ બોરવેલમાં પડી ગયેલી માસૂમ બાળકી આરોહીને બચાવી શકાઈ નથી. જ્યારે બાળકીને બહાર કાઢવામાં આવી ત્યારે ડોક્ટરોએ તેને મૃત જાહેર કરી હતી. એનડીઆરએફ અને સ્થાનિક પ્રશાસનની ટીમ તેને જીવતો બચાવી શકી ન હતી. અગાઉ રીવામાં પણ આવી જ ઘટના બની હતી. ગુજરાતના અમરેલીમાં બોરવેલમાં પડી ગયેલી બાળકી જીવનની લડાઈ હારી ગઈ. દ્રહ્વઈહ્ન અને સ્થાનિક પ્રશાસનના તમામ પ્રયાસો છતાં આરોહી નામની આ બાળકીને બચાવી શકાઈ નથી. તે માત્ર દોઢ વર્ષની હતી અને અન્ય બાળકો સાથે રમતી હતી.આ ઘટના અમરેલીના સુરગપુરા ગામમાં બની હતી જ્યાં આરોહી બોરવેલમાં પડી હતી. દ્રહ્વઈહ્ન અને અમરેલી ફાયર વિભાગે ૧૭ કલાક સુધી આરોહીને



બોરવેલમાંથી બહાર કાઢવાનો પ્રયાસ કર્યો પરંતુ તેઓ સફળ થઈ શક્યા નહીં. જ્યારે આરોહીને બહાર કાઢવામાં આવી ત્યારે તેણીનું મૃત્યુ થયું હતું. આરોહીને બોરવેલમાંથી જીવતી બચાવવા માટે ૧૭ કલાક સુધી ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. જ્યારે આરોહીને બોરવેલમાંથી બહાર કાઢીને તપાસવામાં આવી ત્યારે આરોગ્ય વિભાગના અધિકારીઓએ આરોહીને મૃત જાહેર કરી હતી.

## સરકાર ભૂલથી બની ગઈ છે, લાંબો સમય નહીં ચાલે : મલ્લિકાર્જુન ખડગે

### જો સ્પષ્ટ બહુમતી ન હોય તો સરકાર કોઈ નિર્ણય લેવાની સ્થિતિમાં નથી હોતી

। (એજન્સી) નવીદિલ્હી, તા.૧૫ ।

કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ ભારતીય જનતા પાર્ટીના નેતૃત્વવાળી NDA સરકાર પર નિશાન સાધ્યું છે. તેમણે કહ્યું છે કે આ સરકાર ભૂલથી બની ગઈ છે અને લાંબો સમય નહીં ચાલે. ખડગેએ કહ્યું કે તેઓ કંઈ નવું નથી કહી રહ્યા, તેઓ માત્ર પીએમ મોદીના શબ્દોનું પુનરાવર્તન કરી રહ્યા છે. ખુદ પીએમ મોદીએ તેને ખીચડી સરકાર ગણાવી છે. જો સ્પષ્ટ બહુમતી ન હોય તો સરકાર કોઈ નિર્ણય લેવાની સ્થિતિમાં હોતી નથી. ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં કોઈપણ પક્ષને સ્પષ્ટ બહુમતી (૨૭૨ બેઠકો) મળી નથી અને NDA ગઠબંધને સરકાર બનાવી છે. ભારતીય જનતા પાર્ટીના નેતૃત્વવાળા એનડીએ ગઠબંધનમાં નીતિશ કુમારની જનતા દળ



યુનાઈટેડ અને ચંદ્રબાબુ નાયડુની તેલુગુ દેશમ પાર્ટીનું સમર્થન ખૂબ જ મહત્વપૂર્ણ છે. જો કે એનડીએ ગઠબંધનના નેતાઓએ સ્પષ્ટ કર્યું છે કે તેઓ પીએમ મોદીની સાથે મજબૂતીથી ઉભા છે અને આ સરકાર લોકોને આપેલા તમામ વચનો પૂરા કરશે. દેશને વિકસિત ભારતની દિશામાં આગળ લઈ જશે. એનડીએ ગઠબંધનમાં ભાજપ ૨૪૦ બેઠકો સાથે સૌથી મોટી પાર્ટી છે. TDP ૧૬ બેઠકો સાથે બીજા નંબરની સૌથી મોટી પાર્ટી છે. જેડીયુના ૧૩ અને ચિરાગ પાસવાનની એલજેપી (રામ વિલાસ) પાસે પાંચ સાંસદો છે. NDA પાસે શિવસેના (એકનાથ શિંદે જૂથ) અને અન્ય પ્રાદેશિક પક્ષોના સમર્થન સાથે કુલ ૨૯૩ સાંસદો છે. એકંદરે, TDP અને JDU કિંગમેકરની ભૂમિકામાં છે અને જો આ બંને પક્ષો પોતાનું સમર્થન પાછું ખેંચે તો NDA સરકાર પડી શકે છે. જો કે, બંને પક્ષોના વરિષ્ઠ નેતાઓને પીએમ મોદીમાં પૂરો વિશ્વાસ છે અને બંને નેતાઓએ સ્પષ્ટ કર્યું છે કે તેઓ વર્તમાન સરકાર અને એનડીએ ગઠબંધનની સાથે મક્કમતાથી ઊભા છે. કોંગ્રેસની આગેવાની હેઠળ વિપક્ષી પાર્ટીઓએ લોકસભા ચૂંટણી માટે ઈન્ડી ગઠબંધનની રચના કરી હતી.

## જહાગીરપુરામાં પરિવારના ૪ સભ્યોની લાશ મળી આવતા હડકંપ મચી ગઈ

। (એજન્સી) સુરત, તા.૧૫ ।

રાજ્યમાં રોજ અનેક દુર્ઘટનાઓ બનતી હોય છે. કોઈ ને કોઈ કારણસર વ્યક્તિ પોતાનું અમૂલ્ય જીવન ગુમાવતી હોય છે. ઈશ્વરે દરેકને આપેલી ભેટનો ત્યાગ કે અસ્વીકાર અથવા અનાદર કરવો કેટલી હદે યોગ્ય છે. એવામાં હાલ સુરતમાં ફરી એકવાર સામુહિક આપઘાતની ઘટના બની હોવાની માહિતી સામે આવતા સમગ્ર વિસ્તારમાં હડકંપ મચી જવા પામ્યો હતો. પ્રાપ્ત માહિતી મુજબ સુરતના જહાગીરપુરામાં ચાર લોકોની ઘરમાંથી લાશ મળી આવી હતી. આ ચાર લોકોએ સામૂહિક આપઘાત કર્યો હોવાનું માનવામાં આવી રહ્યું છે. એક જ પરિવારના ૪ લોકોની લાશ ઘરમાંથી મળી આવી હોવાની જાણ થતા ઉચ્ચ પોલીસ અધિકારીઓ પણ ઘટના સ્થળ તરફ દોડી ગયા હતા. રાજ રેસિડન્સીમા રહેતા પરિવારે સામુહિક આપઘાત કર્યો હોવાની વાતો વહેતી થવા લાગી છે. પોલીસે ઘટના સ્થળે પહોંચી તપાસ શરૂ કરી છે જોકે ઘટનાનું કારણ હજુ જાણવા મળ્યું નથી. માહિતી અનુસાર, પતિ-પત્ની અને ૧ સાળી સાથે રહેતા હતા. જયારે એન્ય એક સાળી થોડા દિવસ પહેલા સાથે રહેવા આવી હતી.

## UGVCLના એન્જિનિયર સાથે નફાની લાલચ આપી ૨૬.૬૮ લાખની છેતરપિંડી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૫ ।

સાબરમતી ઉત્તર ગુજરાત વીજ કંપની લિ. (યુજીવીસીએલ)માં એન્જિનિયર તરીકે ફરજ બજાવતા મનોજ મનસુખલાલ કણસાગરા ચાંદખેડાના ઉમિયાતીર્થ એવન્યૂમાં રહે છે. મનોજ ૮મી ડિસેમ્બરે ઘરે ફેસબુક ચેક કરતા હતા ત્યારે તેમના પર શેરબજારની લોભામણી જાહેરાત આવી હતી. જાહેરાત જોઈ લિંક ક્લીક કરતાં વોટસએપ ગ્રુપમાં તેમને એડ કરવામાં આવ્યા હતા. જેમાં બિશનુ શાહ બધાને શેરબજાર અંગેની સલાહ આપતો હતો. બધા તેને ગ્રુપમાં ટીચર કહીને સંબોધતા હતા. તેના સહયક તરીકે ગાયત્રી દેવી હતા. મનોજને બીજા એક ગ્રૂપમાં એડ કરવામાં આવ્યા હતા. જેમાં પણ શેરબજારમાં રોકાણ માટેની જુદી જુદી સ્કીપ્ટ મૂકવામાં આવતી હતી. મનોજને વિશ્વાસમાં લઈને ઠગ ટુકડીએ તેમના તમામ ડોક્યુમેન્ટસ મેળવી લીધા હતા અને પ્લે સ્ટોર પરથી કરમા કેપિટલ આઈઈ નામની એપ્લિકેશન ડાઉનલોડ કરવાનું કહ્યું હતું. આ એપ્લિકેશન પર તેમણે શેરબજારમાં રોકાણ માટે રૂપિયા જમા કરાવ્યા હતા. હવે એપ્લિકેશનમાં રૂપિયા વિડ્રો કરવાની સુવિધા જ નહોતી.

## કેન્સરની સારવાર લઈ રહેલ વેલ્સની રાજ કુમારી કેટ મિડલટને ઈમોશનલ પોસ્ટ કરી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૫ ।

વેલ્સની પ્રિન્સેસ કેટ મિડલટને તેની કેન્સરની સારવાર દરમિયાન એક ભાવનાત્મક પોસ્ટ શેર કરી છે. ધ પ્રિન્સ એન્ડ પ્રિન્સેસ ઑફ વેલ્સના સત્તાવાર સોશિયલ મીડિયા એકાઉન્ટ પર કરવામાં આવેલી પોસ્ટમાં કેટ મિડલટનનું એક અંગત નિવેદન છે, જેમાં તેણે કેન્સર સામે લડી રહેલા તેના સ્વાસ્થ્ય વિશે ભાવનાત્મક અપડેટ શેર કરી છે.કેન્સરની સારવાર શરૂ કર્યા પછી મહિનાઓથી લોકોથી દૂર રહ્યા પછી, વેલ્સની રાજકુમારી કેટ મિડલટન ઉનાળામાં કેટલાક જાહેર કાર્યક્રમોમાં હાજરી આપવાની આશા રાખે છે. પર્સનલ મેસેજની સાથે તેણે પોતાની એક તસવીર પણ શેર કરી છે.માર્ચમાં, કેટ મિડલટને એક વીડિયો સંદેશમાં જાહેરાત કરી હતી કે તે કેન્સર માટે કીમોથેરાપી કરાવી રહી છે. શુક્રવારે ઈન્સ્ટાગ્રામ પર શેર કરેલી પોસ્ટમાં, કેટે કહ્યું કે તેની સારવાર સારી ચાલી રહી છે પરંતુ ''હજુ પણ જંગલની બહાર નથી.'' તેમણે સારવાર પ્રક્રિયા દરમિયાન તેમના ''સારા દિવસો'' અને ''ખરાબ દિવસો'' વિશે ચર્ચા કરી.કેટે લખ્યું: ''છેલ્લા કેટલાક મહિનાઓથી મને સમર્થનના સંદેશાઓથી આનંદ થયો છે.






કેન્દ્રીય રાજ્યમંત્રી તરીકે કાર્યભાર સંભાળ્યા બાદ નિમુબેન બાંભણીયા શ્રી સાળંગપુર હનુમાનજી મંદિર ખાતે દાદાના દર્શન કર્યા હતા અને સૌના કલ્યાણ માટે પ્રાર્થના કરી આ શુભ અવસરે બોટાદ જિલ્લા અધ્યક્ષ મયુરભાઈ પટેલ, બોટાદ જીલ્લા પંચાયતના અધ્યક્ષા જેઠીબેન પરમાર, જીલ્લા મહામંત્રીઓ, સંગઠનના હોદ્દેદારઓ, ચુંટાયેલા જનપ્રતિનિધિઓ સહિતના વિશેષ આગેવાનો અને કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યાં.

### ગુરુવારથી નવા શૈક્ષણિક સત્રનો પ્રારંભ થયો

# પાટણ જિલ્લાની શાળાઓનો સમય ૩૦મી જૂન સુધી સવારનો કરાયો

**। (એજન્સી) પાટણ, તા.૧૫ ।**

૩૫ દિવસના ઉનાળુ વેકેશન બાદ ગુરુવારથી નવા શૈક્ષણિક સત્રનો પ્રારંભ થયો છે. પ્રથમ દિવસે પ્રાથમિક માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ બાળકોના કલરવથી ગુંજી ઉઠી હતી.

પ્રથમ દિવસે પ્રવેશ મેળવતા બાળકોને કુમકુમ તિલક અને પુષ્પોથી શિક્ષકોએ આવકાર્યા હતા. પ્રથમ દિવસ હોવાના કારણે જિલ્લામાં કેટલીક શાળાઓમાં વિદ્યાર્થીઓની પાંખી હાજરી રહી હતી. જિલ્લાની ૭૯૨ પ્રાથમિક અને ૨૫૦ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ધો.૯ થી ૧૨ના વિદ્યાર્થીઓ માટે ઉનાળાની ગરમીને લઈ તા.૩૦ જૂન સુધી શાળાનો સમય સવારે ૭-૦૦થી ૧૨ -૩૦ કલાકનો રહેશે. આગામી ૨૭થી ૨૯ જૂન પ્રાથમિક શાળાઓમાં પ્રવેશોત્સવ યોજવા માટેનું આયોજન કરવામાં આવ્યું છે.ઉનાળું વેકેશન બાદ ગુરુવારથી શહેર અને જિલ્લાની બાલવાડી સહિત પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચ મધ્યમિક શાળાઓ બાળકોના કિલ્લોલથી જીવંત બની હતી. મોટા બાળકો તો ઠીક પણ પ્રથમવાર નર્સરી અને કેજી (બાલવાડી)માં પ્રવેશ મેળવતા ભૂલકાંઓ રૂદન સાથે વાલીનો પીછો ન છોડતાં કલાકો સુધી સમજાવવા પડ્યા હતાં. કેટલાક બાળકો છેવટે માયુસ ચહેરે વર્ગખંડમાં બેસી ગયાં હતાં. શિક્ષિકાઓને પણ રડતાં બાળકોને સાચવવા




મથામણ કરવી પડી હતી. બીજી તરફ વેકેશન બાદ ફરીથી શાળામાં આવેલા કેટલાંક ભૂલકાં હર્ષોલ્લાસ સાથે અન્ય મિત્રોને મળતાં અને વેકેશનમાં માણેલી મજા શેર કરતાં પણ જોવા મળ્યાં હતાં. પ્રાથમિક શાળામાં વિદ્યાર્થીઓ પ્રાર્થના કરી આચાર્ય દ્વારા સ્કૂલને લગતી સૂચના અપાઈ હતી.

### બાળકોને કુમ કુમ તિલક કરીને આચાર્ય અને શિક્ષકોએ આવકાર્યા

# નવા સત્રના પ્રારંભે જ સ્કૂલવાન અને રિક્ષાવાળાએ આંદોલન છેડતાં વાલીઓ હેરાન પરેશાન

**। (એજન્સી) આણંદ, તા.૧૫ ।**

આણંદ જિલ્લાની સરકારી પ્રાથમિક શાળાઓ સાથે ખાનગી સ્કૂલો અને માધ્યમિક સ્કૂલોમાં ગુરુવારથી નવા શૈક્ષણિક સત્રનો પ્રારંભ થતાં શાળાના મેદાનો અને વર્ગો બાળકોના કિલકિલાટથી ગુંજી ઉઠયા હતા. શાળાઓમાં આચાર્ય અને શિક્ષકો દ્વારા બાળકોને કુમ કુમ તિલક કરીને આવકારવામાં આવ્યાં હતા. તો બીજી બાજુ આરટીઓ દ્વારા ટેકસી પાર્સિગ અને વિદ્યાર્થીની સંખ્યા ને લઈને સ્કૂલવાન અને સ્કૂલ રીક્ષા પર કડક કાર્યવાહીના પગલે વહેલી સવારથી સ્કૂલ રીક્ષા એસોસિએશન અને સ્કૂલવાનના સંચાલકોની હડતાલ પર ઉતરી જતાં વાલીઓને પ્રથમ દિવસે તમામ કામ પડતાં મુકીને બાળકોને સ્કૂલે મુકવા જવાનો વારો આવતાં ભારે ગણગણાટ જોવા મળ્યો હતો. સ્કૂલવર્ધીમાં ફરતા રીક્ષા અને સ્કૂલવાન માટે ટેક્સી પાર્સિંગ સહિતના નિયમો કડક બનાવવામાં આવતા જેના વિરોધમાં ગુરુવારથી સ્કૂલવર્ધીનાં ખાનગી વાહન ચાલકો એ હડતાળ પર ઉતરી જઈ સૂત્રોચ્ચાર કરી વિરોધ પ્રદર્શન કર્યું હતું. સ્કૂલવર્ધીમાં ફરતા વાહન ચાલકોએ આક્રોશ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, આરટીઓ કચેરી દ્વારા કોઈ પણ જાતની પૂર્વ સૂચના આપ્યા સિવાય સ્કૂલ વર્ધિના વાહનો વિરુદ્ધ કાર્યવાહી કરીને વાહનો ડિટેઈન કરી દંડનીય કાર્યવાહી કરતા તેમજ સ્કૂલ વર્ધિના વાહનોને ટેક્સી પાંસિંગમાં કરવા ફરજિયાત કરતા આ ખર્ચ અને ટેક્ષ ગરીબ અને મધ્યમવર્ગીય વાહન ચાલકોને પોષાય તેમ નથી. જેથી આ નિયમમાં છૂટછાટ આપવા માંગ કરી હતીસ્કૂલ વર્ધિના વાહન ચાલકોએ આક્રોશ કરતા કહ્યું હતુ કે જ્યાં સુધી આરટીઓ નિયમોમાં ફેરફાર કરવામાં નહીં આવે ત્યાં સુધી હડતાળ ચાલુ રાખી આગામી દિવસોમાં આંદોલન વધુ વેગવાન બનાવવામાં આવશે તેમ જણાવ્યું હતું તેમજ ટેક્ષી પાર્સિંગ અને રીક્ષામાં ૬ વધુ બાળકો બેસાડવાની માગ સાથે આંદોલન છેડવામાં આવ્યું છે.

# મોડાસાના રાણા સૈયદ વિસ્તારમાં પોલીસ કોમ્બિંગ, ૧૦૦ પશુઓને બચાવામાં આવ્યા

**પોલીસ અને LCB, SOG સહિતની ટીમો દ્વારા કતલખાનાઓમાં તપાસ હાથ ધરવામાં આવી હતી**

**। (એજન્સી) મોડાસા, તા.૧૫ ।**

મોડાસાના રાણા સૈયદ વિસ્તારમાં સ્થાનિક શહેર પોલીસ અને ન્ઝ્મ્, જીંટ સહિતની ટીમો દ્વારા કતલખાનાઓમાં તપાસ હાથ ધરવામાં આવી હતી. પોલીસે કોમ્બિંગ કરીને મૂંગા પશુઓને બચાવી લેવા માટે પ્રયાસ કર્યો હતો. જેમાં પોલીસે લગભગ ૧૦૦ જેટલા પશુઓને કતલખાનાઓમાં જતા બચાવી લેવામાં આવ્યા હતા. મોડાસાના રાણા સૈયદ વિસ્તારમાં સ્થાનિક શહેર પોલીસ અને ન્ઝ્મ્, જીંટ સહિતની ટીમો દ્વારા કતલખાનાઓમાં તપાસ હાથ ધરવામાં આવી હતી. પોલીસે કોમ્બિંગ કરીને મૂંગા પશુઓને બચાવી લેવા માટે પ્રયાસ કર્યો હતો. જેમાં પોલીસે લગભગ ૧૦૦ જેટલા પ શુઓને કતલખાનાઓમાં જતા બચાવી લેવામાં આવ્યા હતા. પોલીસ દ્વારા મોડી રાત્રી દરમિયાન દરોડાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.રાત્રી દરમિયાન પોલીસને મળેલી વિગતોને લઈ દરોડાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. જે દરમિયાન રાણા સૈયદ વિસ્તારમાંથી પશુઓ મળી આવવાને લઈ તેમને મુક્ત કરાવવામાં આવ્યા હતા. પોલીસ દ્વારા આ પશુઓને મોડાસા શહેરમાં આવેલા ચાર રસ્તા ટાઉન હોલ ખાતે લવાયા હતા અને તેમને સુરક્ષિત સ્થળે મોકલવા માટે કાર્યવાહી હાથ ધરી હતી.

# હિંમતનગરમાં RTO દ્વારા સ્કૂલ વાન અને બસની તપાસ હાથ ધરાઈ

**। (એજન્સી) હિંમતનગર, તા.૧૫ ।**

હિંમતનગર RTO કચેરીની બે ટીમો દ્વારા તપાસ હાથ ધરવાની કાર્યવાહી કરવામાં આવતા જે સ્કૂલ વાહનોમાં ક્ષતિઓ જણાઈ હતી તેમની સામે કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. હિંમતનગર શહેરના અલગ અલગ માર્ગો પર RTOની ટીમો દ્વારા ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. જેમાં ૭૦ વાહનોને તપાસતા ૨૮ વાહનોને RTO દ્વારા મેમા આપવામાં આવ્યા હતા.૧૨ જૂનથી શાળાઓમાં વેકેશન ખૂલ્યા છે અને આ સાથે જ હવે તંત્ર દ્વારા સ્કૂલ વાનોને લઈ તપાસ શરુ કરવામાં આવી છે. સ્કૂલ વાન અને સ્કૂલ બસના ફિટનેસ થી લઈને તેમાં રહેલા જોખમોને લઈ વાહન વ્યવહાર વિભાગના અધિકારીઓ-નિરીક્ષકો દ્વારા તપાસ શરુ કરવામાં આવી છે. હિંમતનગર RTO કચેરીની બે ટીમો દ્વારા તપાસ હાથ ધરવાની કાર્યવાહી કરવામાં આવતા જે સ્કૂલ વાહનોમાં ક્ષતિઓ જણાઈ હતી તેમની સામે કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.હિંમતનગર શહેરના અલગ અલગ માર્ગો પર RTOની ટીમો દ્વારા ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. જેમાં ૭૦ વાહનોને તપાસતા ૨૮ વાહનોને RTO દ્વારા મેમા આપવામાં આવ્યા હતા. જ્યારે ૨ સ્કૂલ વાન સહિત ચાર વાહનોને ડિટેઈન કરવામાં આવ્યા હતા. આ દરમિયાન સ્થાનિક પોલીસ દ્વારા પણ ૨ સ્કૂલ વાનને ડિટેઈન કરવામાં આવી હતી.





કેન્દ્રીય રાજ્યમંત્રી તરીકે કાર્યભાર સંભાળ્યા બાદ ભાવનગર ખાતેનાં પોતાના નિવાસસ્થાને પરત ફરી ત્યારે પરંપરાગત રીતે પરિવારજનો દ્વારા સ્વાગત કરાયું. વડિલોનાં આશીર્વાદ પામી ધન્યતા અનુભવી.

# સુરતમાં ઓનલાઈન પેમેન્ટને બહાને છેતરપિંડી કરતો શખ્સની ધરપકડ કરાઈ

**। (એજન્સી) સુરત, તા.૧૫ ।**

સુરતમાં મોબાઈલ અને ફ્રીઝ વેચવું દુકાનદારને ભારે પાડ્યું છે, કાપોદ્રા પોલીસે ટીવી મોબાઈલની દુકાન પર જઇ એ.સી,ટીવી,મોબાઈલના માલ ખરીદી કરી ઓનલાઈન પેમેન્ટ કરવાનું જણાવી બેંકનો ખોટો ભળતો મેસેજ બતાવી છેતરપિંડી આચારતા આરોપીને ઝડપી પાડ્યું છે, કાપોદ્રા પોલીસે ટીવી મોબાઈલની દુકાન પર જઇ એ.સી,ટીવી,મોબાઈલના માલ ખરીદી કરી ઓનલાઈન પેમેન્ટ કરવાનું જણાવી ખોટો બેંકનો ભળતો મેસેજ બતાવી છેતરપિંડી આચારતા આરોપીને ઝડપીલીધો હતો., કાપોદ્રા સર્વેલન્સ સ્ટાફની ટિમ પેટ્રોલીંગમાં હતી તે દરમ્યાન પોલીસને બાતમી મળી હતી જે બાતમીના આધારે આરોપી અમીત ભરતભાઇ હિરપરાને વરાછા ખાતેથી ઝડપી લેવાયો હતો. પોલીસે આરોપી ની પુછપરછ કરતા આરોપી જણાવ્યું હતું કે તે એ.સી,ટીવી મોબાઈલની દુકાન પર જઈ એ.સી,ટીવી,મોબાઈલની ખરીદી કરતો બાદ ઓનલાઈન પેમેન્ટ કરવાનુ જણાવી ખોટો બેંકનો ભળતો મેસેજ પોતાના મોબાઈલથી દુકાનદારના મોબાઈલમાં કરી દુકાનદાર સાથે છેંતરપીંડી કરતો હતો, અને એ.સી,ટીવી, મોબાઈલ લઈ ફરાર થઈ જતો હતો.

# જેતપુરના વેપારીએ આંધ્રપ્રદેશ મોકલાવેલા ૧૦.૫૦ લાખના ધાણા પહોંચ્યા જ નહીં

**વેપારીએ ટ્રક ચાલક, ક્લીનર તેમજ માલિક વિરુદ્ધ વિશ્વાસઘાત અને છેતરપિંડીની ફરીયાદ નોંધાવી**

**। (એજન્સી) રાજકોટ, તા.૧૫ ।**

જેતપુર શહેરના એક વેપારીએ આંધ્રપ્રદેશના વેપારીઓના ઓર્ડર મુજબ ધાણાનો જથ્થો ટ્રક મારફતે મોકલ્યો હતો, પરંતુ તે ટ્રક આંધ્રપ્રદેશ ન પહોંચતા વેપારીએ ટ્રક ચાલક, ક્લીનર તેમજ માલિક વિરુદ્ધ વિશ્વાસઘાત અને છેતરપિંડીની ફરીયાદ નોંધાવી હતી. શહેરના માર્કેટીંગ યાર્ડ પાસે સીધેશ્વર એગ્રી એક્ષપોર્ટના નામથી જથ્થાબંધ અનાજ કારીયાણાનો વેપાર કરતા જીતુભાઈ હેમનાણીને આંધ્રપ્રદેશની જુદીજુદી પેઢી દ્વારા ધાણાનો ઓર્ડર મળ્યો હતો. પેઢીઓના ઓર્ડર મુજબ જીતુભાઈએ ધાણાનો ૫૦૦ ગુણીનો જથ્થો ટ્રક મારફત આંધ્રપ્રદેશના વિશાખાપટનમ ખાતે મોકલ્યો હતો અને આ ટ્રક આંધ્રપ્રદેશ પહોંચાડવાની જવાબદારી ગોંડલના નવાબ રોડવેઝ ટ્રાન્સપોર્ટની હતી. તેઓને માલના ભાડા પેટેના ૬૩ હજાર રૂપિયા ગૂગલ પેથી ચૂકવેલ હતા, પરંતુ ચાર દિવસ થયાં છતાં માલ વિશાખા પટનમ ન પહોચતા જીતુભાઈ દ્વારા ગોંડલ ખાતે ટ્રાન્સપોર્ટના યાશીનભાઈ પૂછતાં તેમણે જણાવેલ કે, ડ્રાઈવરનો ફોન બંધ આવે છે ટ્રક માલીક અશોકભાઈ સાથે ફોનમાં વાત કરાવું, ત્યારબાદ ટ્રક માલિકનો પણ ફોન બંધ થઈ ગયો. જીતુભાઈને સમજાય ગયું કે તેમની સાથે છેતરપીંડી થઈ છે.

જેથી જીતુભાઈએ, ટ્રક ડ્રાઈવર ક્લીનર ધીરુંભાઈ તેમજ ટ્રક માલિક અશોકભાઈ અને અમરપુરી, વિરુદ્ધ ૫૦૦ ગુણી ધાણા કિંમત રૂપિયા ૧૦.૫૦ લાખનો માલ ઓળવી જવાની વિશ્વાસઘાત અને છેતરપીંડીની સીટી પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવતાં સિટી પોલીસે એક આરોપી ધરપકડ કરી હતી. જેતપુરથી ટ્રક મારફતે ધાણા ભરીને આંધ્રપ્રદેશ ના વિશાખપટનમ જવા નીકળ્યા હતા પરંતુ,ટ્રક ડ્રાઈવર,ક્લીનર ,અને ટ્રક મલિક દ્વારા રસ્તામાં ટ્રકમાંથી ધાણાની ૫૦૦ બેગ ઉતારી લેવામાં હતી, જેમાંથી ઝડપાયેલ આરોપી અમરપુરીને તેના ભાગમાં આવતા ૫૦ બેગ ધાણા અને ૧૦ હજાર રોકડ રકમ આપવામાં હતી. જ્યારે ૪૫૦ ધાણાની બેગ લઈને ડ્રાઈવર અને ટ્રક માલિક બંને આરોપીઓ જતા રહ્યા હતા. સાથે જ ત્રણે આરોપી દ્વારા ટ્રકમાં અમુક ધાણાની બોરીઓ સાથે ટ્રક સળગાવી નાંખવાનો પ્લાન હતો. જેથી કરીને તેવાનો ભાંડો ન ફૂટે પરંતુ જેતપુર સિટી પોલીસની અલગ અલગ ટીમો તપાસ કરી હતી ત્યારે એક માહિતી મળી કે ટ્રક મહારાષ્ટ્રની બોર્ડર પાસે છે ત્યારે ત્યાં તપાસ કરતા ટ્રક અને ધાણાની ૫૦ બેગના મુદ્દામાલ સાથે અમરપુરી ગૌસ્વામીની ધરપકડ કરીને ૫ દિવસના રિમાન્ડ મેળવ્યા હતા. પોલીસ પૂછપરછમાં પોપટ બની ગયો હતો. સાથે જ ટ્રક માલિક અશોક અને તેનો મિત્ર પ્રભાત સિંહ ઉર્ફે કાનભા કઠિયા અને ડ્રાઈવર ક્લીનર ધીરુભાઈ જેવો ૪૫૦ બેગ ધાણા લઈને ફરાર થઈ ચુક્યા છે ત્યારે ફરાર આરોપીને શોધવા માટે પોલીસે ચક્રોગતિમાન કર્યા છે. હાલ તો પોલીસે ટ્રક અને ધાણાની ૫૦ બેગ મળી કુલ.૧૬ લાખ ૧૨ હજાર ૬૧૦ રૂપિયાનો મુદ્દામાલ કબ્જે કર્યો છે.

# નર્મદા નદીમાં નહાવા પડેલા યુવાનને મગર ખેંચી જતાં મોત નિપજ્યુ હતું

**ગુરૂવારે સવારે માછલી પકડવાની જાળ નાંખતા તેનો મૃતદેહ મળી આવ્યો હતો**

**। (એજન્સી) છોટાઉદેપુર, તા.૧૫ ।**

છોટાઉદેપુર જિલ્લાના કવાંટ તાલુકાના હાફેશ્વર ગામે નર્મદા નદીમાં નહાવા પડેલા યુવાનને મગર ખેંચી જતા મોત થયું હોવાની ઘટના બુધવારે બની હતી. ત્રણ ભાઈઓ નદીમાં નહાવા પડ્યા હતા તે દરમિયાન એકને મગર ખેંચી ગયો હતો. ગુરૂવારે સવારે માછલી પકડવાની જાળ નાંખતા તેનો મૃતદેહ મળી આવ્યો હતો.બુધવારે આશરે બપોરના ત્રણ વાગ્યાની આસપાસ તુલસીભાઈ તથા તેમના ભાઈ શૈલેષભાઈ નવજીભાઈ ભીલ અને તેમના મોટા કાકાનો છોકરો વિનેશભાઈ વાહરીયાભાઈ ભીલ (ઉ.વ. ૨૨ વર્ષ) હાફેશ્વર ગામે આમલાપાણી ફળીયામાં નર્મદા નદીના પાણીમાં નહાવા માટે ગયા હતા. ત્રણેય જણા નર્મદા નદીમાં નાહતા હતા, તે વખતે સાંજના આશરે પાંચેક વાગ્યાના અરસામાં નદીના પાણીમાંથી એક મગર આવી વિનેશભાઈનો પગ અચાનક પકડીને ઉંડા પાણીમા ખેંચી લઈને જતો રહ્યો હતો. જેથી બન્ને જણા બુમા બુમ કરીને નદીના પાણીમાંથી બહાર નીકળી ગયા હતા. ઘરે જઈને તેમના ઘરના માણસો તથા ફળીયાના માણસોને બનાવની હકીકત જણાવેલ હતી. ત્યારબાદ વિનેશભાઈના પિતા વાહરીયાભાઈ ફુલજીભાઈ ભીલ, ફળીયાના કેમજીભાઈ આરસીયાભાઈ ભીલ તથા બીજા માણસો આમલાપાણી ફળીયામાં નર્મદા નદીના કિનારે વિનેશભાઈની શોધખોળ કરવા માટે પહોંચ્યા હતા.





ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ઇટાલીના વડાપ્રધાન જ્યોર્જિયા મેલોનીએ ઇટાલીના ફાસાનો, પુગલિયામાં બોર્ગો એગ્નાઝિયા ખાતે જૂથ ઓફ સેવન G7 નેતાઓની શિખર બેઠકની બાજુમાં દ્વિપક્ષીય બેઠક યોજી હતી ત્યારબાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ભારત-ઇટાલી મિત્રતાની પ્રશંસા કરી અને દ્વિપક્ષીય બેઠક દરમિયાન લેવામાં આવેલ બંને નેતાઓની સેલ્ફી શેર કરી.

### બદરીનાથ હાઈવે પર ગમખ્વાર અકસ્માત

# ટેમ્પો ટ્રાવેલર અલકાનંદ નદીમાં ખાબકતા ૧૦નાં મોત થયા અને ૭ લોકો ઈજાગ્રસ્ત

## પોલીસે ઘટના સ્થળે પહોંચી બચાવ કામગીરી શરૂ કરી

। (એજન્સી) ઉત્તરાખંડ, તા.૧૫ ।

ઉત્તરાખંડના બદરીનાથ હાઈવે પર મોટો રોડ અકસ્માત થયો હોવાના અહેવાલો છે. અહીં એક ટેમ્પો ટ્રેવલર વાહને તેનું નિયંત્રણ ગુમાવતા તે અલકાનંદ નદીમાં પડ્યું હતું. આ દુર્ઘટનામાં લગભગ ૧૦થી વધુ લોકોનાં મોત થયા છે. આ અકસ્માત બદરીનાથ હાઈવેના રેંતોલીની પાસ થયો છે. આ ઘટના અંગેની માહિતી મળતા જ હાલ પોલીસ હાલ ઘટના સ્થળે પહોંચી છે. એસપી વિશાખા અશોક ભદ્રોણે આ ઘટનાની પુષ્ટિ કરી છે. ઘટનાના સમાચાર મળતા જ રેસ્ક્યુ ટીમ હાલ ઘટના સ્થળે જવા રવાની થઈ છે. આ દુર્ઘટનામાં સાત લોકોને ઈજા થઈ છે. જોકે હજી બચાવકામગીરી ચાલી રહી છે. ઉલ્લેખનીય છે કે અગાઉ ૩૧ મેના રોજ જમ્મુ જિલ્લામાં તીર્થયાત્રીઓને લઈ જતી બસ રસ્તા પરથી ખીણમાં ખાબકતા ૨૧ લોકોનાં મોત થયા હતા, જ્યારે ૪૭ લોકો ઘાયલ થયા હતા. જિલ્લાના ચોકી ચોરા બેલ્ટ વિસ્તારમાં આવેલા તુંગી મોર્હમાં આ અકસ્માત સર્જાયો હતો અને બસ ૧૫૦ ફૂટ ઉંડી ખીણમાં પડી ગઈ હતી તેમ સત્તાવાળાઓએ એક નિવેદનમાં



જણાવ્યું હતું. પોલીસ પ્રવક્તાના જણાવ્યા અનુસાર બપોરે ૧૨.૩૫ વાગ્યે યુપી૮૧સીટી-૪૦૫૮ રજિસ્ટ્રેશન નંબર ધરાવતી બસ ખીણમાં પડી હતી. જેના કારણે ૨૧ યાત્રીઓનાં મોત થયા હતા અને ૪૭ ઘાયલ થયા હતા. આ બસ હરિયાણાના કુરુક્ષેત્રના તીર્થયાત્રાઓને જમ્મુ-કાશ્મીરના રેઅસી જિલ્લાના પોની વિસ્તારમાં આવેલા શિવ કોરી તરફ લઈ જઈ રહી હતી. ઉલ્લેખનીય છે કે આ બસે ઉત્તર પ્રદેશમાંથી મુસાફરી શરૂ કરી હતી. પોલીસ પ્રવક્તાના જણાવ્યા અનુસાર મૃતદેહોને અખનૂર સબ જિલ્લા હોસ્પિટલમાં શિફ્ટ્ કરવામાં આવ્યા હતાં. ઘાયલો પૈકી સાતને અખનૂર હોસ્પિટલમાં અને ૪૦ને જમ્મુની સરકારી મેડિકલ કોલેજમાં સારવાર આપવામાં આવી હતી.

## ન્યૂઝ બ્રિફ

### મહારાષ્ટ્ર સરકારે વક્ફ બોર્ડને ૧૦ કરોડ આપશે



। (એજન્સી) મુંબઈ, તા.૧૫ ।

મુંબઈમાં RSS બાદ હવે વિશ્વ હિન્દુ પરિષદે પણ મહારાષ્ટ્રની મહાયુતિ સરકાર પર નારાજગી વ્યક્ત કરી છે. હકીકતમાં, મહારાષ્ટ્ર સરકારે વક્ફ બોર્ડને ૧૦ કરોડ રૂપિયાની ગ્રાન્ટ આપવાનો નિર્ણય કર્યો છે. આ રકમ વકફ બોર્ડને નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં ડિજિટાઈઝેશન માટે આપવામાં આવશે. આ અંગે નારાજગી વ્યક્ત કરતા વિશ્વ હિન્દુ પરિષદે શુક્રવારે કહ્યું હતું કે, મહાયુતિ સરકાર એ કામ કરી રહી છે જે કોંગ્રેસ સરકારે નથી કર્યું. આ માત્ર મુસ્લિમોને ખુશ કરવાનો પ્રયાસ છે. જો વક્ફ બોર્ડને ૧૦ કરોડ રૂપિયા આપવાનો નિર્ણય પાછો ખેંચવામાં નહીં આવે તો ઉગ્ર આંદોલન કરવામાં આવશે. મહત્ત્વપૂર્ણ છે કે, મહારાષ્ટ્ર સરકારના લઘુમતી મંત્રાલયે પણ વકફ બોર્ડ માટે ૨ કરોડ રૂપિયાની રકમ જાહેર કરી છે. બાકીની રકમ ટૂંક સમયમાં આપવામાં આવશે તેવું કહેવામાં આવ્યું છે. આ પગલાનો વિરોધ કરતા VHPના કોંકણ પ્રદેશ સચિવ મહોન સાલેકરે કહ્યું છે કે, મહારાષ્ટ્ર સરકાર મુસ્લિમો સામે કેમ ઘૂંટણિયે પડી રહી છે? તુષ્ટિકરણની રાજનીતિ શા માટે કરવામાં આવે છે? આ પ્રકારનું તુષ્ટીકરણ અસહ્ય છે. VHPના આ વિરોધ પછી, રાજ્ય ભાજપના પ્રમુખ ચંદ્રશેખર બાવનકુલેએ કહ્યું કે, "રાજ્ય સરકાર દ્વારા ફાળવવામાં આવેલા ભંડોળ વકફ બોર્ડના ડિજિટાઈઝેશન માટે છે. વકફ બોર્ડમાં રહેલી ખામીઓને સુધારવા માટે આ પ્રક્રિયા જરૂરી હતી.

### સુનીતા કેજરીવાલને કોર્ટની કાર્યવાહીનો વીડિયો હટાવવાનો નિર્દેશ આપ્યો



। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૫ ।

દિલ્હી હાઈકોર્ટે આજે શનિવારે મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની પત્ની સુનીતા કેજરીવાલને કોર્ટની કાર્યવાહીનો વીડિયો હટાવવાનો નિર્દેશ આપ્યો છે. આ વીડિયો તે સમયનો છે જ્યારે કેજરીવાલની ED દ્વારા ધરપકડ કરવામાં આવી હતી અને તેમણે વ્યક્તિગત રીતે કોર્ટમાં પોતાનો કેસ રજૂ કર્યો હતો. કોર્ટે સોશિયલ મીડિયા પ્લેટફોર્મને વીડિયો સંબંધિત પોસ્ટને દૂર કરવા પણ કહ્યું છે. જસ્ટિસ નીના બંસલ કૃષ્ણા અને અમિત શર્માની બેંચે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X, Facebook, Instagram અને YouTubeને જ્યારે પણ આ પ્રકારની સામગ્રી તેમના ધ્યાન પર આવે ત્યારે તેને દૂર કરવાનો નિર્દેશ આપ્યો છે. કોર્ટે અન્ય સોશિયલ મીડિયા હેન્ડલ્સને પણ વીડિયો હટાવવાનો નિર્દેશ આપ્યો છે. કોર્ટે આ કેસમાં સુનીતા કેજરીવાલ અને અન્ય પાંચ લોકોને તેમના પ દો હટાવવાનો નિર્દેશ આપ્યો હતો.

# કોંગ્રેસના સ્વર્ગસ્થ નેતા અને પૂર્વ મુખ્યમંત્રી કરુણાકર મારા રાજકીયગુરુ : સુરેશ ગોપી

। (એજન્સી) કેરળ, તા.૧૫ ।

કેન્દ્રીય મંત્રી સુરેશ ગોપીએ પૂર્વ વડાપ્રધાન ઈન્દિરા ગાંધીને "મધર ઓફ ઈન્ડિયા" અને કોંગ્રેસના નેતા અને કેરળના સ્વર્ગસ્થ મુખ્યમંત્રી કે.કરુણાકરને "સાહસી પ્રશાસક" કહ્યાં છે. ભાજપ નેતાએ કરુણાકર અને માર્ક્સવાદી દિગ્ગજ ઈકે નાયનારને પોતાના રાજકીય ગુરુ ગણાવ્યા છે.

ગોપીએ પુકુન્નામ સ્થિત કરુણાકરણના સ્મારક મુરલી મંદિરમની મુલાકાત પછી પત્રકારો સાથે વાતચીત કરી હતી. સુરેશ ગોપીએ કે. કરુણાકરનના પુત્ર અને કોંગ્રેસના નેતા કે. મુરલીધરનની આશાઓ પર પાણી ફેરવી નાંખીને થ્રિસુર લોકસભા મતવિસ્તારમાંથી જીત મેળવી હતી. ત્રિશૂર સીટ પર ત્રિકોણીય જંગમાં મુરલીધરન ત્રીજા ક્રમે રહ્યા હતા. તેમણે મીડિયાકર્મીઓને વિનંતી કરી કે તેઓ કરુણાકરણના સ્મારકની મુલાકાતને રાજકારણ સાથે ન જોડે. બીજેપી નેતાએ કહ્યું કે તેઓ અહીં તેમના 'ગુરુ'ને માન આપવા આવ્યા છે. ગોપીએ વધુમાં કહ્યું કે નયનર



અને તેમની પત્ની શારદા શિક્ષકો જેવા છે. કરુણાકરણ અને તેમની પત્ની કલ્યાણીકુટ્ટી અમ્મા સાથે પણ તેના ગાઢ સંબંધો છે. સુરેશ ગોપી ૧૨ જૂને કન્નુરમાં ઈકે નયનરના ઘરે ગયા હતા અને તેના પરિવારના સભ્યોને મળ્યા હતા. ગોપીએ કહ્યું કે તેઓ ઈન્દિરા ગાંધીને ભારતની માતા તરીકે જુએ છે અને કે. કરુણાકરણને 'કેરળમાં કોંગ્રેસ પાર્ટીના પિતામહ માનવામાં આવે છે. તેમણે એ પણ સ્પષ્ટ કર્યું કે કે. કરુણાકરણને કેરળમાં કોંગ્રેસના જનક કહીને તેઓ આ દક્ષિણી રાજ્યમાં પાર્ટીના સ્થાપકો કે સહ-સ્થાપકોનો અનાદર કરવા માંગતા નથી. સુરેશ ગોપીએ કોંગ્રેસના દિગ્ગજ નેતાની વહીવટી ક્ષમતાઓની પણ પ્રશંસા કરી હતી અને તેમને તેમની પેઢીના 'હિંમતવાન વહીવટકર્તા' ગણાવ્યા હતા. તેમણે વધુમાં કહ્યું હું ૨૦૧૯માં પણ મુરલી મંદિરમ જવા માંગતો હતો. પરંતુ કે. કરુણાકરણની પુત્રી પદ્મજા વેણુગોપાલે રાજકીય કારણોસર તેમને આમ કરતા અટકાવ્યા હતા. પદ્મજા તાજેતરમાં કોંગ્રેસ છોડીને ભાજપમાં જોડાઈ છે. સુરેશ ગોપીએ શહેરના પ્રખ્યાત લોર્ડે માતા ચર્ચમાં જઈને પ્રાર્થના પણ કરી હતી. ગોપી અને તેમના પરિવારે તેમની પુત્રીના લગ્ન વખતે સેન્ટ મેરીની પ્રતિમાને સોનાનો મુગટ ભેટમાં આપ્યો હતો. ગોપીના રાજકીય વિરોધીઓએ તેનો ઉપયોગ તેમને નિશાન બનાવવા માટે કર્યો હતો. અને આરોપ લગાવ્યો હતો કે મુગટ સોનાનો નહીં પણ તાંબાનો હતો. સુરેશ ગોપીએ કેરળમાં થ્રિસુર લોકસભા સીટ જીતીને ભાજપનું ખાતું ખોલાવ્યું છે. ત્રિશૂરમાં ત્રિકોણીય હરીફાઈ જોવા મળી હતી, જેમાં કોંગ્રેસ, ભાજપ અને સીપીઆઈના ઉમેદવારો વચ્ચે ગાઢ હરીફાઈ હતી

### મોહમ્મદ ઇકબાલ અને તેના પરિવાર વિરુદ્ધનો કેસ

# રેતી માઇનિંગ સંબંધિત મની લોન્ડરિંગ કેસમાં મોટી કાર્યવાહી કરવામાં આવી

। (એજન્સી) ઉત્તરપ્રદેશ, તા.૧૫ ।

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટએ ઉત્તર પ્રદેશના સહારનપુરમાં પૂર્વ BSP MLC હાજી ઈકબાલ અને તેમના પરિવાર વિરુદ્ધ શનિવારે મોટી કાર્યવાહી કરી છે. સેન્ટ્રલ ઈન્વેસ્ટિગેશન એજન્સીએ ભૂતપૂર્વ MLCની ૪ હજાર કરોડ રૂપિયાથી વધુની સંપત્તિ જપ્ત કરી છે. અહીં ૪,૪૪૦ કરોડની કિંમતની ગ્લોકલ યુનિવર્સિટીની બિલ્ડિંગ અને જમીન અટેચ કરવામાં આવી છે. સૂત્રો દ્વારા મળતી માહિતી અનુસાર, તપાસ એજન્સીએ મની લોન્ડરિંગ કેસમાં પ્રોવિઝનલ એટેચમેન્ટ ઓર્ડર જારી કર્યો હતો, ત્યારબાદ ૧૨૧ એકર જમીન અને ગ્લોકલ યુનિવર્સિટીની ઈમારત જપ્ત કરવામાં આવી છે. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ એ એક નિવેદનમાં જણાવ્યું હતું કે, આ સંપત્તિઓ અબ્દુલ વહીદ એજ્યુકેશનલ એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટના



નામે નોંધવામાં આવી હતી, જેનું નિયંત્રણ મોહમ્મદ ઈકબાલ અને તેના પરિવારના સભ્યો દ્વારા કરવામાં આવ્યું હતું. મોહમ્મદ ઈકબાલ, ટ્રસ્ટ અને તેના પરિવારના સભ્યો સામે લેવાયેલી આ કાર્યવાહી ગેરકાયદેસર માઈનિંગ કેસ સાથે સંબંધિત છે. ED અનુસાર, પૂર્વ MLC મોહમ્મદ ઈકબાલ ફરાર છે. મળતી માહિતી મુજબ, તે દુબઈમાં છે. મોહમ્મદ ઈકબાલને ચાર પુત્રો છે. જેલમાં રહેલા પુત્રો અને ભાઈ સામે ઘણા કેસ નોંધાયેલા છે.

### SBIનો ગ્રાહકોને મોટો ઝટકો

# SBIએ ફરી એકવાર હોમ લોનના વ્યાજમાં વધારો કર્યો

। (એજન્સી) નવીદિલ્હી, તા.૧૫ ।

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ સતત સતરમી વખત રેપો રેટ યથાવત રાખ્યો છે, પરંતુ ઘણી બેંકોએ લોન પર વ્યાજદરમાં વધારો શરૂ કરી દીધો છે. સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાએ ફરી એકવાર હોમ લોનના વ્યાજમાં વધારો કર્યો છે. આનો અર્થ એ છે કે હવે તમારે તમારી લોન પર વધુ EMI ચૂકવવો પડશે. RBIની મોનેટરી પોલિસી મીટિંગના થોડા દિવસ બાદ SBI વ્યાજમાં વધારાની જાહેરાત કરી છે. સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાએ ૧૫ જૂનથી તમામ કાર્યકાળ માટે તેના માર્જિનલ કોસ્ટ ઓફ લેન્ડિંગ રેટ (MCLR)માં ૧૦ બેસિસ પોઈન્ટ અથવા ૦.૧%નો વધારો કર્યો છે. એસબીઆઈના આ પગલાંથી MCLR સંબંધિત તમામ પ્રકારની લોનની ઈએમઆઈ વધશે. આનો અર્થ એ છે કે હવે તમારે પહેલા કરતા દર મહિને લોન પર વધુ EMI ચૂકવવો પડશે. SBI વધારા




સાથે, એક વર્ષનો એમસીએલઆર ૮.૬૫%થી વધી ૮.૭૫% થયો છે, ઓવરનાઈટ એમસીએલઆર ૮.૦૦%થી વધી ૮.૧૦% થયો છે અને એક મહિના અને ત્રણ મહિનાનો એમસીએલઆર ૮.૨૦%થી વધી ૮.૩૦% થયો છે. છ મહિનાનો એમસીએલઆર હવે ૮.૫૫%થી વધી ૮.૬૫% થઈ ગયો છે. વધુમાં, બે વર્ષનો એમસીએલઆર ૮.૭૫%થી વધીને ૮.૮૫% અને ત્રણ વર્ષનો એમસીએલઆર હવે ૮.૮૫%થી વધી ૮.૯૫% થયો છે.

### જાતિ, સંપ્રદાય અને વિચાર ધારાઓના આધારે વિભાજન કરવું રાષ્ટ્રીય એકતા માટે સારું નથી : બાબા રામદેવ



। (એજન્સી) હરિદ્વાર, તા.૧૫ ।

યોગ ગુરુ બાબા રામદેવે લોકસભા ચૂંટણી પરિણામો પર RSS નેતા ઈન્દ્રેશ કુમારના નિવેદન પર પ્રતિક્રિયા આપી છે. જેના પર શુક્રવારે હરિદ્વારના હરિ સેવા આશ્રમમાં ચાલી રહેલા સંત સંમેલનમાં મીડિયા સાથે વાત કરતી વખતે તેમણે કહ્યું હતું કે પીએમ મોદીએ 'સબકા સાથ, સબકા વિકાસ, સબકા પ્રયાસ'ના તેમના નારા સાથે દેશને આગળ લઈ ગયા છે. બાબા રામદેવે વધુમાં કહ્યું કે, 'રાજકીય ટિપ્પણીઓ વારંવાર થતી રહી છે. ભગવાન રામ દરેકના છે; આ રાષ્ટ્ર દરેકનું છે અને આપણે બધા એકબીજા સાથે જોડાયેલા છીએ. જાતિ, સંપ્રદાય અને વિચારધારાઓના આધારે વિભાજન કરવું રાષ્ટ્રીય એકતા માટે સારું નથી."રામદેવે વધુમાં કહ્યું કે, 'છેલ્લા એક દાયકામાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેશને સામાજિક, આર્થિક, રાજકીય અને સાંસ્કૃતિક રીતે આગળ લઈ ગયા છે. પડકારો હોવા છતાં, હું દ્રઢપણે માનું છું કે તે દેશને આગળ લઈ જવાનું ચાલુ રાખશે." લોકસભા ચૂંટણીના પરિણામો પર ટિપ્પણી કરતા RSSના નેતા ઈન્દ્રેશ કુમારે એક નિવેદનમાં કહ્યું હતું કે, '૨૦૨૪માં રામ રાજ્યનું વિધાન જુઓ, જેનામાં રામની ભક્તિ હતી તેનામાં ધીમે ધીમે અહંકાર આવી ગયો, તેઓને ૨૪૦ બેઠકો પર જ રોકી દેવાયા. જેઓને રામ પ્રત્યે વિશ્વાસ નથી, જે બધાને ૨૩૪ પર રોકી દેવામાં આવ્યા. આ પ્રભુનો ન્યાય છે. જ્યારે ઈન્દ્રેશ કુમારની આ ટિપ્પણી વિશે પૂછવામાં આવ્યું ત્યારે બાબા રામદેવે કહ્યું કે, 'PM નરેન્દ્ર મોદીનું નેતૃત્વ, નીતિઓ, ચરિત્ર અને વ્યક્તિત્વ ખૂબ જ શાનદાર છે અને આ વર્ષોની તપસ્યાને કારણે છે. PM મોદી સામે કોઈ ટકી ન શકે; તેમનું વ્યક્તિત્વ હિમાલય જેવું છે." જોકે, એક દિવસ બાદ ઈન્દ્રેશ કુમારે પોતાના નિવેદન પર યુ-ટર્ન લીધો હતો. તેમણે અન્ય એક નિવેદનમાં કહ્યું હતું કે, 'દેશનું વાતાવરણ આ સમયે એકદમ સ્પષ્ટ છેઃ રામનો વિરોધ કરનારા તમામ લોકો સત્તાની બહાર છે, જેમણે રામની ભક્તિની પ્રતિજ્ઞા લીધી હતી તે આજે સત્તામાં છે અને સરકાર સત્તામાં છે.




નવી દિલ્હી ખાતે કેન્દ્રીય કૃષિ અને ખેડૂત કલ્યાણ, ગ્રામીણ વિકાસ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણ કૃષિ પેરા વિસ્તરણ, કાર્યકર તરીકે ૩૦,૦૦૦થી વધુ કૃષિ સખીઓને પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજનાના ૧૭મા હપ્તા વિતરણ અને પ્રમાણપત્ર અંગે પ્રેસને સંબોધિત કરી.

### તાપમાન ૪૭ ડિગ્રી પહોંચે તેવી શક્યતા

# ભારતીય હવામાન વિભાગ દ્વારા ૧૪ રાજ્યોમાં હિટવેવનું એલર્ટ જાહેર

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૫ ।

એક તરફ દેશમાં ચોમાસાની રાહ જોવાઈ રહી છે અને અનેક રાજ્યોમાં ચોમાસું બેસી ગયું છે. તેવામાં ભારતીય હવામાન વિભાગએ જમ્મુ-કાશ્મીરના જમ્મુ વિભાગ, હિમાચલ પ્રદેશના મેદાની અને નીચલા ભાગો, ઉત્તરાખંડ, પંજાબ, હરિયાણા, ચંદીગઢ, દિલ્હી, ઉત્તર પ્રદેશના મેદાની વિસ્તારોમાં આગામી ચારથી પાંચ દિવસ સુધી ભીષણ ગરમીનો પ્રકોપ રહેવાની આગાહી કરી છે. હાલ દક્ષિણ-પશ્ચિમ ચોમાસું હવે દક્ષિણના રાજ્યોમાંથી થઈને ઉત્તર ભારત તરફ ઝડપથી આગળ વધી રહ્યું છે. ત્યારે



પહાડી રાજ્યો સહિત સમગ્ર ઉત્તર પશ્ચિમ, ઉત્તર અને પૂર્વ ભારત ભારે ગરમીની ઝપેટમાં છે. જમ્મુથી લઈને હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડ સુધીના મેદાની વિસ્તારોમાં તાપમાનનો પારો ૪૦ ડિગ્રીને પાર કરી ગયો છે. હવામાન વિભાગે પંજાબ અને હરિયાણા સહિત ૧૪ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં આગામી ચારથી પાંચ દિવસ માટે હીટ વેવ માટે એલર્ટ જાહેર કર્યું છે.

## તંત્રી લેખ...

# વિદેશ જનારા લોકોએ પોતાની સુરક્ષા પ્રત્યે સજાગ રહેવું પડશે

કુવૈતના શહેર મંગફમાં એક આવાસીય ઈમારતમાં આગ લાગવાથી ઓછામાં ઓછા ૪૫ ભારતીયોના જીવ ગયા છે. એ બહુ દુર્ભાગ્યપૂર્ણ છે કે આગ એ જ ઈમારતમાં લાગી, જ્યાં ડઝનબંધ કર્મચારીઓ રહેતા હતા, તેમને બચવાનો મોકો પણ ન મળ્યો. નીચલા માળે લાગેલ આગ ઉપર ફેલાતી ગઈ. મોટાભાગના હતાહત દક્ષિણ ભારતીય રાજ્ય કેરળ અને તમિલનાડુના છે. લગભગ ૫૦ ભારતીયો ઘાયલ પણ થયા છે. ઘાયલોમાં નેપાળી કામદારો પણ સામેલ છે. તેમાં કોઈ બેમત નહીં તે આ કર્મચારી કે મજૂરો બહુ અમાનવીય માહોલમાં રહેતા હતા. ઈમારતમાં લગભગ ૧૯૬ કર્મચારી રહેતા હતા. દેખીતું છે કે ઈમારતમાં ઘણી ભીડભાડ હતી અને એ જ કારણે કર્મચારીઓ આગથી ઘેરાઈ ગયા. કુવૈતી નાયબ વડાપ્રધાન શેખ ફહદ યુસૂફ અલ-સબાએ ઈમારતના માલિકો પર લાલચનો આરોપ લગાવ્યો અને કહ્યું કે ભવન માપ દંડોના ઉલ્લંઘનને કારણે આ દુર્ઘટના બની. જોકે માત્ર કારણ ગણાવી દેવાથી કામ નહીં ચાલે, આપણે એ જોવું પડશે કે શું કુવૈતી સરકાર દોષીઓ વિરુદ્ધ આકરાં પગલાં ભરશે? ધ્યાન રહે, કેટલાય આરબ દેશોમાં ભારતીયો મોટી સંખ્યામાં રહે છે. નાનકડા દેશ કુવૈતની વાત કરીએ તો ત્યાં આબાદીનો બે તૃતિયાંશ હિસ્સો વિદેશી શ્રમિકોથી બનેલો છે. ત્યાં ભારતીય શ્રમિકોની સંખ્યા સારી એવી છે. આટલી મોટી દુર્ઘટના બાદ પ્રશાસન જાગ્યું છે. પ્રશાસન સફાઈ આપી રહ્યું છે કે એવા આવાસોમાં ભીડભાડને લઈને હંમેશાં ચેતવણી આપવામાં આવતી હતી, પરંતુ મકાન માલિકોએ તેના તરફ ધ્યાન ન આપ્યું. આ દુર્ઘટના પર માનવાધિકાર સમૂહોએ પણ ચિંતા વ્યક્ત કરી છે. હવે ચિંતાથી આગળ વધીને કામ કરવાની જરૂર છે. કેટલાય અરબ દેશોમાં મજૂરોની સ્થિતિ અમાનવીય છે. આ તમામ દેશોમાં મજૂરોની સુરક્ષા વધારવા પર ધ્યાન આપવું પડશે. ભારત સરકારે પોતાના તરફથી ભરપૂર દબાણ કરવું પડશે, જેથી અરબ દેશોમાં આપણા કામદારો પ્રત્યે ગંભીરતા વધે. દેશના લાખો મજૂરોને રોજગાર માટે વિદેશ જવું પડે છે, તો વિદેશ ગેયલા મજૂરો પ્રત્યે સરકારની જવાબદારી ઘટી નથી જતી. બધાની નજરો ભારત સરકાર પર છે કે તે આગામી દિવસોમાં પોતાના લોકોની સુરક્ષા માટે કેવાં પગલાં ભરે છે? અરબ દેશો જ નહીં, યુક્રેન, રશિયા જેવા અનેક દેશોમાં ભારતીયોની સુરક્ષા ઘટી રહી છે. જેમ કે યુવાઓ કામ માટે રશિયા જાય છે તો તેમને રશિયામાં સૈનિક બનાવી દેવામાં આવે છે.

## નકલ અને ઈંપર્સોનેશન, એટલે કે કોઈ બીજાએ પરીક્ષા આપી હોય તેવા આરોપ

બહુ વિરોધ અને સોશ્યલ મીડિયામાં વધી રહેલા દબાણ બાદ કેન્દ્ર સરકારે આંશિક કાર્યવાહી કરી છે. આખા મામલે કેટલાય પ્રકારની વિસંગતિઓ, વિરોધાભાસ અને અપરાધિકતાના પાસાં પર તપાસ અને કાર્યવાહીનો મુદ્દો હજુ ઊભો છે. પરીક્ષામાં આવેદન કરવાની તારીખમાં વિના કારણે વધારો અને બે અઠવાડિયા પહેલાં જ રિઝલ્ટ જાહેર થવાથી પેદા થયેલ શંકાનું નિરાકરણ પણ જરૂરી છે. પરીક્ષાઓ અને નોકરીઓમાં વધી રહેલ ગરબડોને નેતાઓ અને રાજનીતિ સાથે ચોલી-દામનનો સાથ છે. લોકસભા ચૂંટણી દરમ્યાન પશ્ચિમ બંગાળમાં હાઈકોર્ટે હજારો શિક્ષકોની નિયુક્તિ રદ્દ કરી દીધી, જેના પર બાદમાં સુપ્રીમ કોર્ટે રોક લગાવી. એટલે ચૂંટણી પરિણાવાળા દિવસે એડવાન્સમાં રિઝલ્ટ જાહેર કરવા પર થઈ રહેલ ટીકા પર સરકાર તરફથી સ્પષ્ટતા જરૂરી છે. રાજ્યોમાં પોલીસની તપાસ, નિષ્ક્રિય કેન્દ્ર સરકાર, એનટીએની શંકાસ્પદ તપાસ સમિતિ, સુપ્રીમ કોર્ટ અને હાઈકોર્ટમાં જલેબીની જેમ જટલિ થતા કેસોથી છાત્રો અને તેમના પરિજનોમાં ગુસ્સો અને નિરાશા વધી રહી છે. લોકસભા ચૂંટણીમાં એક તૃતિયાંશ વોટરોએ વોટ નથી નાખ્યા, કારણ કે યુવાઓમાં સિસ્ટમ પ્રત્યે નિરાશા હતી. સુપ્રીમ કોર્ટમાં નીટ સાથે જોડાયેલ કેસોમાં મેમાં જ ત્વરિત સુનાવણી થાત તો કદાચ આટલી બબાલ ન થાત. જો નીટની પવિત્રતા પ્રભાવિત થઈ છે, તો સમય પર ન્યાય આપીને જજોએ બંધારણના શપથ પૂરા કરવા જ જોઈએ. મેડિકલ, એન્જિનિયરિંગ, ફાર્મસી અને યુનિવર્સિટી કોલેજોમાં પ્રવેશ માટે પરીક્ષા આયોજિત કરનારી નેશનલ ટેસ્ટિંગ એજન્સીને સોશ્યલ મીડિયામાં નેશનલ ઠગાઈ એજન્સીના નામે ચીડવવામાં આવે છે. નીટ પરીક્ષામાં ગરબડ પર કેટલાય ચરણોમાં નેશનલ ટેસ્ટિંગ એજન્સી (એનટીએ)ના ખુલાસાથી સાફ છે કે દાળમાં ઘણું કાળું છે. બિહાર અને ગુજરાત પોલીસની તપાસથી જો પેપર લીક પણ સાબિત થઈ જાય તો પછી આખી દાળ જ કાળી કહી શકાય. પેપર લીક વિશે એનટીએએ ઈનકાર કર્યો છે. પરંતુ નકલ અને ઈંપર્સોનેશન, એટલે કે કોઈ બીજાએ પરીક્ષા આપી હોય તેવા આરોપ સાચા સાબિત થઈ રહ્યા છે. નીટે હવે માની લીધું છે કે અયોગ્ય સાધનોનો ઉપયોગ કરવાના ૬૩ કેસો સામે આવ્યા છે. તેમાંથી ૨૩ને અલગ-અલગ અવધિ માટે પરીક્ષાથી વંચિત કરી દેવામાં આવ્યા છે અને બાકી ઉમેદવારોના પરિણામો રોકી દેવાયા છે. કેન્દ્ર સરકારના પ્રસ્તાવ અનુસાર ગ્રેસ માર્કને ખતમ કરીને ૧૫૬૩ છાત્રોની ફરી પરીક્ષા કરાવવા સુપ્રીમ કોર્ટે મંજૂરી આપી દીધી છે. તેમનું રિઝલ્ટ ૩૦ જૂન પહેલાં આવવાથી કાઉન્સેલિંગમાં વધુ વિલંબ નહીં થાય. ચૂંટણીમાં રોજગાર અને શિક્ષણના મુદ્દા સૌથી મહત્ત્વના હતા. નીટ પરીક્ષામાં થયેલ ગોબાચારી પર સમયસર કાર્યવાહી ન થઈ, કે એના પર વ્યાપમની જેમ લાંબી ખીચડી પાકી, તો યુવાઓનો બંધારણીય સંસ્થાઓ પર ભરોસો ઓર ડગી શકે છે. જે સેન્ટરોમાં નકલ, ગરબડ અને ખોટી રીતે ગ્રેસ માર્ક આપવાના આરોપ છે, એવા તમામ શંકાસ્પદ છાત્રો, તેમના વાલીઓ, કોચિંગ સંસ્થાઓ અને પરીક્ષા કેન્દ્રના ઈન્ચાર્જ લોકોનો લાઈવ નાર્કો ટેસ્ટ થવો જોઈએ. એનાથી મેરિટવાળા છાત્રોનો સિસ્ટમમાં ભરોસો વધવાની સાથે જ ભવિષ્યમાં ગરબડ કરવાના મનસૂબા ધ્વસ્ત થશે. પારદર્શી અને નિષ્પક્ષ રીતે ઠોસ કાર્યવાહી કરીને નવી સરકારે જનતાનું દિલ જીતવાની કોશિશ કરવી જોઈએ. નહિ તો તમિલનાડુ સરકારની વાત સાચી સાબિત થશે કે નીટની પરીક્ષા પ્રણાલી ગરીબ અને ગ્રામીણ વિરોધી છે. તક્ષશિલા અને નાલંદાના દિવસોથી ભારતમાં વિદ્યાર્થીઓનું બૌદ્ધિક સ્તર અને તેમની ગુણવત્તા ઉચ્ચ કોટિની રહી છે. વિકસિત ભારત માટે આપણે જનસંખ્યાકીય લાભાંશની વાત કરીએ છીએ, પરંતુ બાબુશાહી અને ભ્રષ્ટાચારને કારણે યોગ્ય બાળકો અમેરિકા, યુરોપ, કેનેડા અને ઓસ્ટ્રેલિયા જઈને પૈસા અને નામ કમાવામાં વધારે ઈચ્છુક છે. ઉદારીકરણ બાદ શિક્ષણ અને સ્વાસ્થ્ય ક્ષેત્રોમાં મોટા પાયે નફાની સંસ્કૃતિ વધી. મેડિકલનું શિક્ષણ સૌથી વધુ ખર્ચાળ છે.

**ફાધર્સ એટલે આમ જુઓ તો પરિવારનો મુખિયા! દરેક પરિવારમાં જો યોગ્ય મુખિયા હોય તો તે આખા પરિવારનું સમતોલન જાળવી શકે**

# સંતાનને ફન અને ફરજનો પાઠ શીખવતું અણમોલ પાત્ર એટલે પપ્પા!



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

**વિદેશી સંસ્કૃતિની આ એક અનોખી ભેટ છે, એટલે કે જુદા જુદા ડે ઉજવી અને એ ચરિત્રની મહત્તા બતાવવી, વુમન્સ ડે, મધર્સ ડે, ફાધર્સ ડે, ચિલ્ડ્રન્સ ડે, બ્રધર્સ ડે, સીસ્ટર ડે, ફ્રેન્ડશીપ ડે, અને ન જાણે કેટલા કેટલા ડે! ભારતીય સંસ્કૃતિમાં આવા દિવસો મનાવવાની પરંપરા હતી નહીં, કારણ કે સંયુક્ત કુટુંબો હતાં અને અંદરો-અંદર એકબીજા ભાઈચારા અને પ્રેમથી રહેતા હતાં.**

ભારતીય સમાજ સરખામણી કરવાની ખાસિયત ધરાવે છે, અને અત્યારે આ સમોવડીની માનસિકતા ધરાવતા સમાજમાં માતા અને પિતા બંનેમાંથી કોણ મહાન? એ પણ ચર્ચાનો વિષય હોય, એમ સૌ પોતપોતાની રીતના મનઘડત વિચારો વાળી પોસ્ટ ફોરવર્ડ કરતા હોય છે. પણ શું કામ કોઈ એકને મહાન આલેખવા જોઈએ? સંતાન માટે એના માતા-પિતા બંને જ મહાન છે, અને એની તુલના કોઈ સાથે થઈ શકે નહીં! અને એટલે જ ભારતીય સંસ્કૃતિમાં માતૃ દેવો ભવઃ અને પિતૃ દેવો ભવઃ કહીં બંનેને ઈશ્વરનો દરજ્જો અપાયો છે. જુન મહિનાના ત્રીજા રવિવારને ફાધર્સ ડે તરીકે ઉજવવામાં આવે છે, તો એ રીતે આજે ફાધર્સ ડે છે. ફાધર્સ એટલે આમ જુઓ તો પરિવારનો મુખિયા! દરેક પરિવારમાં જો યોગ્ય મુખિયા હોય તો તે આખા પરિવારનું સમતોલન જાળવી શકે છે. મારે તો એ પાત્રને હવે ફોટામાં જ જોવાનું છે, અને એનાં સંસ્કાર રૂપી વિચારોને અનુસરવાનું છે. વિદેશી સંસ્કૃતિની આ એક અનોખી ભેટ છે, એટલે કે જુદા જુદા ડે ઉજવી અને એ ચરિત્રની મહત્તા બતાવવી. વુમન્સ ડે, મધર્સ ડે, ફાધર્સ ડે, ચિલ્ડ્રન્સ ડે, બ્રધર્સ ડે, સીસ્ટર ડે, ફ્રેન્ડશીપ ડે, અને ન જાણે કેટલા કેટલા ડે! ભારતીય સંસ્કૃતિમાં આવા દિવસો મનાવવાની પરંપરા હતી નહીં, કારણ કે સંયુક્ત કુટુંબો હતાં અને અંદરો-અંદર એકબીજા ભાઈચારા અને પ્રેમથી રહેતા હતાં, ત્યારે તેમના જન્મદિવસ, લગ્ન દિવસ, પુણ્યતિથિ, વગેરેને મહત્વ આપી એ દિવસે એ વ્યક્તિ પ્રત્યેનો આદર કરવાની આપણે ત્યાં રીત હતી,અને છે. આ ઉપરાંત વડીલોને રોજ પ્રણામ કરવાની પણ આપણે ત્યાં પ્રથા છે, પ્રણામ કરવા એટલે શું? તે આપણી કરતાં મહાન છે, એવું એક સીધુંસાદું સત્ય સ્વીકારી લઈને તેને નમન કરવું. સંયુક્ત કુટુંબો તૂટતા ગયાં, અને પરિણામે ઘરમાં ઉછરનારા સંતાનો આ સંસ્કારથી વંચિત થતા ગયાં, અને એને કારણે સંબંધોમાં પણ જોઈએ તેવી લાગણી રહી નહીં, અને એ લાગણીને પ્રદર્શિત કરવા વર્ષમાં આ રીતે જુદા જુદા ડે ઉજવવામાં આવે છે. કોઈને મહત્તા દેવી એ ખોટું પણ નથી, એ બહાને થોડું-ઘણું કંઈક લાગણીનું આદાન પ્રદાન થાય, બાકી સ્ટ્રેસ અને સમયની ઈન્દ્રજાળમા માનવી એટલો બધો અટવાતો જાય છે, કે તેને સંબંધનાં સ્વીકાર માટે પણ હવે સમય નથી. ફાધર્સ એટલે કે પિતા, પપ્પા, ડેડી, જેવા સંબોધનોથી આપણે જેને નવાજીએ છીએ તે ચરિત્ર! લગભગ દરેક બાળક માટે તે જ તેનો આદર્શ હોય છે. જોકે આજકાલ હવે સેલિબ્રિટીઓ આદર્શ બનતા જાય છે, કે જેનું ચરિત્ર આપણે ફક્ત ઉપરછલ્લું જ જાણીએ છીએ. પિતા, પપ્પા, કે ડેડીને આદર્શ બનાવવાના ઘણા ફાયદા છે, કારણ કે તેનાં જીવનની કિતાબનાં બધા પાનાં આપણી સમક્ષ ખુલ્લા હોય છે, અને ત્યાં જરા પણ દંભ કે અભિનય હોતો નથી. કોઈ પિતાને પોતાના બાળકને વ્હાલ કરવા માટે અભિનય કરવો પડતો નથી, એ અંદરથી ઉદ્ભવતી લાગણી છે, અને એટલે તો એ અંતિમ ક્ષણ સુધી તેનું હિત ઈચ્છી, એ માટે શિખામણ દેતા હોય છે. પપ્પા પિતા કે ડેડી એ રિયલ હીરો છે, અને એનાં યોગ્ય સંચાલનને કારણે જ પરિવારનાં દરેક સભ્યની જરૂરિયાત પૂરી થાય છે. આજે તો હવે યુગ બદલાઈ ગયો છે, અને પુરુષની સાથે સાથે સ્ત્રી પણ કમાવા લાવી છે, અને એ રીતે ઘરમાં રૂપિયા પૈસા ક્યાં વાપરવા એ માટે બંને જણા નિર્ણય કરતા હોય છે. પરંતુ પચાસ કે સાઈઠ વર્ષ પહેલાંનો યુગ જુદો હતો, અને એમાં લગભગ દરેક ઘરમાં એક જ વ્યક્તિ કમાવા માટે જતાં હતાં, અને તે પતા. જે કંઈ કમાણી થાય, તેમાંથી સૌથી ઓછો હિસ્સો પોતાને માટે રાખે, અને અન્ય માટે વાપરે, અને છતાં એક પણ ફરિયાદ ન કરે, એ છે પિતા. આપણી સંસ્કૃતિમાં તો માતા પિતાને દેવનું સ્થાન આપવામાં આવ્યું છે. પરંતુ માતા પોતાની લાગણી વ્યક્ત કરી શકતી હોવાથી, તેનો બાળક સાથે વધુ ગાઢ નાતો સ્વીકારાયો છે. જ્યારે પિતા પુરુષ હોવાથી પ્રમાણમાં પોતાની લાગણી ઓછી વ્યક્તિ કરી શકે છે, અને એ માટે એ પાત્રને થોડો અન્યાય પણ થયો હોય એવું ક્યાંક લાગે. પરંતુ ઘરની મુખ્ય સ્ત્રી એટલે કે માતા એ પોતાના બાળકને એના પિતાનું માન સન્માન કરવું, તેમજ તેની લાગણીઓ પ્રત્યે સજાગ કરવા, અને એની મહત્તા દર્શાવવી જોઈએ. બાળકનાં જન્મથી તેની જરૂરિયાતોનું વગર માંગે ધ્યાન રાખીને ઉંમરના દરેક તબક્કે તેને જોઈતા સાધનો પૂરા પાડનાર ઉત્તમ ચરિત્ર એટલે પિતા! પછી તે શિક્ષણનું ક્ષેત્ર હોય, શોખનું ક્ષેત્ર હોય, કે પછી સંવાદનું ક્ષેત્ર હોય, બાળકની તમામ મનોકામના પૂરી કરવી એ જ એના જીવનનું લક્ષ્ય બની જતું હોય છે. પરંતુ આજકાલ માતાપિતા બન્ને પોતાના બાળકના સુખ-સગવડ પર એટલો બધો ભાર મૂકે છે, કે જેને કારણે બાળક શીખવાની એ ઉંમરમાં ઘણું બધું શીખવાનું ચૂકી જતો હોય છે, અને એને કારણે એને જીવનમાં આગળ જતાં ઘણાં પ્રશ્નો પણ આવી શકે છે. તો શિસ્ત અને સંયમ શીખવનાર પણ પિતા જ હોય છે, જે આજે ચૂકી જવાતું દેખાય છે. શિસ્તની વાત આવી તો અમારા જીવનનો એક અનુભવ વર્ણવું છું. પપ્પા પોતે માતા-પિતાની છત્રછાયા વગર મોટા થયાં, અને અમને બધાને પોતાના જીવનમાં એવી કમી ક્યારેય ન અનુભવાય, એ માટે જીંદગીભર સતત પ્રયત્નશીલ રહ્યાં. બિલકુલ સાદગીભર્યું જીવન, એટલે પોતાની માટે એવો ખાસ કોઈ ખર્ચ નહીં. પરંતુ હરવા ફરવાનો શોખ હતો, એટલે અમને કાશ્મીરથી કન્યાકુમારી સુધી ખૂબ ફેરવ્યાં. આ ઉપરાંત પરોપકાર તેને રગેરગમાં વહેતાં લોહીની જેમ વહેતો હતો, એટલે એ સંસ્કાર પણ તેના માંથી જ પ્રાપ્ત થયા. એ દોર એવો હતો કે જ્યારે માતા-પિતાનો ગમો અણગમો એ તેમની નજર પરથી ઓળખી એ મુજબ જીવવામાં આવતું. રાત્રિના આઠ પછી કોઈને બહાર જવાનું નહીં, કે બહાર રહેવાનું નહીં! એ પહેલા જે વ્યવહાર હોય એ બધા જ પતાવી દેવાનાં. નોટબુકની આપલે પણ એ સમય પછી ક્યારેય નહીં, જો ભુલાઈ જાય તો સ્કૂલમાં થતી શિક્ષા કબૂલી લેવાની, એટલે બીજી વાર એવી ભૂલ ન થાય. ૧૧ ૧૨ સાયન્સના ટ્યુશનમાં ઘણીવાર શિક્ષક બે-પાંચ મિનિટનો મુદ્દો આવરી લે, અને મોડું થાય સાઈકલ પર ઘરે પહોંચવાનું હોય, પપ્પા તો એ સમયે ઘરે પણ ન હોય, છતાં એક બે મિનિટ પણ મોડું થાય તો અંદરથી થથરી જવાતું. આ ઉપરાંત દીકરા દીકરીમાં કોઈ ભેદ નહિ, એમના વિચોરોની સ્વતંત્રતાને માન આપવું. ખૂબ ઉંચા હોદ્દા પર હતા છતાં સૌ સાથે મૌલિક રહેવું, સૌનો આદર કરવો, જ્ઞાતિ ભેદ મનમાં પણ ન લાવવો,અને એટલું ધન નહોતું છતાં કોઈની મદદ ન થાય તો એ ધન નકામું છે, આંસુ એ ગમે ત્યારે વેડફાય નહિ,એ નબળાઈ નથી, આપણી તાકાત છે, અને ઈશ્વર પાસે પણ માંગવાનો ઈરાદો લઈને ન જવું, જઈએ ત્યારે તે મને મારી હેસિયત કરતાં પણ ઘણું આપ્યું, બસ મીઠું રોટલી આપતો રહેજે! એ પરમ સંતોષની શીખ એ બધું જ.., જોકે થોડો ક્રોધ પણ હતો ,પણ પ્રમાણમાં હું એનો ભોગ બની નથી, કારણ એને અણગમતું ન થાય એનું પૂરેપૂરું ધ્યાન રાખ્યું છે, અને એ જ છે શિસ્ત! જે આજ સુધી બધી મર્યાદાઓનું જતન કરી રહી છે, અને આવનારી પેઢી એટલે સંતાનો સુધી વહન થઈ શકી છે. દરેકે દરેક સંતાન એ પોતાના માતા-પિતાને મહત્વ આપવું જોઈએ, અને પોતાના ઉછેર માટે તેમણે કરેલા ત્યાગ બલિદાનની મહત્તા સમજી, તેને કાયમ વંદન કરવા જોઈએ. છતાં સમયનો અભાવ હોય, સાથે ન રહેતાં હોઈએ, કે પછી અન્ય કોઈ કારણ હોય, તો આ રીતે તેમના જીવનને સ્પેશિયલ બનાવવાનો મોકો વારંવાર મળશે નહીં, એ યાદ રાખી આજે એમનું જીવન વ્યર્થ નથી ગયું, તેઓ પણ કોઈની માટે ખાસ છે! આદર્શ છે! તેવું જતાવી આજે તેમને એક અનોખી ભેટ આપવી. મારે તો આ રીતે, એમને આજે યાદ કરી, અને આત્મસાત કરેલા તેમના ગુણો, તથા સંસ્કારોનું વહન કરી, તેમને શ્રદ્ધાંજલિ આપવાની છે. પણ પિતા જેવું ઉચ્ચ ચરિત્ર બનાવવાનો કાયમ પ્રયત્ન થવો જરૂરી છે, અને એની મુક સંવેદના આજીવન જીવંત રાખવાનો સંકલ્પ પૂરો કરી શકીએ તોય ઘણું. પિતૃદેવો ભવઃ.

**કાગડાની જેમ ચતુર, બગલા જેવું ધ્યાન, શ્વાન જેવી નિદ્રા તથા અલ્પહારી ગૃહ ત્યાગી, વિદ્યાર્થીમાં આ પાંચ લક્ષણ હોવા જોઈએ**

# ભૂતકાળની વાતો ભૂલી જાઓ-વિષ્યનનો વિચાર કરી સુધારી જાઓ, જે વર્તમાનની અવગણના કરે છે તે બધું ગુમાવે છે



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા (દરબાર ગઢ, થરા)

**વાસ્તવમાં, "બીટી તાહી બિસાર દે,આગે કી સુધી લે"એ માત્ર એક કહેવત નથી, પરંતુ તે સમગ્ર મનુષ્ય માટે જીવન જીવવા માટેનો ખૂબ જ ઊંડો, અર્થપૂર્ણ અને મૂલ્યવાન સંદેશ પણ છે, આનાથી પ્રેરાઈને માનવ જીવન ભૂતકાળને ભૂલીને વર્તમાનનો પાયો નાખીને ભવિષ્યનું નિર્માણ કરે છે**

ગઈકાલની અને આજની લેખમાળાના મણકામાં યુવાધનને સ્પર્શે તેવી વાતો કરવાનો વિચાર આવ્યો અને આજના મોબાઈલ ઈન્ટરનેટ યુગનો યુવા ભાઈ બહેનો સારો ઊપયોગ કરે તો તે પોતાના ભવિષ્યને ઉજ્જ્વળ બનાવી શકે છે પણ આજનું યુવાધન મોબાઈલ ઈન્ટરનેટને તેમના મોજશોખ અને ટાઈમ પાસ નહી ટાઈમ બરબાદી માટેનું માધ્યમ બનાવી દીધું છે.કાગડાની જેમ ચતુર, બગલા જેવું ધ્યાન,શ્વાન જેવી નિદ્રા તથા અલ્પહારી ગૃહ ત્યાગી, વિદ્યાર્થીમાં આ પાંચ લક્ષણ હોવા જોઈએ.ગત વર્ષે પરિણામમાં કોઈ ક્ષતિ રહી ગઈ હોય તેને ભૂલી જઈ ભવિષ્યમાં ન થાય તેની કાળજી રાખો આજનો લેખ સૌ માટે પ્રેરણા દાયક બની રહે તેવી આશા, "ભૂતકાળને ભુલી જાઓ તેનો શોક ન કરવો જોઈએ,અને ભવિષ્યમાં શું થશે તેની ચિંતા ન કરવી જોઈએ જેઓ અસાધારણ લોકો છે તેથી, દરેક વ્યક્તિએ વર્તમાનનો સારો ઉપયોગ કરવો જોઈએ, કારણ કે આપણી પાસે કોઈ ભાર નથી ભૂતકાળ અને ભવિષ્ય પર."આચાર્ય ચાણક્ય. વાસ્તવમાં, "બીટી તાહી બિસાર દે,આગે કી સુધી લે"એ માત્ર એક કહેવત નથી,પરંતુ તે સમગ્ર મનુષ્ય માટે જીવન જીવવા માટેનો ખૂબ જ ઊંડો, અર્થપૂર્ણ અને મૂલ્યવાન સંદેશ પણ છે. આનાથી પ્રેરાઈને માનવ જીવન ભૂતકાળને ભૂલીને વર્તમાનનો પાયો નાખીને ભવિષ્યનું નિર્માણ કરે છે. તેથી, ભવિષ્યનું નિર્માણ કરવા માટે,માણસે ભૂત કાળમાંથી શીખવું જોઈએ, તેણે વાસ્તવિકતાના આધારે તમામ પ્રયત્નો કરવા જોઈએ, સત્ય એ છે કે ભૂતકાળ મરી ગયો છે. વાસ્તવિકતા જીવંત છે, જ્યારે કલ્પનાની દુનિયા વાસ્તવિકતાને નષ્ટ કરવાનું કામ કરે છે." 'ભૂતકાળને ભૂલી જા ભવિષ્યને સુધારી લે આમાં સમાયેલ અજોડ શક્તિનો રત્ન જેવો અવાજ, ભૂતકાળ, વર્તમાન અને ભવિષ્યને સુવ્યવસ્થિત સંચાલન તરફ માર્ગદર્શન આપે છે. ત્રણેયમાંથી તે ચોક્કસપણે સૂચવે છે કે આપણે ભૂતકાળને ભૂલી જવું જોઈએ તે સાચું લાગે છે, તેથી વિસ્મૃતિ એ આપણા ધાર્મિક ગ્રંથોમાં ' આગળ ની બાજી સુધારી લે' શબ્દનો એક પ્રકાર છે. ભવિષ્યના કલ્યાણ નો સંકેત આપે છે આ દષ્ટિકોણ થી, ભૂતકાળ માટે પસ્તાવો જ નુકસાન પહોંચાડે છે.કવિ તુલસીદાસજીએ સ્પષ્ટ લખ્યું છેખેતીનો પાક સુકાઈ જાય પછી વરસાદ આવે શું થાય પછી, પસ્તાવો, રડવું વગેરે નકામું છે, તમે ગમે તેટલો પસ્તાવો કરો,કોઈ ફાયદો નથી સમયનીગતિ તે પ્રમાણે વર્તવું અને આગળવધવું એજ એક ભૂલનો પશ્ચાતાપ કરીને આ ત્રણેયથી ઉપર ઊઠવાનો સંપૂર્ણ સંદેશ ભગવાન શ્રી કૃષ્ણ આપણને ચોક્કસપણે બતાવે છે શાણપણ ની સ્થિતિ (સ્થિર અથવા કાયમી બુદ્ધિ)આપવામાં આવે છે ' ભુલકણ' એ નકારાત્મક ઘટનાઓ અને આવા અન્ય દશ્યોના અંધકારમય ઓરડામાંથી બહાર આવવાનું અને પ્રકાશના નવા ગંતવ્યની શોધનું સ્વરૂપ છે, આ માટે માત્ર શ્રેષ્ઠ વિચાર કરવામાં આવે છે. -જીવનમાં ધ્યાન, યોગ, પ્રાણાયામ અને સક્રિયતાના નવા આયામ શરૂ કરવા જોઈએ. આ સંદર્ભમાં એક વિદ્વાને સાચું જ કહ્યું છે કે ભૂતકાળએ ભવિષ્યની પ્રયોગશાળા છે. વર્તમાન એ ભૂતકાળની આપણી ખામીઓ અને ભૂલોમાંથી શીખવાનું અને ભવિષ્યમાં તેનું પુનરાવર્તન ન કરવાનું પ્લેટફોર્મ છે. આ વાત પર નિશાન સાધતા 'કહલીલ જિબ્રાને' ખૂબ જ સચોટ રીતે કહ્યું છે કે, 'ગઈકાલ આજની સ્મૃતિ છે અને આવતીકાલ આજનું સ્વપ્ન છે. તેથી, આપણી પાસે વર્તમાન છે, તેથી,આ સમયની દરેક ક્ષણનો શ્રેષ્ઠ ઉપયોગ કરો અને પરમંજલ સાથે વિતાવો જે સમય ચિંતામાં વિતાવ્યો, ચમક્યો, ડસ્ટબીનમાં ગયો,અને જે સમય ચિવનમાં વિતાવ્યો. , સમજો કે તે ખૂબ જ સુંદર તિજોરીમાં સંગ્રહિત છે આ સમય અપાર સંપત્તિનો છે. સુતિ એ શોભાનું અનુપમ મોતી છે અને અમૃતસમાન જીવન રક્ષકછે,જેના દ્વારા આપણે માનવ જીવનને ઉંચાઈએ ઉંચું કરી શકીએ છીએ. 'માર્કટ્વેઈને'કહ્યુંકે આપણેજોઈએ ઉપયોગીતા અને તીવ્રતાના અંતિમ અર્થને ધ્યાનમાં રાખીને, નીચેની પંક્તિઓ સૂચવવામાં આવી હતી "કાલે કરશો તો આજે કરો,આજે કરશો તો પળવારમાં કયામત આવશે, કબીરદાસજીએ સમયનું મહત્વ ચોક્કસપણે દર્શાવ્યું છે. 'ગઈકાલ'થી 'હવે' સુધીની સફર અને સમયની ઘાતક અસરને ખૂબ સારી રીતે વર્ણવવામાં આવી છે. ક્ષણે ક્ષણે સમયનો સદુપયોગ કરવો એ જીવનની વાસ્તવિકતાનો સાર છે.ભવિષ્યની ચિંતામાં આજ ની આ ક્ષણને વેડફી નાખવીએટલે ચિંતિત થવું કે ચિંતાની પકડમાં ફસાઈ જવું એ આત્મવિનાશનો મજબૂત માર્ગ છે.આ વિનાશમાંથી મુક્તિ ખૂબ જ મહત્વપૂર્ણ છે. તમારી બધી શક્તિ, ચેતના અને ક્ષમતાને આ ક્ષણ માટે સમર્પિત કરવાની, ક્ષણની વ્યક્તિ બનવાની જરૂર છે. ચિંતાઓ કે ડર એ જ રીતે અદૃશ્ય થઈ જશે. મહાત્મા ગાંધીજીએ આને લગતું મહત્વનું નિવેદન કહ્યું છે. 'સૈનિક ક્યારે ચિંતા કરે છે કે તેના પછી તેના કામનું શું થશે?તે ફક્ત તેની વર્તમાન ફરજો વિશે જ વિચારે છે ચિંતાના તમામ કારણોનું પૃથ્થ કરણ કરતાં જાણવા મળે છે કે ચિંતાનું કારણ મનમાં બેઠેલો એક કાલ્પનિક'ડર' છે,જે બિલકુલ વાસ્તવિક નથી, આપણને 'અશુભ વિચારવાની આદત પડી ગઈ છે આપણે ભાગેડુ બની ગયા છીએ. આપણે કાયર બની ગયા છીએ, વગેરે જે લોકો વર્તમાનનો સામનો કરી શકતા નથી, ભૂતકાળને ભૂલી જવા માંગે છે,તેઓ કાયર છે.આ મુદ્દાને લક્ષ્ય માં રાખીને,ડો. રંગેય રાઘવે સ્પષ્ટ પણે લખ્યું છે કે-જે ભૂતકાળના કપટથી ગાફેલ રહે છે તે કાયર છે.વર્તમાનની ભયંકર અગ્નિમાં બળી ગયા પછી તે પાછો વળે છે.તે સ્પષ્ટ છેકે જેઓ ભવિષ્યના દ્રષ્ટિકોણથી પ્રેરિત વર્તમાનમાંથી છટકી જાય છે,તેઓ વાસ્તવિક જીવન જીવવાને બદલે માત્ર ટકી રહેવાની આશા રાખે છે. પરિણામે, આવા લોકો ક્યારેય વર્તમાનને લક્ષ્યમાં રાખતા નથી, તેઓ ચોક્કસપણે જીવનના સાચા આનંદથી વંચિત રહે છેકે 'ભવિષ્ય વર્તમાન દ્વારા ખરીદવામાં આવે છે.પ્રખ્યાત ચિંતક 'શિલ્ટ'એ પણ કહ્યું છે કે જે વર્તમાનની અવગણના કરે છે તે બધું ગુમાવે છે. આપણે સંપૂર્ણ રીતે જાણવું જોઈએ કે ભવિષ્ય ફક્ત આપણા વર્તમાન દ્વારા જ બનાવી શકાય છે, ભવિષ્યના સંબંધમાં એક સારી અંગ્રેજી કહેવત છે-વર્તમાનની કાળજી લો અને ભવિષ્ય પોતાની સંભાળ લેશે.અર્થ,વર્તમાનનીચિંતા કરો,ભવિષ્ય પોતાનું સંભાળ લેશે. ભવિષ્ય તરત જ આવી રહ્યું છે, તે આપણા દરવાજા ખટખટાવી રહ્યું છે. એક પ્રાચીન દેશના એક મહાન વિદ્વાન હંમેશા ભગવાનને પ્રાર્થના કરતા-હે! ભગવાન,કૃપા કરીને મને એવી શક્તિ આપો કે હું આવતીકાલની આંખો દ્વારા આજે જોઈ શકું, દરેક કાર્ય કરતી વખતે આપણે વિચારવું જોઈએ કે તેની આપણી આવતીકાલ અને આપણા ભવિષ્ય પર શું અસર થશે.તેથી,ભવિષ્યના સ્વસ્થ સ્વભાવ વિશે સંપૂર્ણ વિશ્વાસ રાખવા માટે, આપણે વર્તમાનમાં જ પાયો નાખવો પડશે. 'સેમ્યુઅલ જોન્સન'એ ખૂબ જ સ્પષ્ટ કહ્યું છે ભવિષ્ય વર્તમાન દ્વારા ખરીદવામાં આવે છે." વર્તમાનમાં આપણે કરેલા અપ્રિય કાર્યોના આધારે સુખી ભવિષ્યની આશા રાખવી યોગ્ય નથી. જેમ બાવળ રોપીને અને રસદાર કેરીની આશા રાખવાથી નિરાશા મળે. બાવળ તમને કડવા પૈડીયા અને અણીદાર કાંટાનો અનુભવ થશે, સત્યમાં આપણે વાસ્તવિકતામાં જ જીવવું જોઈએ ચિંતા આપણ ને સજાગ રાખે છે અને આપણી અંદર ફરજની ભાવના વારંવાર જાગૃત કરે છે. આપણા મનની ચિંતાઓ સામાન્ય રીતે વર્તમાન ક્ષણ વિશે નથી, પરંતુ ભૂતકાળની કેટલીક ઘટનાઓ વિશે અથવા ભવિષ્યની છુપાયેલી અજાણી વસ્તુઓ વિશે છે.આ બે સમયની ચિંતાઓ આપણી આંતરિક શક્તિ નો નાશ કરે છે અને આપણને એટલી હદે નિર્બળ બનાવી દે છે કે આપણે આપણા વર્તમાન સમયને સંપૂર્ણ રીતે નષ્ટ કરી દઈએ છીએ અને દુઃખના પ્રબળ પ્રવાહમાં લીન થઈ જઈએ છીએ.જ્યાં માત્ર દર્દ અને વેદનાથી લોકો જ રડી રહ્યા છે. તમારે તમારા ભૂતકાળ પર સ્ટીલનો દરવાજો નિશ્ચિતપણે મૂકવો જોઈએ. નહિંતર, ભૂતકાળની ચિંતાઓ જો મન પર બોજ બની રહેશે,તો આપણે ચોક્કસ પણે વર્તમાનને સરળતાથી ગુમાવીશું. બીજીબાજુ, જો આપણે આજે અને આ સમય ગઈકાલે વિતાવીશું, તો આપણે ચોક્કસપણે આજની સુંદર સિદ્ધિઓથી પોતાને શણગારીશું,એક સમયે,આ ભૂતકાળથી સંબંધિત, ભગવાન બુદ્ધના ઉપદેશોથી ક્રોધિત વ્યક્તિ, જ્યારે તેના ક્રોધ શાંત થયો,જ્યારે તેના દુષ્કર્મ માટે પસ્તાવાની આગ સળગવા લાગી,ત્યારે તે બુદ્ધની શોધમાં તે જ જગ્યાએ પહોંચ્યો, જો કે તે અન્ય ગામોમાં પહોંચી ગયો હતો, છતાં તે બુદ્ધના પગમાં પડ્યો જ્યાં તે ઉપદેશ આપી રહ્યો હતો અને ભીખ માંગવા લાગ્યો.

# સવારે રોજ તુલસીના પાનનું સેવન કરવાથી થશે ફાયદા



ભારતમાં તુલસીને શુદ્ધ અને ખૂબ જ પવિત્ર છોડ માનવામાં આવે છે અને આજકાલ તેનો ઉપયોગ ચા, સલાડ, ચટણી વગેરેમાં થાય છે. તુલસી માત્ર ભોજનને સ્વાદિષ્ટ અને સુગંધિત જ નથી બનાવતી, તેના ઘણા સ્વાસ્થ્ય લાભો પણ છે.તુલસીને ઘણા ફાયદાઓ સાથે ઔષધિ તરીકે ઓળખવામાં આવે છે. વર્તમાનની વાત કરીએ તો આજે પણ તુલસી એક અસરકારક ઘરગથ્થુ ઉપચાર તરીકે ઓળખાય છે.હિંદુ ધર્મમાં તુલસીનું ઘણું મહત્વ છે. તે "ઔષધિઓની રાણી" તરીકે પણ ઓળખાય છે. હિંદુ ધર્મમાં તેને દેવી તરીકે પૂજવામાં આવે છે. આયુર્વેદમાં હજારો વર્ષોથી તેનો ઉપયોગ કરવામાં આવે છે, જે ઘણા રોગોના ઈલાજમાં ઉપયોગી થઈ શકે છે. તો ચાલો જાણીએ કે રોજ તુલસીના પાનનું સેવન કેવી રીતે કરવું? તુલસી પ્રાચીન વિશ્વ તરિકે ઓળખાતા અને સમશિતોષ્ણ પ્રદેશોની મૂળ નિવાસી છે, અને તેનું વાવેતર બહોળા પ્રમાણમાં થાય છે, આ ઉપરાંત છુટા-છવાયા નિંદણ તરિકે પણ ઉગેલી જોવા મળે છે.ચઝૂ તુલસીનું વાવેતર ધાર્મિક અને આયુર્વેદિક ઉપયોગ મટે થાય છે, અને તેના સુગંધી-તેલ માટે પણ. દક્ષિણ એશિયામાં આ એક ઘરગથ્થુ ઓસડ તરીકે તથા હર્બલ ચા બનાવવા માટે વ્યાપક પ્રમાણમાં પ્રચલિત છે, આ ઉપરાંત આયુર્વેદમાં પણ બહોળા પ્રમાણમાં વપરાતી ઔષધિ છે. વળી વૈષ્ણવ સંપ્રદાયમાં તેનું ખૂબ મહત્ત્વ છે, જેમાં ભક્તો તુલસીના છોડની પુજા કરે છે અને તેના પાનનો ઉપ યોગ પણ અનેક પ્રકારે પુજાવિધિમાં થતો હોય છે.હિંદુ ધર્મમાં તુલસીનું ઘણું મહત્વ છે. તે "ઔષધિઓની રાણી" તરીકે પણ ઓળખાય છે. હિંદુ ધર્મમાં તેને દેવી તરીકે પૂજવામાં આવે છે. આયુર્વેદમાં હજારો વર્ષોથી તેનો ઉપયોગ કરવામાં આવે છે, જે ઘણા રોગોના ઈલાજમાં ઉપયોગી થઈ શકે છે. તો ચાલો જાણીએ કે રોજ તુલસીના પાનનું સેવન કેવી રીતે કરવું? તુલસીના પાંદડા બાળકોને ઉધરસ, શરદી અને ગળામાં ખરાશ જેવી સમસ્યાઓમાં રાહત અપાવવામાં ફાયદાકારક છે. આ માટે તુલસીના પાનનો ૧ ચમચી રસ લો, તેમાં લગભગ ૧ ચમચી મધ મિક્સ કરો અને તેનું સેવન કરો. તેનાથી સ્વાસ્થ્યને ફાયદો થશે. તુલસીના પાનને ખાલી પેટ ચાવવાથી પણ સ્વાસ્થ્ય માટે ફાયદાકારક સાબિત થઈ શકે છે. તેનું સેવન કરવા માટે તુલસીના નરમ પાન લો અને તેને ખાલી પેટ ચાવો.

# જંગલી રસગુલ્લા છે આ ફળ: આખા વર્ષમાં ખાલી બે મહિના જોવા મળશે, સાંધાનો દુખાવો મટાડી દેશે



પ્રકૃતિના ખોળામાં ઔષધિઓનો ભંડાર છુપાયેલો છે. બસ જરુર છે, તેને ઓળખવાની. વર્ષમાં બે મહિના એટલે કે મે અને જૂનમાં મળતા એક જંગલી ફળ આ જ શ્રેણીમાં આવે છે. આ ફળમાં જ નહીં પણ ઝાડમાં પણ ઔષધિય ગુણ હોય છે. આવો તેના વિશે જાણીએ. ગ્રામિણ વિસ્તાર હોય કે ગાઢ જંગલોમાં ઘણી વાર ગુંદાનું ઝાડ જોવા મળી જાય છે. આમ તો આ જંગલી ઝાડ છે, પણ તેના ફળ ખૂબ જ શાનદાર હોય છે. આયુર્વેદમાં આ આખા ઝાડને કેટલીય બીમારીઓ માટે રામબાણ દવા બનાવવામાં કામમાં આવે છે. ખાસ વાત એ છે કે મધ્ય પ્રદેશના અમુક વિસ્તારમાં તેને ફળોના રસગુલ્લા પણ કહેવાય છે. ગુંદા ફળ ગોંદી અને નિસોરાના નામથી પણ ત્યાં ઓળખાય છે. આંબળા જેવા દેખાતા આ ફળ સાંધાના દુખાવાને જડમૂળમાંથી ખતમ કરી નાખે છે. આયુર્વેદમાં ગુંદાને ખૂબ જ ઉપ યોગી માનવામાં આવે છે. તેના ઝાડની છાલ, ફળથી લઈને પત્તામાં પણ કેટલાય ઔષધિય ગુણો જોવા મળે છે. જે સ્વાસ્થ્ય માટે લાભકારી છે. ગુંદાના ઝાડ હવે ઓછા જોવા મળે છે. પણ તેનો આયુર્વેદમાં ખૂબ જ મોટો ફાળો છે. તેના પત્તાનો સ્વાદ પાનની માફક હોય છે, જે મોંનો સ્વાદ બદલી નાખશે. ગુંદાના ફળ જોવામાં એકદમ આંબળા જેવા દેખાય છે. પણ સ્વાદમાં તે ખાટા મીઠા હોય છે. તેમાં ફાઈબર, કેલ્શિયમ, કાર્બોહાઈડ્રેટ, વસા, આયરન, પ્રોટીન, ફોસ્ફોરસ જેવા પોષક તત્વો જોવા મળે છે. ડોક્ટર્સે આગળ જણાવ્યું છે કે, નાના એવા દેખાતા ગુંદાના ફળ પોષક તત્વોનો ભંડાર છે. કેટલીય બીમારીઓની તે દવા છે. તેના પત્તા અને લાકડાનો ઉપયોગ કેટલીય ઔષધિ બનાવવામાં થાય છે. એવું પણ માનવામાં આવે છે કે તેના લાકડાને ઘરમાં રાખવાથી શાંતિ રહે છે. આ ફળ કાચા હોય ત્યારે લીલા અને પાકી જતાં પીળા રંગના થઈ જાય છે. ગુંદાનાં ઝાડની અલગઅલગ ત્રણથી ચાર જાતો હોય છે, પરંતુ તેમાં બે મુખ્ય છે જેને હિંદી ભાષામાં લમેડા અને લસોડા કહેવામાં આવે છે. નાનાં ગુંદા અને મોટા ગુંદા એવાં નામથી પણ આ જાતો ખુબ પ્રસિદ્ધ છે. ગુંદાના ઝાડનું લાકડું અત્યંત ચિકણું અને મજબૂત હોય છે. ફળ દરેક વ્યક્તિ માટે ખુબ જ ફાયદાકારક બની રહે છે. દરેક ફળ માં અલગ અલગ ગુણધર્મો હોય છે, જેનાથી ઘણી બીમારી આપણા થી દૂર રહે છે, એટલા માટે હંમેશા ફળનું સેવન જરૂર કરવું જોઈએ. જેથી શરીર તંદુરસ્ત રહે અને સ્વસ્થ પણ રહી શકે. એમાં પ્રત્યેક વ્યક્તિ ને ઋતુ ના હિસાબે ફળો નું સેવન જરૂર થી કરવું જોઈએ.


# શરીરની કમજોરી દૂર કરશે આ સફેદ ફૂલ, અનિંદ્રા, બવાસીરની સારવાર માટે પણ છે ખૂબ ફાયદાકારક



શરીરની કમજોરી દૂર કરશે આ સફેદ ફૂલ, અનિંદ્રા, બવાસીરની સારવાર માટે છે ફાયદાકારક, શતાવરીનો ઉપયોગ અનેક પ્રકારની દવાઓ બનાવવામાં કરવામાં આવે છે. શતાવરી બવાસીર, અનિંદ્રા, સગર્ભા સ્ત્રીની સારવાર, શ્વાસને લગતા રોગો તથા નબળાઈ દૂર કરવા ફાયદાકારક છે. અત્યંત દુર્લભ છોડની યાદીમાં શતાવરીના છોડનો સમાવેશ થાય છે. શતાવરીના છોડનું વાવેતર પણ શક્ય છે. તેની ખેતી માટે લાલ લોમ અને કાળી માટીવાળી જમીન જરૂરી છે. તે વેલા અથવા ઝાડના સ્વરૂપમાં જ વિકાસે છે. તેના વેલા ચારે બાજુ ફેલાય છે. આયુર્વેદિક ડોક્ટર કિશન લાલે લોકલ ૧૮ને જણાવ્યું કે, શતાવરીનાં છોડ પર સફેદ ફૂલો ઉગે છે. આ ફૂલ ખૂબ જ સુંદર હોય છે. તેની સુગંધ પણ સારી હોય છે. તેનો ઉપયોગ અનેક પ્રકારની દવાઓ બનાવવામાં કરવામાં આવે છે. શતાવરીનો ઉપયોગ બવાસીર, અનિંદ્રા, સગર્ભા સ્ત્રીની સારવાર, શ્વાસને લગતા રોગો તથા નબળાઈ દૂર કરવા માટે થાય છે. વિવિધ રોગોની સારવારમાં થાય છે. શતાવરીના છોડની ખેતી પણ કરી શકાય છે. જૂન-જુલાઈ મહિનામાં ચોમાસાના વરસાદ દરમિયાન તેનું વાવેતર કરવામાં આવે છે. શતાવરીનો છોડ મુખ્યત્વે હિમાલય પ્રદેશમાં જોવા મળે છે. શતાવરીનો ઉપયોગ આયુર્વેદમાં ઘણા વર્ષોથી અલગ અલગ રીતે કરવામાં આવે છે. આ છોડમાંથી બનેલી દવાઓનો ઉપયોગ કરતા પહેલા તેની યોગ્ય માત્રા, પદ્ધતિ અને ઉપયોગની પદ્ધતિઓ વિશે જાણવું ખૂબ જ જરૂરી છે. શતાવરીના છોડ ભારતમાં બધે જ થાય છે. તેના છોડ ત્રણથી ચાર ફુટ ઉંચા, પાન શરુ જેવાં બારીક અને ડાળીના મુળ પાસેથી છેડા સુધી બંને બાજુએ સરખાં હોય છે. શતાવરીને નાનાં સફેદ સુગંધી ફુલોનાં ઝુમખાં આવે છે. છોડને કાંટા હોય છે. ડાળીની એક બાજુએ એક એક કાંટો હોવાથી એને એકલકંટી પણ કહે છે. તેને ચણી બોર જેવાં ફળો આવે છે. પાક્યા પછી તે લાલ રંગનાં થાય છે. શતાવરીનાં મુળ સુતરના તાંતણા એકઠા કરીને બાંધી રાખ્યા હોય એવાં ઝુમખા રુપે હોય છે. તેનાં મુળને ફીક્કાશ પડતી લાલ-પીળા રંગની છાલ હોય છે. એ છાલ કાઢતાં અંદર ધોળા રંગનો ગાભો અને વચ્ચે દોરા જેવું દેખાય છે. શતાવરીનાં મુળ લીલાં હોય ત્યારે સુકવવામાં આવે છે. આ મુળને જ શતાવરી કહે છે.

### બદલાતી લાઇફસ્ટાઇલની સાથે વર્ક કલ્ચર પણ બદલાય છે

# ઘડપણમાં પણ નંબરના ચશ્મા નહીં પહેરવા પડે!



આંખનું સ્વાસ્થ્ય સારું રહે તેના માટે જરૂરી છે કે આપણા ડાયેટમાં ભરપૂર માત્રામાં ન્યુટ્રિશન જેવા કે ઝિંક, તાંબુ, વિટામિન સી, વિટામિન ઈ અને બીટા કેરાટિન, ઓમેગા-૩ ફેટી એસિડ, લ્યુટિન અને જેક્સેંથિન વગેરે હોય. અહીં અમે જણાવી રહ્યાં છીએ કે શું ખાવાથી આંખની હેલ્થને વૃદ્ધાવસ્થા સુધી સારી રાખી શકાય. બદલાતી લાઈફસ્ટાઈલની સાથે વર્ક કલ્ચર પણ બદલાય છે અને લોકોને લાંબા સમય સુધી સ્ક્રીનની સામે કલાકો સુધી બેસીને કામ કરવું પડે છે. જેના કારણે તેમના સ્વાસ્થ્યની સાથે-સાથે આંખ પર પણ ખરાબ અસર પડે છે. તેવામાં જો તમે તમારી આંખને બચાવીને રાખવા માગતા હોય અને તેને લાંબી ઉંમર સુધી હેલ્ધી રાખવા માગતા હોય તો ડાયેટમાં આ ખાસ વસ્તુઓને સામેલ કરો. ફિશઃ મેડિકલ ન્યુઝ ટુડે અનુસાર, જો તમે તમારા ડાયેટમાં ફિશને સામેલ કરશો તો તેમાં રહેલું ઓમેગા-૩ ફેટી એસિડ આંખોને હેલ્ધી રાખવામાં મદદ કરી શકે છે. નટ્સ અને દાળઃ અનેક પ્રકારના નટ્સ તમે ડાયેટમાં સામેલ કરશો તો તેમાં રહેલું વિટામિન ઈ, આંખો પર ઉંમરની અસરને ઘટાડવાનું કામ કરે છે. તેના માટે તમે બ્રાઝીલ નટ્સ, કાજૂ, મગફળી, દાળ વગેરે રોજ ખાવ. બીજઃ નટ્સ અને દાળની સાથે-સાથે અનેક પ્રકારની બીજ પણ આંખોની રોશની વધારવા અને હેલ્ધી રાખવામાં મદદ કરે છે. તેના માટે તમે ચિયા સીડ, ફ્લેક્સ સીડ, હેમ્પ સીડ વગેરેને ડાયેટમાં સામેલ કરો. તેમાં પણ વિટામિન ઈ અને ઓમેગા-૩ ભરપૂર માત્રામાં હોય છે. ખાટા ફળઃ ખાટા ફળ જેમ કે નારંગી, લીંબુ વગેરેમાં ભરપૂર માત્રામાં વિટામિન ઈ, વિટામિન સી, એન્ટી ઓક્સિડેન્ટ વગેરે હોય છે જે આંખોને ડેમેજ થવાથી બચાવે છે. લીલા પાંદડાવાળા શાકભાજીઃ તેમાં ભરપૂર માત્રામાં લ્યુટિન અને જેક્સેંથિન તથા આંખોને અનુકૂળ વિટામિન સી હોય છે. તેને તમે ડેઈલી ડાયેટમાં જરૂર સામેલ કરો. ગાજરઃ ગાજરમાં ભરપૂર માત્રામાં વિટામિન એ અને બીટા કેરોટીન હોય છે. તે આંખોમાં રહેલા પ્રોટીનને હેલ્ધી રાખવાનું કામ કરે છે જે રેટિનાને લાઈટના અવશોષણમાં મદદ કરે છે. શક્કરિયાઃ ગાજરની જેમ જ શક્કરિયામાં પણ ભરપૂર માત્રામાં વિટામિન એ અને બીટા કેરોટીન હોય છે. તેમાં આંખોને હેલ્ધી રાખનારા ઘણા એન્ટીઓક્સિડેંટ હોય છે.

## BOLLYWOOD NEWS FLASH



નેટફ્લિક્સે કપિલ શર્માના શોને માત્ર ૧૩ એપિસોડ સુધી મર્યાદિત કરી દીધો છે

# ઠંડા પ્રતિસાદને કારણે કપિલ શર્માનો શો બંધ થવાનું જોખમ?




ભારતીય ટીવીના સૌથી લોકપ્રિય કોમેડિયનોમાંના એક કપિલ શર્મા છેલ્લા ઘણા વર્ષોથી લોકોને હાસ્યથી ભરપૂર મનોરંજન પીરસી રહ્યા છે. થોડા સમય પહેલા, જ્યારે એવી જાહેરાત કરવામાં આવી હતી કે કપિલ શર્માનો શો હવે ઓટીટી પ્લેટફોર્મ નેટફ્લિક્સ પર આવશે અને તેનો શો ૧૯૦ થી વધુ દેશોમાં જોવા મળશે, તેના ચાહકો ખૂબ જ ખુશ હતા. નેટફ્લિક્સ પર 'ધ ગ્રેટ ઈન્ડિયન કપિલ શો'નું આગમન તેમના મનપસંદ કોમેડિયનને આંતરરાષ્ટ્રીય મંચ પર જોવા જેવું હતું. પરંતુ તાજેતરમાં જ્યારે સમાચાર આવ્યા કે નેટફ્લિક્સે કપિલ શર્મા શોને ફક્ત ૧૩ એપિસોડ સુધી મર્યાદિત કર્યો છે અને તેને લંબાવવાની યોજના હાલમાં હોલ્ડ પર છે, ત્યારે કપિલના ચાહકો ટેન્શનમાં આવી ગયા. જોકે, નેટફ્લિક્સ અને શોની ટીમે દાવો કર્યો છે કે શરૂઆતથી જ આ શોની પ્રથમ સિઝન માટે ૧૩ એપિસોડની યોજના હતી. પરંતુ ઘણા અહેવાલો કહી રહ્યા છે કે મૂળ યોજનાઓની તુલનામાં શોને ટૂંકો કરવામાં આવ્યો છે કારણ કે નેટફ્લિક્સ તેને લોકો તરફથી મળી રહેલા પ્રતિસાદથી ખુશ નથી. પીપિંગ મૂનના એક અહેવાલ અનુસાર, નેટફ્લિક્સની વ્યૂહરચના કપિલ શર્માના શો દ્વારા નાના શહેરો અને નગરોમાં તેના ચાહકોને તેના પ્લેટફોર્મ પર લાવવાની હતી. પરંતુ 'ધ ગ્રેટ ઈન્ડિયન કપિલ શો' આમાં સફળ ન થઈ શક્યો. તેથી શોને ટૂંકો કરવામાં આવ્યો છે. રિપોર્ટમાં જણાવાયું છે કે પહેલા એપિસોડમાં રણબીર કપૂર, તેની માતા નીતુ કપૂર અને બહેન રિદ્ધિમા કપૂરના ગેસ્ટ અપીયરન્સ સાથે, કપિલનો શો નેટફ્લિક્સની નોન-અંગ્રેજી કેટેગરીમાં ત્રીજા નંબરે આવ્યો હતો. પરંતુ બે મહિનામાં આ એકમાત્ર સમય હતો જ્યારે આ શો નોન-અંગ્રેજી કેટેગરીમાં ટોપ ૩માં રહ્યો હતો. આ પછી, દર શનિવારે નવા એપિસોડ આવતા હોવા છતાં.

### જુલાઈ ૨૦૨૪માં તેમના ભવ્ય લગ્નનું આયોજન

# રાધિકાના ગાઉનમાં લખેલી અનંતની લાગણીઓ, કોણે બનાવ્યું આ ગાઉન?

**રાધિકાએ ક્રૂઝ પાર્ટીની ઈવેન્ટમાં અનોખો કસ્ટમાઈઝ્ડ ગાઉન પહેર્યો હતો, તે રોબર્ટ વુન દ્વારા ડિઝાઇન કરવામાં આવી હતી**

લારા દત્તા હવે 'રનનીતિ'માં જોવા મળશે, જે એક પોલિટિકલ સ્ટોરી છે. પોતાના જીવનમાં બોલિવુડ પોલિટિક્સની અસર વિશે તેણે જણાવ્યું કે, "દરેક ઈન્ડસ્ટ્રીના પોતાના પોલિટિક્સ હોય છે, તેમાં કેટલાકનો તમારે કોઈને કોઈ રીતે સામનો પણ કરવો પડે છે. જો હું એવું કહું કે મારી સફર બહુ સરળ રહી છે અને બધું બહુ સારું જ રહ્યું છે તો એ જૂઠું કહેવાશે. પણ જો હું ભૂતકાળ યાદ કરું તો તેનાથી મારી કૅરિઅરમાં, વ્યક્તિત્વમાં કે હું જે છું તેમાં કોઈ ફરક પડ્યો નથી. ક્યારેક મને ખરાબ લાગ્યું હશે, પરંતુ પછી જ્યારે બોલિવુડમાં ઘટતાં ગ્લેમરના મહત્વ વિશે લારાએ કહ્યું કે, "એવું પણ નહોતું કે બધું જ ગ્લેમરસ હતું અને જો હોય તો તેને દૂર કરવાના કોઈ ચોક્કસ પ્રયત્નો પણ થતાં નહોતાં. જ્યારે માત્ર મોટા પડદાં પર જ ફિલ્મો જોવાતી અને ઓટીટી પ્લેટફોર્મ નહોતાં ત્યારે એવા પૂરતાં પાત્રો જ નહોતાં કે જેમાં ગ્લેમરને એક બાજુ મુકી શકાય. છેલ્લા ચાર વર્ષમાં એ વિચારધારા મહદંશે બદલાઈ ગઈ છે." જ્યારે તેની આગામી સીરિઝ 'રણનીતિ' વિશે લારાએ જણાવ્યું કે, "મનિષા સેહગલ એક બહુ પ્રતિભાવાન અને પ્રભાવશાળી મહિલા છે. જોકે, તેના પાત્રની તાકાત બતાવવામા માટે તેનું ગ્લેમર ઘડાડવાની કોશિશ થઈ નથી. મને લાગે છે કે એ જડ માન્યતા અને વિચારધારામાંથી આપણે ધીરે ધીરે બહાર આવી રહ્યા છીએ. આજે પડદા પર મહિલાઓનાં પ્રતિનિધિત્વની વાત કરીએ તો આજે બહુ સર્વસમાવેશી અભિગમ જોવા મળે છે."



કઈ રીતે હિરોઈનના જીવન પર ઉંમરની અસર થાય છે કે નહીં તે અંગે લારાએ જણાવ્યું કે, "એ જેટલું સુંદર છે એટલું જ ડરામણું પણ છે. દરેક મહિલા માટે તેના ફાયદા અને ગેર ફાયદા છે. એવા દિવસો હશે જ્યારે તમે તમારી જાતને અરીસામાં જોશો અને તમે કહેશો, 'હે ભગવાન, મારી ઉંમર વધવા લાગી છે.' તમે એક દિવસ ઉઠો અને તમને લાગશે કે, 'હવે મારું શરીર બહુ ઘરડું લાગે છે.' પરંતુ તેમાં પણ સુંદરતા છે. હું માનું છું કે તમે તમારી જાતને જેવી છે તેવી જ સ્વીકારી લો છો તો તમે અલગ ળીડમનો અનુભવ કરો છો. બધી જ બેકાર વાતો બાજુએ રહી જાય છે. બીજા લોકો શું કહેશે તે અંગે તમારે જરા પણ ચિંતા કરવાની જરૂર નથી. જેમ તમારી ઉંમર વધે છે તેમ તમારામાં શાંતિ અને એકાગ્રતા વધતાં જાય છે. તમે તમારી જાતને વધુ સારી રીતે ઓળખવા માંડશો. મને લાગે છે કે બધું જ તમે કેવો અભિગમ રાખો છો તેના પર આધાર રાખે છે."

**'જીગ્રા'ને મળી રિલીઝ ડેટ**

**ઈન્સ્ટાગ્રામ પર એક પોસ્ટ શેર કરી અને તેની નવી રિલીઝ ડેટ જાહેર કરી**

# જુનિયર એનટીઆરની 'દેવરા' સાથે થશે ટક્કર




આલિયા ભટ્ટની બહુપ્રતિક્ષિત ફિલ્મ જીગરા મોકૂફ રાખવામાં આવી છે. આલિયાએ તેના ઈન્સ્ટાગ્રામ પર એક પોસ્ટ શેર કરી અને તેની નવી રિલીઝ ડેટ જાહેર કરી. આલિયાએ લખ્યું- ૧૧.૧૦.૨૦૨૪ જીગરા. મૂવીઝમાં મળીશું. જીગરા હવે ૧૧ ઓક્ટોબર ૨૦૨૪ના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થશે. આ વર્ષે બોલિવૂડ કેલેન્ડરમાં ઘણી મોટી ફિલ્મોની રિલીઝ ડેટ ચિહ્નિત કરવામાં આવી છે. પરંતુ એક પછી એક દરેકની તારીખો બદલાઈ રહી છે. તાજેતરમાં, અજય દેવગણે સિંઘમ અગેઈનની રિલીઝ મોકૂફ રાખી હતી, જ્યારે હવે આલિયા ભટ્ટની જીગરાને નવી રિલીઝ ડેટ મળી છે. આલિયાએ તેના ઈન્સ્ટાગ્રામ પર આ માહિતી આપી હતી. આલિયા ભટ્ટની બહુપ્રતિક્ષિત ફિલ્મ જીગરા મોકૂફ રાખવામાં આવી છે. આલિયાએ તેના ઈન્સ્ટાગ્રામ પર એક પોસ્ટ શેર કરી અને તેની નવી રિલીઝ ડેટ જાહેર કરી. આલિયાએ લખ્યું- ૧૧.૧૦.૨૦૨૪ જીગરા. મૂવીઝમાં મળીશું. જીગરા હવે ૧૧ ઓક્ટોબર ૨૦૨૪ના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થશે. જીગરાના નિર્દેશનની કમાન વાસણ બાલાના હાથમાં છે. કરણ જોહર અને આલિયા ભટ્ટ મળીને તેને પ્રોડ્યુસ કરી રહ્યા છે. આ ફિલ્મમાં આલિયા સાથે વેદાંગ રૈના પણ મુખ્ય ભૂમિકામાં જોવા મળશે. જ્યારથી આલિયાએ એનિમેટેડ મોશન પોસ્ટર દ્વારા ફિલ્મની જાહેરાત કરી છે. ત્યારથી ફેન્સ તેના માટે ઉત્સાહિત હતા. પરંતુ હવે તેની રીલિઝ ડેટ મોકૂફ રાખવામાં આવી હોવાથી દર્શકોએ ચાર મહિના રાહ જોવી પડશે. જોકે, એવું માનવામાં આવે છે કે આલિયા-કરણે જીગરાની તારીખ ૨૭મી સપ્ટેમ્બરથી બદલીને ૧૧મી ઑક્ટોબર કરી છે જેથી તે જુનિયર એનટીઆરની ફિલ્મ દેવરા સાથે ટકરાઈ ન જાય. કારણ કે જિગરાની રિલીઝ ડેટ દેવરાની રિલીઝ ડેટની થોડી જ મિનિટો બાદ આવી છે. આ ફિલ્મ સાથે કરણ જોહર પણ જોડાયેલો છે. જુનિયર એનટીઆરની ફિલ્મ દેવરામાં સૈફ અલી ખાન અને જ્હાન્વી કપૂર પણ ખૂબ જ મહત્વની ભૂમિકામાં છે.



### આઈ.ટી.આઈ. કુબેરનગર ખાતે સમર સ્કિલ વર્કશોપ બન્યો આકર્ષણનું કેન્દ્ર

## વિદ્યાર્થીઓનો સ્કિલ ટ્રેનિંગ પ્રત્યે ઉત્સાહ પેદા થાય તે હેતુથી રાજ્યની તમામ સરકારી આઇ.ટી.આઇ. ખાતે 'સમર સ્કિલ વર્કશોપ'નું આયોજન

। (માહિતી) અમદાવાદ, તા.૧૫ ।

આઈ.ટી.આઈ. કુબેરનગરના આચાર્યની અખબારી યાદીમાં જણાવ્યા અનુસાર, વિદ્યાર્થીઓનો સ્કિલ ટ્રેનિંગ પ્રત્યે ઉત્સાહ પેદા થાય તે હેતુથી રાજ્યની તમામ સરકારી આઇ.ટી.આઇ. ખાતે 'સમર સ્કિલ વર્કશોપ' યોજવાનું આયોજન રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવ્યું છે. આ વિષય અંતર્ગત આઇ.ટી.આઇ. કુબેરનગર ખાતે તા. ૧૧/૦૬/૨૦૨૪થી શાળા કોલેજના વિદ્યાર્થીઓ માટે સમર સ્કિલ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું છે. આ વર્કશોપમાં શાળા કોલેજના વિદ્યાર્થીઓ માટે સંસ્થાના ઔદ્યોગિક વાતાવરણ, ટ્રેડની જાણકારી, આઇ.ટી.આઇ. કર્યા પછી મળતી રોજગારી, સ્વ રોજગારી અને મશીનરીની માહિતીની સાથોસાથ મેથેમેટિકલ લેબોરેટરી, તાલીમાર્થીઓના કૌશલ્યને પ્રદર્શિત કરતા અને તેમના દ્વારા બનાવેલ આધુનિક ટેકનોલોજીને અનુરૂપ પ્રોજેક્ટ, ઈનોવેટિવ મોડેલ, ચાર્ટ આકર્ષણનું કેન્દ્ર બન્યા છે. ઓટો ગૃપ દ્વારા વાયર રોબો કારનો પ્રોજેક્ટ બનાવી વિદ્યાર્થીઓ વચ્ચે રેસનું આયોજન પણ કરવામાં આવ્યું છે.

આઇ.ટી.આઇ. કુબેરનગર દ્વારા આયોજિત આ સમર સ્કિલ વર્કશોપમાં વિદ્યાર્થીઓ હાઉસ હોલ્ડ એક્ટિવિટીમાં ભાગ લઈ સ્કિલ ટ્રેનિંગ પ્રત્યે અભિરુચિ પેદા કરી રહ્યા છે. ભાગ લેનાર વિદ્યાર્થીઓને વિના મૂલ્યે કિટ પણ આપવામાં આવે છે. હાલમાં આઇ.ટી.આઇ.અભ્યાસ માટે જે એડમિશન ચાલી રહ્યા છે, જેમાં ૪૧ જેટલા ટ્રેડમાં કુલ ૨૯૦૦ જેટલી બેઠકો ભરવાની થાય છે. આઇ.ટી.આઇ.ની તાલીમ પૂર્ણ કર્યા બાદ ઈચ્છુક તમામ તાલીમાર્થીઓને પ્લેસમેન્ટ અને એપ્રેન્ટીસશિપની ઓફર કરવામાં આવે છે. ન્યૂ એજ્યુકેશનલ પોલિસી ૨૦૨૦ અંતર્ગત આઈટીઆઈનો બે વર્ષનો કોર્ષ પૂર્ણ કર્યા બાદ તેને ૧૨ ધોરણ પાસ સમકક્ષ ગણવામાં આવે છે. આમ, આઈટીઆઈ કર્યા બાદ સીધા ડિપ્લોમા, ડિગ્રી કે ગ્રેજ્યુએશન કોર્ષમાં પ્રવેશ મેળવી શકે છે.

હાલમાં આઈ.ટી.આઈ ખાતે પ્રિ-પ્લેસમેન્ટ ડ્રાઈવ હેઠળ ૮૦ કંપની દ્વારા ૩૭૫ તાલીમાર્થીઓને નોકરીમાં રૂપિયા ૧૫ હજારથી ૨૦ હજારના પગાર સાથે ઓફર આપવામાં આવેલ છે. ક્વેસકોપ કંપની દ્વારા ટાટા મોટર્સમાં ૧૩૭ તાલીમાર્થીઓને રૂપિયા ૧૪૫૨૦/- ઉપરાંત બીજા ભથ્થાઓના પગારની નોકરી આપવામાં આવી છે. સાથે, કંપની ડિપ્લોમા ઇન મેકાટ્રોનિક્સ કરવાની **'Earn with Learn'**ની તક પણ આપશે જે તેના ઉજ્જવળ ભવિષ્ય માટે લાભદાયી રહેશે.

ધોરણ ૮ પાસ, ૧૦ પાસ, ૧૨ પાસ કે તેનાથી વધુ ભણેલા વિદ્યાર્થીઓએ, કૌશલ્ય આધારિત ઉજ્જવળ કારકિર્દી માટે શું કરવું તેની દ્વિધા હોય તેવા તમામ વિદ્યાર્થીઓએ એક વખત આઇઆઇટી કુબેરનગરની મુલાકાત લેવી જોઈએ, એવો અનુરોધ કરવામાં આવ્યો છે.

## અમદાવાદ ખાતે જિલ્લા સંકલન અને ફરિયાદ નિવારણ સમિતિની બેઠક કલેક્ટર સુશ્રી પ્રવીણા ડી. કે.ના અધ્યક્ષસ્થાને યોજાઈ



। (માહિતી) અમદાવાદ, તા.૧૫ ।

અમદાવાદ કલેકટર કચેરી ખાતે જિલ્લા સંકલન અને ફરિયાદ નિવારણ સમિતિ બેઠક કલેક્ટર સુશ્રી પ્રવીણા ડી. કે.ના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી. જેમાં જિલ્લા પંચાયતના પ્રમુખશ્રી અને ધારાસભ્યશ્રીઓએ પોતાના વિસ્તારના પ્રશ્નો રજૂ કર્યા હતા. બેઠકમાં પદાધિકારીઓ દ્વારા રજૂ કરેલા પ્રશ્નોનો સમયમર્યાદામાં નિકાલ લાવવા કલેક્ટરશ્રીએ સબંધિત અધિકારીઓને સૂચના આપી હતી. આ બેઠકમાં શહેરી વિસ્તારના ધારાસભ્યોએ પોતાના મતવિસ્તારમાં થયેલા ગેરકાયદેસર દબાણ દૂર કરવા ડ્રોનથી સર્વે કરવા રજૂઆત કરી હતી. આ ઉપરાંત તળાવો ઊંડા કરવા, પીંપળજ ગામે ગામતળ નીમ કરવા, ગુજરાત હાઉસિંગ બોર્ડ તથા પોલીસ વિભાગને લગતા પ્રશ્નો, અશાંત ધારાનો કડક અમલ કરવા, બાવળા રોડ પર સ્પીડ બ્રેકર મૂકવા, વિરમગામ તાલુકામાં સૌની યોજનાનું પાણી આપવા અને પીક અપ સ્ટેન્ડ બનાવવા, જમીન રિ-સર્વે, સ્મશાન નીમ કરવા, રખડતા ઢોર પર નિયંત્રણ, ઈંટોના ભઠ્ઠાને લગતા પ્રશ્નો તેમજ ડ્રેનેજ સફાઈ અને દારૂના અડ્ડાઓ બંધ કરાવવા સહિતના પ્રશ્નો ધારાસભ્યશ્રી દ્વારા રજૂ કરવામાં આવ્યા હતા. આ બેઠકમાં જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતી કંચનબા વાઘેલા, સર્વે ધારાસભ્યશ્રીઓ અને અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## ઝાલોદ તાલુકાની લીમડી પોલીસે એક જ દિવસમાં બે વિદેશી દારૂના કેશ ઝડપી પાડયા : ૬૭૫૯૦૫ નો મુદ્દામાલ ઝડપી પાડયો



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૫ ।

ઝાલોદ તાલુકાના લીમડી મથકના પી.એસ. આઈ વી.જે.ગોહેલ ગુનાહિત પ્રવૃતિ કરનાર ઈસમો તેમજ ગેરકાયદેસર રીતે દારૂની હેરફેર કરનાર ઈસમો પર નજર રાખી અટકાવવા પેટ્રોલિંગમા હતા તે દરમ્યાન તેમને બાતમી મળેલ હતી કે સફેદ કલરની બલેનો **GJ-06-PK-7593** લઈ ઝાલોદ તરફથી લીમડી બાયપાસ થઈને લીમખેડા તરફ જનાર છે ત્યારે લીમડી પી.એસ. આઈ વી.જે.ગોહેલ માછણ નદીના પુલ પાસે બાતમી વાળા વાહનની વોચમા હતા ત્યારે બાતમી વાળું વાહન ત્યાં આવતા દૂરથી વાહન ચાલક દ્વારા પોલીસનો બંદોબસ્ત જોતા દૂરથી ગાડી માથી ઉતરી અંધારાનો લાભ લઈ નાસી ગયેલ હતો. પોલીસ દ્વારા વાહનની તલાશી લેતાં આ ગાડીમાંથી ૧૬ નંગ વિદેશી દારૂની પેટીઓ જેમાં ૭૬૮ નંગ બોટલ મળી આવી હતી. આ વિદેશી દારૂની કિંમત અંદાજીત ૧૧૫૨૦૦ અને બલેનો ગાડીની કિંમત ૫૦૦૦૦૦ થઈ કુલ ૬૧૫૨૦૦ રૂપિયાનો વિદેશી દારૂના જથ્થા સાથે મુદ્દામાલ ઝડપી પાડવામાં સફળતા મેળવી હતી.

બીજા એક બનાવમા લીમડી પોલીસને બાતમી મળેલ હતી કે જયેશ શંકર ગારી (મુનખોસલા, ઝાલોદ) હોન્ડા શાઈન **GJ-20-BG-3022** પર વિદેશી દારૂનો જથ્થો લઈ કુણી ગામ તરફ થી સીમલીયા તરફ આવવાનો છે. ત્યારે બાતમી વાળા વાહનની વોચમા હતા તે દરમિયાન બાતમી વાળું વાહન આવતા દૂરથી ચાલક દ્વારા પોલીસને જોતા ગાડી વળાવી નાસી જવાની કોશિશ કરતા પડી ગયેલ હતો અને અંધારાનો લાભ લઈ ગાડી સ્થળ પર મૂકી નાસી ગયેલ હતો. ત્યારબાદ લીમડી પોલીસ દ્વારા તલાશી લેતાં થેલા માથી ૧૫૬ નંગ વિદેશી દારૂની બોટલો મળી આવેલ હતી જેની અંદાજિત કિંમત ૩૦૭૦૫ અને હોન્ડા શાઈનની કિંમત ૩૦૦૦૦ થઈ કુલ ૬૫૭૦૫ રૂપિયાના મુદ્દામાલ સાથે ઝડપી પાડી ફરાર ઈસમ વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરી લીમડી પોલીસે તપાસ હાથ ધરેલ છે.

## જિલ્લા કલેક્ટરશ્રી અમિત પ્રકાશ યાદવની અધ્યક્ષતામાં જિલ્લા નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા સલાહકાર સમિતિની બેઠક યોજાઇ



। (માહિતી) નડિયાદ, તા.૧૫ ।

જિલ્લા કલેકટરશ્રી અમિત પ્રકાશ યાદવની અધ્યક્ષતામાં અને જિલ્લાના ધારાસભ્યોની ઉપસ્થિતિમાં કલેકટર કચેરી નડિયાદ ખાતે જિલ્લા નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા સલાહકાર સમિતિની બેઠક યોજાઈ. આ બેઠકમાં ઘઉં તથા ચોખાની ફાળવણી વિતરણ પ્રમાણ અને ભાવ, ખાંડ ફાળવણી અને ઉપાડ, ચણાના વિતરણ પ્રમાણ અને ભાવ, વાજબી ભાવની દુકાન તપાસણીની વિગત, કેસ નિકાસ, ડેઝિગ્નેટેડ ઓફિસર ખોરાક અને ઔષધ નિયમન તંત્ર નડિયાદ દ્વારા કરેલ કામગીરી, મદદનીશ નિયંત્રકશ્રી, કાનૂની માપ વિજ્ઞાન અને ગ્રાહક સુરક્ષા અધિકારીશ્રી દ્વારા કરેલ કામગીરી અને માહે જુન-૨૦૨૪ દરમિયાન વાજબી ભાવની દુકાનનુ સ્થળફેર કરી દરખાસ્તની મંજૂરી આપવા બાબત સહિતની કામગીરીની સમીક્ષા કરવામાં આવી હતી. જિલ્લા નાગરીક પુરવઠા બેઠકમાં ધારાસભ્યશ્રીઓ દ્વારા અનાજ વિતરણ કેન્દ્રોની તપાસ અને ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા યોગ્ય સેમ્પલ ચકાસણી સહિત અન્નપુરવઠા વ્યવસ્થાપનને લઈ માર્ગદર્શક સુચનો કરવામાં આવ્યા હતા. જેમાં ૧૦૦% અન્ન પુરવઠાનું વિતરણ થાય અને રાશનકાર્ડ ધારકો સુધી સમયસર પુરવઠો પહોંચાડવા, રાશનકાર્ડ માટે પાત્ર નાગરિકોને રાશનકાર્ડ મળી રહે તથા અન્ય નાગરિકો રાશનકાર્ડનો દુરુપયોગ ન કરે તેથી ખાસ તકેદારી લેવા અને અન્ન પુરવઠાનો જથ્થો લેવા ગ્રાહકોને ધક્કા ન ખાવા પડે તે અંગેનું ઉચિત વ્યવસ્થાપન કરવા નડિયાદ ધારાસભ્યશ્રી પંકજભાઈ દેસાઈએ સુચન કર્યુ હતુ. સાથે જ મહુધા ધારાસભ્ય શ્રી સંજય મહિડાએ વિતરણ કટ્ટાના સુચારુ વ્યવસ્થાપન માટે તકેદારી રાખવા સુચવ્યુ હતુ. આ બેઠકમાં નડિયાદ ધારાસભ્યશ્રી પંકજભાઈ દેસાઈ, મહેમદાવાદ ધારાસભ્યશ્રી અર્જુનસિંહ ચૌહાણ, માતર ધારાસભ્ય શ્રી કલ્પેશભાઈ પરમાર, મહુધા ધારાસભ્ય શ્રી સંજયસિંહ મહીડા, પોલીસ અધિકક્ષકશ્રી રાજેશ ગઢિયા, અધિક નિવાસી કલેક્ટરશ્રી ભરત જોષી, ઈ. ચા. જિલ્લા વિકાસ અધિકારી શ્રી લલિત પટેલ, પ્રાંત અધિકારીશ્રીઓ અને નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા સલાહકાર સમિતિના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

## પીએમ ગતિશક્તિ હેઠળ નેટવર્ક પ્લાનિંગ ગ્રૂપની ૭૨મી બેઠકમાં ત્રણ મુખ્ય માળખાકીય પ્રોજેક્ટનું મૂલ્યાંકન કરવામાં આવ્યું

। નવી દિલ્હી, તા.૧૫ ।

નેટવર્ક પ્લાનિંગ ગ્રુપ (એનપીજી)ની ૭૨મી બેઠક ૧૨મી જૂન, ૨૦૨૪ના રોજ નવી દિલ્હીમાં બોલાવવામાં આવી હતી. આ બેઠકની અધ્યક્ષતા ડિપાર્ટમેન્ટ ફોર પ્રમોશન ઑફ ઈન્ડસ્ટ્રી એન્ડ ઈન્ટરનલ ટ્રેડ (ડીપીઆઈઆઈટી)ના અધિક સચિવ શ્રી રાજીવ સિંહ ઠાકુરે કરી હતી. આ બેઠકમાં રોડ ટ્રાન્સપોર્ટ અને હાઈવે મંત્રાલય (એમઓઆરટીએચ), રેલ મંત્રાલય (એમઓઆર), અને આવાસ અને શહેરી બાબતોના મંત્રાલય (એમઓઓચયૂ)ની ત્રણ મહત્વપૂર્ણ માળખાકીય પ્રોજેક્ટના મૂલ્યાંકન પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું. પ્રોજેક્ટનું મૂલ્યાંકન પીએમ ગતિશક્તિ નેશનલ માસ્ટર પ્લાન (એનએમપી)ના સિદ્ધાંતો સાથે સુસંગતતા માટે કરવામાં આવ્યું. આ પ્રોજેક્ટમાં રાફિયાબાદથી ચમકકોટ સુધીના દ્રઉઁ-૭૦૧ના ૫૧ કિલોમીટર લાંબા સેક્શનનું બાંધકામ અને અપગ્રેડેશન સામેલ છે. ગ્રીનફિલ્ડ (૧૪.૩૪ કિમી) અને બ્રાઉનફિલ્ડ (૩૬.૬૬ કિમી) બંને વિકાસ સાથે, પ્રોજેક્ટનો ખર્ચ ૧,૪૦૫ કરોડ રુપિયા થવાની ધારણા છે. અપગ્રેડેડ રૂટ કુપવાડા, ચોકીબલ અને તંગધાર જેવા ગામો માટે જોડાણમાં નોંધપાત્ર વધારો કરશે, સંરક્ષણ દળો માટે લોજિસ્ટિકલ સપોર્ટમાં સુધારો કરશે અને આરોગ્ય, શિક્ષણ અને વ્યવસાયની તકો સુધી વધુ સારી પહોંચ પ્રદાન કરીને સામાજિક-આર્થિક પરિસ્થિતિઓને વેગ આપશે. આંધ્રપ્રદેશના તિરુપતિ જિલ્લામાં ગુડૂર અને રેનિગુંટા સ્ટેશનો વચ્ચે ત્રીજી રેલ લાઇનના નિર્માણમાં ૮૩.૧૭ કિલોમીટરની લાઇનનો સામેલ છે જેનો ઉદ્દેશ્ય હાલની ડબલ લાઈનની ક્ષમતા વધારવાનો છે. ૮૮૪ કરોડ રુપિયાના અંદાજિત ખર્ચ સાથે, આ પ્રોજેક્ટ પેસેન્જર અને કાર્ગો હિલચાલની કાર્યક્ષમતામાં સુધારો કરશે, જેમાં ૩૬.૫૮ હેક્ટર જમીનની જરૂર પડશે. ઈન્ફ્રાસ્ટ્રક્ચર અપગ્રેડમાં નવા પુલો, વિસ્તૃત અંડરપાસ અને અદ્યતન સિગ્નલિંગ સિસ્ટમનો સમાવેશ થશે.

## લુણાવાડા ખાતે જિલ્લા કલેક્ટર શ્રીમતી નેહા કુમારીએ જિલ્લામાં યોજાનારા યોગ દિવસની ઉજવણી સંદર્ભે પ્રેસ કોન્ફરન્સ યોજી



। (માહિતી બ્યૂરો) મહીસાગર, તા.૧૫ ।

આજરોજ કલેક્ટર કચેરી મિટિંગ હોલ ખાતે જિલ્લા કલેક્ટર શ્રીમતી નેહા કુમારીના અધ્યક્ષસ્થાને ''આંતરાષ્ટ્રીય યોગ દિવસ''ના ઉપલક્ષ્યમાં જિલ્લામાં યોજાનારા યોગ દિવસની ઉજવણી સંદર્ભે પ્રેસ કોન્ફરન્સ યોજાઇ હતી.

જિલ્લા કલેક્ટરશ્રીએ પત્રકારો સાથે સંવાદ સાધતા જણાવ્યું હતું કે, ''આગામી તા.૨૧મી જુનના રોજ સમગ્ર રાજ્યમાં ''આંતરાષ્ટ્રીય યોગ દિવસ''ની ઉજવણી કરવામાં આવશે ત્યારે મહીસાગર જિલ્લામાં પોલીસ પરેડ ગ્રાઉન્ડ, લુણાવાડા ખાતે યોગ દિવસનો મુખ્ય કાર્યક્રમ યોજાશે. ઉપરાંત જિલ્લાના આઇકોનિક સ્થળોમાં કડાણા ડેમ સાઈટ, રાઠડાં બેટ, માનગઢ હિલ, સાતકુંડા, ડાયનાસોર પાર્ક, મહાકાલી માતાનું મંદિર, (લુણાવાડા), કલેશ્વરી, વાવકૂવા, (ખાનપુર), કેદારેશ્વર ધામ (વિરપુર) પસંદગી કરવામાં આવી છે જ્યાં યોગ દિવસ ઉજવાશે. આગામી તા.૨૧મી જુનના રોજ સમગ્ર રાજ્યમાં સ્વય અને સમાજ માટે યોગની થીમ સાથે ''આંતરાષ્ટ્રીય યોગ દિવસ''ની ઉજવણી કરવામાં આવશે, ત્યારે આપણા મહીસાગર જિલ્લામાં પોલીસ પરેડ ગ્રાઉન્ડ,લુણાવાડા ખાતે યોગ દિવસનો મુખ્ય કાર્યક્રમ યોજાશે. આ કાર્યક્રમમાં અંદાજે ૨૦૦૦ થી પણ વધુ લોકોને કાર્યક્રમમાં જોડવાનો પ્રયાસ થઈ રહ્યો છે. વધુમાં ૨૧મી જુનના રોજ યોજાનારા વિશ્વ યોગ દિવસની ઉજવણીમાં સહભાગી બનવાં મહીસાગર નગરજનોને કલેક્ટર શ્રીએ અપીલ કરી હતી. આ પત્રકાર પરિષદમાં પોલીસ અધિક્ષકશ્રી જયદીપસિંહ જાડેજા, અધિક નિવાસી કલેક્ટરશ્રી સી વી લટા, પ્રાયોજના વહીવટદારશ્રી, ડી આર ડી એ ડાયરેક્ટરશ્રી, પ્રાંત અધિકારીશ્રીઓ, જિલ્લા યુવા વિકાસ અધિકારીશ્રી સહિત પત્રકાર મિત્રો ઉપસ્થિત રહ્યા હતા.

## ૨૧ જૂન વિશ્વ યોગ દિવસની અમદાવાદ જિલ્લા કક્ષાની ઉજવણી સાણંદના ગોધાવી મુકામે આવેલ ઝાયડ્સ સ્કૂલમાં કરાશે



। (માહિતી) અમદાવાદ, તા.૧૫ ।

આગામી તારીખ ૨૧ જૂન, વિશ્વ યોગ દિવસની જિલ્લા કક્ષાની ઉજવણી સાણંદના ગોધાવી મુકામે આવેલ ઝાયડ્સ સ્કૂલમાં કરવામાં આવનાર છે, જેને અનુલક્ષી અમદાવાદ કલેક્ટર કચેરી ખાતે વિવિધ વિભાગના અધિકારીઓની બેઠક યોજાઇ હતી. આ બેઠકમાં થયેલ ચર્ચા મુજબ વિશ્વ યોગ દિવસની ઉજવણીમાં શાળા, કોલેજના વિદ્યાર્થીઓ ઉપરાંત જુદી જુદી કચેરીના અધિકારીઓ, કર્મચારીઓ, પોલીસ જવાનો અને સેવાભાવી સંસ્થાઓ યોગના કાર્યક્રમમાં સહભાગી બનશે. લોકોના આરોગ્યની જાળવણી માટે વિશ્વ યોગ દિવસની ઉજવણી પ્રસંગે અમદાવાદ જિલ્લાની તમામ કચેરીઓ, પ્રાથમિક અને સામૂહિક આરોગ્ય કેન્દ્રો, સબ સેન્ટરો, પોલીસ સ્ટેશનો અને જિલ્લાની જેલોમાં પણ યોગના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. યોગ દિવસની ઉજવણીમાં અમદાવાદીઓ મોટી સંખ્યામાં જોડાય તે માટે આવતીકાલ તા. ૧૬ જૂન-૨૦૨૪થી યોગ અવેરનેસ અને પ્રિ- ઈવેન્ટના કાર્યક્રમો પણ યોજાશે.

## અમદાવાદ જિલ્લામાં બાગાયત વિભાગની યોજનાઓના લાભ મેળવવા હેતુ આઈ-ખેડૂત પોર્ટલ મળી ૧૧ હજારથી વધુ અરજીઓ

। (માહિતી) અમદાવાદ, તા.૧૫ ।

રાજ્યમાં બાગાયત વિભાગ દ્વારા તારીખ ૧૨/૦૩/૨૪ થી તારીખ ૧૧/૦૫/૨૪ સુધી બાગાયત ખાતાની વિવિધ સહાયલક્ષી યોજનાઓ માટે આઈ-ખેડૂત પોર્ટલ ખુલ્લુ મુકવામાં આવ્યું હતું. અમદાવાદ જિલ્લામાં આઈ-ખેડૂત પોર્ટલના માધ્યમથી જિલ્લાના ૧૧ હજારથી વધુ ખેડૂતોએ ઓનલાઈન અરજી કરી છે. નાયબ બાગાયત નિયામક અમદાવાદની અખબારી યાદીમાં જણાવ્યા અનુસાર, બાગાયત ખાતાની સહાય મેળવવા માટે આઈ-ખેડૂત પોર્ટલ પર અરજી કર્યા બાદ સાધનિક કાગળ સાથે ખેડૂતોએ પોતાની અરજી નાયબ બાગાયત નિયામકની કચેરી, અમદાવાદ ખાતે પહોંચાડવાની હોય છે, પરંતુ હજુ મોટાભાગનાં ખેડૂતો દ્વારા પોતાની અરજી નાયબ બાગાયત નિયામકની કચેરી, અમદાવાદની કચેરીમાં મોકલાવવામાં આવી નથી. વધુમાં, અખબારી યાદીમાં જણાવ્યા મુજબ, ખાતા કચેરીથી મળેલ સૂચનાઓ અનુસાર, જે ખેડૂતોએ બાગાયત ખાતામાં સહાય મેળવવા ઓનલાઈન અરજી કરી હોય પરંતુ કચેરીમાં મોકલાવી ન હોય તેવા તમામ ખેડૂતોને ૩૦ જૂન ૨૦૨૪ સુધીમાં ઓનલાઈન અરજી સાથે ૭-૧૨, ૮-અના ઉતારા, આધારકાર્ડ તથા બેંક પાસબુકની નકલ સાથે નાયબ બાગાયત ની કચેરી બહુમાળી ભવન વસ્ત્રાપુર અમદાવાદ ખાતે રૂબરૂ/ટપાલથી મોકલી આપવા જણાવવામાં આવ્યું છે.

## આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**
આજે બ્લ્ડ પ્રેશરના દરદીઓ લોહીનું દબાણ ઘટાડવા રૅડ વાઈનની મદદ લઈ શકે છે અને કોલૅસ્ટ્રૉલનું પ્રમાણ નીચું રાખી શકે છે. આનાથી તેમને વધુ રાહત થશે. જે વેપારી પોતાના વેપાર માટે ઘર થી ભાર જયી રહ્યા છે તે પોતાના ધન ને ખુબ સાચવી ને રાખે ધન ચોરી થવા ની શક્યતા છે. સાંજે મિત્રો સાથે બહાર જાવ-કેમ કે તે તમારી માટે કશુંક સારૂં કરશે.

**વૃષભ (બ,વ,ઉ) :**
આજના દિવસે તમારા માટે કામ કરવાનું થોડું રહી શકે છે. અન્યોની જરૂરિયાતો તથા હિતોના સંદર્ભમાં પણ વિચારો એનાથી તમને અનહદ આનંદ મળશે. દિવસમાં મોડેથી નાણાકીય સ્થિતિ સુધરશે. ખુશખુશાલ-ઊર્જાસભર-પ્રેમાળ મૂડમાં-તમારો આનંદી સ્વભાવ તમારી આસપાસના લોકો માટે ખુશી તથા આનંદ લાવશે. સામાજિક અંતરાયો પાર નહીં કરી શકો.

**મિથુન (ક,છ,ઘ) :**
આજે વ્યસ્તતા છતાં સ્વાસ્થ્ય સારૂં રહેશે. આજે તમારી સામે અનેક આર્થિક યોજનાએ રજૂ કરવામાં આવશે-કોઈપણ નિર્ણય લેતા પહેલા તમામ સારાં નરસાં પાસાંને તકેદારીપૂર્વક ચકાસજો. લોકો તથા તેમના આશય વિશે ઝડપી અભિપ્રાય બાંધશો નહીં- તેઓ તાણ હેઠળ હોઈ શકે અને શક્ય છે કે તેમને તમારી સહાનુભૂતિ તથા સમજની જરૂર હોય. તમે પ્રેમમાં ધીમે પણ એકધારા બળશો.

**કર્ક (ડ,હ) :**
આજના દિવસે શારીરિક પીડા સહન કરવાની શક્યતા છે. તમારા શરીર પર વધુ તાણ લાવે તેવો કોઈપણ પ્રકારનો શારીરિક થાક ટાળવાનો પ્રયાસ કરો. પૂરતો આરામ લેવાનું યાદ રાખજો. આજે તમને સમજ પડી શકે છે કે સમજ્યા વિચાર્યા વગર ધન ખર્ચવું તમને કેટલું નુકસાન કરી શકે છે. તમારા વ્યક્તિગત મોરચે મહત્વની ઘટના બનશે જે તમારા તથા તમારા આખા પરિવાર માટે પ્રફૂલ્લતા લાવશે.

**સિંહ (મ,ટ) :**
આજે તમારૂં ઈર્ષાયુક્ત વર્તન તમને દુઃખી તથા નિરાશ કરી શકે છે. પણ એ પોતાની જાત પર જ કરેલી ઈજા જેવું છે આથી તેના વિશે વિલાપ કરવા જેવો નથી. અન્યોની ખુશીઓમાં સહભાગી થવા તમારી જાતને પ્રેરો અને આમાંથી બહાર આવો. વગર સૂચના કોઈ દેણદાર આજે તમારા એકાઉન્ટ માં પૈસા નાખી શકે છે જેના લીધે તમે આશ્ચર્યચકિત અને ખુશ થયી શકો છો.

**કન્યા (પ,ઠ,ણ) :**
આજે તમારું સ્વાસ્થ્ય સારૂં રહેશે. ઘર ની જરૂરિયાત ને લીધે તમે આજે જીવનસાથી ની જોડે કોઈ મોંઘી વસ્તુ ખરીદી કરી શકો છો જેના લીધે તમારી આર્થિક સ્થિત તંગ હોઈ શકે છે. તમે જ્યારે જૂથમાં હો ત્યારે તમે શું હોલો છો તેના પર ધ્યાન આપો-તમારી આવેશપૂર્ણ ટિપ્પણી માટે તમારી ભારે ટીકા થઈ શકે છે. પ્રેમ પ્રકરણમાં તમને ખાટી રીતે લેવામાં આવે એવી સક્યતા છે.

**તુલા (ર,ત) :**
આજના દિવસે સ્વાસ્થ્ય બરાબર રહેશે. જે લોકો ઘણા સમય થી નાણાકીય મુશ્કેલી માં થી પસાર થયી રહ્યા હતા તેમને આજે ક્યાંક થી ધન પ્રાપ્ત થયી શકે છે જેથી જીવન માં ઘણી મુશ્કેલીઓ દૂર થયી જશે. સામાજિક કાર્યક્રમોમાં હાજર રહેવાની તકો મળવાની શક્યતા છે-જે તમને વગદાર લોકોના નિકટ સંપર્કમાં લાવી શકે છે. વ્યસ્ત રસ્તા પર તમે અનુભવશો કે તમે સૌથી નસીબદાર છો.

**વૃશ્ચિક (ન,ય) :**
આજે સ્વાસ્થ્ય બરાબર રહેશે અને તમારું કોઈ નજીકી જોડે ઝગડો થયી શકે છે અને વાત કોર્ટ કચેરી સુધી જયી શકે છે. જેના લીધે તમારું વધારે ધન ખર્ચ થયી શકે છે. પરિવારના સભ્ય તેમારા જીવનમાં મહત્વનું સ્થાન ધરાવતા હશે. પ્રેમીઓ પારિવારિક લાગણીઓ પ્રત્યે ખૂબ જ વિચારશીલ બનશે. કોઈ મોટી બિઝનેસ ડીલ પાર પાડી રહ્યા હો ત્યારે તમારી લાગણીઓ પર અંકુશ રાખો.

**ધન (ભ,ધ,ફ) :**
આજે તમારી આસપાસના લોકો તમને ખૂબ જ અપેક્ષાયુક્ત લાગશે-તમે આપી શકો તે કરતાં વધારનું વચન આપતા નહીં-અને અન્યોને ખુશ કરવા તમારી જાતને થકાવટની હદ સુધી ન ખેંચતા. જો તમારી ધન સંબંધી કોઈ બાબત કોર્ટ કચેરી માં અટવાયેલી હોય તો તે આજે ઉકેલાઈ શકે છે અને તમે વિજયી થયી શકો છો સાથે તમને ધન લાભ થયી શકે છે.

**મકર (ખ,જ) :**
આજના દિવસે તમારી લાગણીઓ પર થોડો અંકુશ રાખજો ખાસ કરીને ગુસ્સો. આજે વધુ એક ઉચ્ચ-ઊર્જાયુક્ત દિવસ છે તથા અણધાર્યા લાભની શક્યતા છે. સાંજે તમારા જીવનસાથી સાથે સિનેમાઘરમાં ફિલ્મ અથવા ડીનર તમને નિરાંતવા તથા અદભુત મૂડમાં લાવી મુકશે. કામનું દબા તમારા મગજને ઘેરી વળશે છતાં તમારૂં પ્રિયપાત્ર તમને અમર્યાદ રૉમેન્ટિક આનંદ આપશે.

**કુંભ (ગ,શ,સ) :**
આજે લાંબા ગાળાની માંદગીથી તમને મુક્તિ મળે એવી શક્યતા છે. આજે કોઈપણ પ્રકારનું રોકાણ ટાળવું. તમારા પરિવારના કલ્યાણ માટે સખત મહેનત કરો. તમારૂં કાર્ય પ્રેમ અને હકારાત્મક દ્ષ્ટિકોણથી સંચાલિત હોવું જોઈએ લાલચથી નહીં. તમારો ખાસ મિત્ર તમારા આંસું લૂંછશે. તમારી આસાપાસ શું થાય છે તેની તકેદારી રાખો.

**મીન (દ,ચ,ઝ,થ) :**
આજે તમારૂં સ્વાસ્થ્ય અને દેખાવ સુધારવા માટેની બાબતો હાથ ધરવા માટે અઢળક સમય મળશે. ધનની આવશ્યકતા ક્યારેક પણ પડી શકે છે તેથી જેટલું શક્ય હોય પોતાના પૈસા ની બચત કરવાનું વિચાર બનાવો। જીવનસાથી તમને ખુશી આપવાનો પ્રયાસ કરશે તેનાથી તમારો દિવસ આનંદથી ભરપૂર રહેશે. પ્રેમમાં ઉતાવળિયું પગલું લેવાનું ટાળવું.

**ન્યૂઝ બ્રિફ**

### ભાજપના નેતા સહિત ૮૦ અજાણ્યા લોકો સામે કેસ નોંધવામાં આવ્યો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૫ ।

ઉત્તર પ્રદેશમાં રામપુરના મસાવાસી નગર પંચાયત પ્રમુખ અને બીજેપી નેતા દિનેશ ગોયલ સહિત ૭૦ થી ૮૦ લોકો વિરુદ્ધ કોતવાલી સ્વારમાં કેસ નોંધવામાં આવ્યો છે. આ લોકો પર નાયબ તહસીલદાર પર હુમલો અને મારવાના ઈરાદાથી હુમલો જેવા ગંભીર આરોપોનો સામનો કરવો પડી રહ્યો છે. એફઆઈઆર ખુદ નાયબ તહસીલદારે નોંધાવી છે. મામલો સ્વારના મસાવાસી વિસ્તારનો છે. ડમ્પરે ટક્કર મારતાં ઈ-રિક્ષા ચાલકના બંને પગ કચડાઈ ગયા હતા. આ ઘટના બાદ મસવાસી નગર પંચાયત પ્રમુખ દિનેશ ગોયલ અને તેમના સમર્થકોએ હંગામો મચાવ્યો હતો અને મુખ્ય માર્ગને બ્લોક કરી દીધો હતો. માહિતી મળતાં જ સ્વર કોટવાલ અને મસાવાસી ચોકીના ઈન્ચાર્જ ફોર્સ સાથે ઘટનાસ્થળે પહોંચી ગયા હતા અને વહીવટી અધિકારી નાયબ તહસીલદાર પણ ઘટનાસ્થળે પહોંચ્યા હતા અને પરિસ્થિતિને કાબૂમાં લેવાનો પ્રયાસ કર્યો હતો. આ દરમિયાન નાયબ તહસીલદારની ભાજપના નેતા અને નગર પંચાયત પ્રમુખ દિનેશ ગોયલ સાથે ઘર્ષણ થયું હતું.આરોપ છે કે નગર પંચાયત પ્રમુખે નાયબ તહસીલદાર સાથે દુર્વ્યવહાર કર્યો હતો. આ સાથે, તેઓએ તેને કોલરથી પકડી લીધો અને તેને મારી નાખવાના ઈરાદે ઘણા લોકો સાથે તેના પર હુમલો કર્યો.

### સરહદ પારથી નાર્કોની દાણચોરીને નિષ્ફળ કરનાર રહેવાસીઓને પોલીસે સન્માનિત કર્યા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૫ ।

જમ્મુ અને કાશ્મીર પોલીસે નૌશેરા સેક્ટરના ૦૫ સરહદી રહેવાસીઓને સન્માનિત કર્યા, જેમણે સરહદ પારથી ડ્રગ્સની દાણચોરીના મોટા પ્રયાસને નિષ્ફળ બનાવીને બહાદુરી અને દેશભક્તિ દર્શાવી. રહેવાસીઓની આ કામગીરીને કારણે આ વર્ષે એપ્રિલમાં જંગી કન્સાઈનમેન્ટ ઝડપાયું હતું. પોલીસે તેના સત્તાવાર નિવેદનમાં જણાવ્યું હતું કે પોલીસ હેડક્વાર્ટર, કેન્દ્ર શાસિત પ્રદેશ જમ્મુ અને કાશ્મીરે તેમની બહાદુરી અને દેશભક્તિના કૃત્ય માટે ૦૫ સરહદી રહેવાસીઓને (નામો અટકાવેલા)ને ૪ લાખ રૂપિયાની ઈનામની રકમ મંજૂર કરી છે.એલઓસી વાડ તરીકે ઓળખાતી ઘૂસણખોરી વિરોધી અવરોધ પ્રણાલીની આગળ આવેલા ગામોમાંના એક ગામ મકડીમાં નાર્કો દાણચોરીના પ્રયાસને નિષ્ફળ બનાવવામાં આવ્યો હતો. જમ્મુ અને કાશ્મીર પોલીસે રાજૌરી જિલ્લાના નૌશેરા પોલીસ સ્ટેશનમાં કલમ ૮/૨૧/૨૩ NDPS એક્ટ હેઠળ FIR નંબર ૩૬/૨૦૨૪ માં નોંધાયેલા કેસમાં ૮.૫ કિલો વજનનું દાણચોરી કરાયેલ હેરોઈન રિકવર કર્યું છે. આ પછી, ૧.૪૪ કિલો હેરોઇન મળી આવ્યું છે, જે કુલ ૯.૯૪ કિલો છે.ડ્રગ્સની રિકવરી સાથે સરહદ પારથી મોટી દાણચોરી કરતી ગેંગનો પણ પર્દાફાશ થયો છે. આ સરહદી રહેવાસીઓનું સન્માન કરીને ગુપ્તચર માહિતી શેર કરવામાં આવી હતી. અત્યાર સુધીમાં ૦૪ તસ્કરોની ધરપકડ કરી પૂછપરછ કરવામાં આવી છે.

### સંકલિત પ્રયાસોના મહત્વ પર ભાર મૂક્યો

# એડીજીપીએ આગામી અમરનાથ યાત્રાની તૈયારીઓની સમીક્ષા કરી

### આ બેઠકમાં પોલીસ અને સુરક્ષા દળોના વરિષ્ઠ અધિકારીઓ તેમજ તમામ જિલ્લાના વરિષ્ઠ પોલીસ અધિક્ષક અને રેન્જના ડેપ્યુટી ઈન્સ્પેક્ટર જનરલોએ ભાગ લીધો હતો



। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૫ ।

જમ્મુમાં આગામી અમરનાથ યાત્રા ૨૦૨૪ ની તૈયારીઓને ધ્યાનમાં રાખીને, અધિક પોલીસ મહાનિર્દેશક (ADGP) જમ્મુ, આનંદ જૈને અમરનાથ યાત્રા-૨૦૨૪ ની તૈયારીઓની સમીક્ષા કરવા માટે એક ઉચ્ચ સ્તરીય બેઠક બોલાવી હતી. આ બેઠકમાં પોલીસ અને સુરક્ષા દળોના વરિષ્ઠ અધિકારીઓ તેમજ તમામ જિલ્લાના વરિષ્ઠ પોલીસ અધિક્ષક અને રેન્જના ડેપ્યુટી ઈન્સ્પેક્ટર જનરલોએ ભાગ લીધો હતો. બેઠકમાં, ADGP આનંદ જૈને યાત્રાળુઓની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે તમામ હિતધારકો વચ્ચે સંકલિત પ્રયાસોના મહત્વ પર ભાર મૂક્યો હતો. તેમણે કોઈપણ સંભવિત જોખમો અને પડકારોનો સામનો કરવા માટે સાવચેતીપૂર્વક આયોજન અને સુરક્ષા પગલાંના અમલીકરણની જરૂરિયાત વિશે વાત કરી હતી.યાત્રી નિવાસ ભગવતી નગર જમ્મુ ખાતેના બેઝ કેમ્પ અને અન્ય આવાસ કેન્દ્રોમાં રોકાણ દરમિયાન યાત્રાળુઓને પૂરી પાડવામાં આવતી સુરક્ષા અંગે ચર્ચા કરવામાં આવી હતી.ADG એ અમરનાથ યાત્રાના બહેતર આચરણને સુનિશ્ચિત કરવા માટે તમામ એજન્સીઓ વચ્ચે બહેતર અને ગાઢ સંકલન માટે સંયુક્ત કંટ્રોલ રૂમ બનાવવાની વ્યવસ્થાની સમીક્ષા કરી. આ ચર્ચામાં સુરક્ષા વ્યવસ્થા, ઈન્ટેલિજન્સ શેરિંગ, ટ્રાફિક મેનેજમેન્ટ, મેડિકલ અને ઈમરજન્સી સેવાઓ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને લોજિસ્ટિક્સ સહિતના અનેક મુદ્દાઓ પર ચર્ચા થઈ હતી.યાત્રા દરમિયાન ટ્રાફિક નિયમન, પાર્કિંગ સુવિધાઓ અને કટોકટી પ્રતિસાદના પગલાં, પર્યાપ્ત તબીબી સુવિધાઓ, કટોકટી સેવાઓ અને આપત્તિ વ્યવસ્થાપન યોજનાઓ સહિત મોટી સંખ્યામાં યાત્રાળુઓનું સંચાલન કરવા માટેની વ્યૂહરચનાઓની પણ સમીક્ષા કરવામાં આવી હતી. ADGP આનંદ જૈને યાત્રા દરમિયાન ઉચ્ચ સ્તરની તકેદારી અને સજ્જતા જાળવવાના મહત્વ પર ભાર મૂક્યો હતો. તેમણે તમામ યોજનાઓ અસરકારક રીતે અમલમાં આવી રહી છે તેની ખાતરી કરવા માટે નિયમિત સમીક્ષા અને કવાયત હાથ ધરવા અધિકારીઓને નિર્દેશ આપ્યો.

### એનસીપી રાજ્યસભા દ્વારા સંસદ મોકલી રહી છે

# બારામતીથી હારેલા સુનેત્રા પવારને મોદી કેબિનેટમાં સ્થાન જોઈએ છે!

### સુનેત્રા પવાર લોકસભા ચૂંટણી દરમિયાન બારામતી બેઠક પરથી ચૂંટણી હારી ગયા હતા, તાજેતરમાં તેમણે રાજ્યસભા માટે ઉમેદવારી નોંધાવી હતી



। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૫ ।

મહારાષ્ટ્રના નાયબ મુખ્યપ્રધાન અજિત પવારના પત્ની સુનેત્રા પવારે શુક્રવારે કહ્યું હતું કે તેઓ કેન્દ્રીય મંત્રી પરિષદમાં કોઈપણ પ્રકારના પ્રસ્તાવને સ્વીકારવામાં ખુશ થશે અને તેમણે કહ્યું કે તેમની પાટી એનસીપી કરશે પુણે જિલ્લામાં બારામતીથી ચૂંટણી લડે છે. લોકસભા ચૂંટણી દરમિયાન, સુનેત્રા પવાર પશ્ચિમ મહારાષ્ટ્રની બારામતી બેઠક પરથી તેમની ભાભી અને NCP (શરદચંદ્ર પવાર) સાંસદ સુપ્રિયા સુલે સામે હારી ગયા હતા. ગુરુવારે, તેમણે રાજ્યમાં રાજ્યસભા પેટાચૂંટણી માટે એનસીપીના ઉમેદવાર તરીકે મુંબઈમાં ઉમેદવારી પત્ર ભર્યું. તે મેદાનમાં એકમાત્ર ઉમેદવાર હોવાથી, સુનેત્રા પવાર સંસદના ઉપલા ગૃહમાં બિનહરીફ ચૂંટાશે તે નિશ્ચિત છે.પુણે પહોંચતા જ સ્થાનિક NCP યુનિટે તેમનું ભવ્ય સ્વાગત કર્યું. જ્યારે પત્રકારો દ્વારા પૂછવામાં આવ્યું કે શું તે કેન્દ્રીય મંત્રીમંડળમાં જોડાવાની ઓફર સ્વીકારશે, તો તેણીએ કહ્યું, ''અલબત્ત, જો તક મળશે, તો હું ચોક્કસપણે તકનો લાભ લઈશ.''અજિત પવારની આગેવાની હેઠળની રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાટી (NCP), જે ભાજપના સહયોગી છે, હાલમાં કેન્દ્રમાં ભાજપની આગેવાની હેઠળની નવી એનડીએ સરકારમાં કોઈ પ્રતિનિધિત્વ નથી, જેણે ગયા રવિવારે શપથ લીધા હતા. એનસીપીએ વરિષ્ઠ નેતા પ્રફુલ્લ પટેલને નવી એનડીએ સરકારમાં સ્વતંત્ર પ્રભારી સાથે રાજ્યમંત્રી તરીકે સામેલ કરવાના ભાજપના પ્રસ્તાવને નકારી કાઢ્યો હતો. સુનેત્રા પવારે કહ્યું કે પવાર પરિવારના ગઢ ગણાતા બારામતી લોકસભા મતવિસ્તારમાં પ્રચાર કરતી વખતે તેમને લોકોનો અભૂતપૂર્વ પ્રતિસાદ મળ્યો, પરંતુ આખરે મતદારોનો નિર્ણય સ્વીકારવો પડશે. ''અમે આત્મનિરીક્ષણ કરી રહ્યા છીએ (બારામતીમાં પરાજય) ખરેખર શું થયું તે જાણવા માટે અને વિશ્લેષણ પછી સુધારાત્મક પગલાં લેવામાં આવશે,'' તેમણે ભાર મૂક્યો. સુનેત્રા પવારે તેમને રાજ્યસભામાં પ્રવેશવાની તક આપવા બદલ એનસીપીના વરિષ્ઠ નેતૃત્વ અને પક્ષના કાર્યકરોનો આભાર માન્યો હતો.

### બિડેન અને ઝેલેન્સકી સાથે પણ વૈશ્વિક મુદ્દાઓ પર ચર્ચા

# કેનેડાના આરોપો બાદ મોદીની ટ્રુડો સાથે પહેલી મુલાકાત

### G7 સમિટમાં હાજરી આપ્યા બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદી ઈટાલીના પ્રવાસેથી ભારત જવા રવાના થઈ ગયા છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૫ ।

G7 સમિટમાં હાજરી આપ્યા બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદી ઈટાલીના પ્રવાસેથી ભારત જવા રવાના થઈ ગયા છે. G7 સમિટ દરમિયાન ઈટલીમાં યુએસ પ્રમુખ જો બિડેન અને કેનેડિયન સમકક્ષ જસ્ટિન ટ્રુડો સાથેની તેમની મુલાકાત ઘણી ચર્ચામાં રહી હતી. બિડેન સાથેની મુલાકાત દરમિયાન પીએમ મોદીએ કહ્યું કે બિડેનને મળીને હંમેશા આનંદ થાય છે. ભારત અને અમેરિકા વૈશ્વિક સુખાકારીને આગળ વધારવા માટે સાથે મળીને કામ કરવાનું ચાલુ રાખશે. મોદીએ 'X' પર કહ્યું, ''G7 સમિટમાં કેનેડાના વડાપ્રધાન જસ્ટિન ટ્રુડોને મળ્યા.'' મીટિંગ દરમિયાન મોદી અને ટ્રુડો બંને એકબીજાને ઉષ્માભેર શુભેચ્છા પાઠવતા જોવા મળ્યા હતા. જો કે, મોદી અને ટ્રુડો વચ્ચે શું વાતચીત થઈ તે તાત્કાલિક જાણી શકાયું નથી.વિદેશ સચિવ વિનય ક્વાત્રાએ બુધવારે કહ્યું હતું કે કેનેડા સાથે ભારતનો મુખ્ય મુદ્દો એ છે કે કેનેડા ઉગ્રવાદ અને હિંસાની તરફેણ કરતા ભારત વિરોધી તત્વોને રાજકીય અભયારણ્ય પૂરું પાડે છે. તેમણે કહ્યું કે ભારતે સતત કેનેડાને તેની ''ઊંડી ચિંતાઓ'' જણાવી છે. અને નવી દિલ્હીને આશા છે કે ટ્રુડો સરકાર તે તત્વો સામે કડક કાર્યવાહી કરશે.ગયા વર્ષે સપ્ટેમ્બરમાં, ટ્રુડોએ બ્રિટિશ કોલંબિયામાં નિજ્જરની હત્યામાં ભારતીય એજન્ટોની ''સંભવિત'' સંડોવણીનો આક્ષેપ કર્યા પછી બંને દેશો વચ્ચેના સંબંધો વણસ્યા હતા. નવી દિલ્હીએ ટ્રુડોના આરોપોને ''વાહિયાત'' અને ''પ્રેરિત'' ગણાવીને ફગાવી દીધા હતા. ભારત કહે છે કે બંને દેશો વચ્ચેનો મુખ્ય મુદ્દો એ છે કે કેનેડા કેનેડાની ધરતી પરથી કાર્યરત ખાલિસ્તાન તરફી તત્વોને સુરક્ષિત જગ્યા આપી રહ્યું છે.ભારત દ્વારા આતંકવાદી જાહેર કરાયેલા નિજ્જરને ગયા વર્ષે ૧૮ જૂનના રોજ બ્રિટિશ કોલંબિયાના સરેમાં ગુરુદ્વારાની બહાર ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી.

### વડાપ્રધાન મોદી જી-૭ સમિટમાં ભાગ લીધા બાદ ભારત આવા રવાના થયા




**વડાપ્રધાન નરેન્દ્ર મોદી જી-૭ સમિટમાં ભાગ લેવા ઈટાલીની એક દિવસીય મુલાકાત પૂર્ણ કર્યા બાદ નવી દિલ્હી જવા રવાના થઈ ગયા છે. ઈટાલીમાં તેમણે બ્રિટિશ વડાપ્રધાન ઋષિ સુનક, ફ્રાન્સના પ્રમુખ ઈમેન્યુઅલ મેક્રોન અને પોપ ફ્રાન્સિસ સહિત ઘણા નેતાઓ સાથે દ્વિપક્ષીય મંત્રણા કરી હતી. પીએમ મોદીએ ઈટાલી છોડતી વખતે સોશિયલ મીડિયા પોસ્ટમાં કહ્યું, ''અપુલિયામાં જી-૭ સમિટમાં તમારો દિવસ ખૂબ જ સારો રહ્યો. વિશ્વના નેતાઓ સાથે વાતચીત કરી અને વિવિધ વિષયો પર ચર્ચા કરી.''વડાપ્રધાન મોદીએ ઈટાલીના લોકો અને સરકારનો તેમના ''ઉષ્માપૂર્ણ આતિથ્ય'' માટે આભાર માન્યો.તેમણે કહ્યું કે સાથે મળીને, અમે વૈશ્વિક સમુદાયને લાભદાયી અને ભાવિ પેઢીઓ માટે વધુ સારી દુનિયા બનાવવા માટે અસરકારક ઉકેલો બનાવવાનું લક્ષ્ય રાખીએ છીએ.વિદેશ મંત્રાલયે એક સોશિયલ મીડિયા પોસ્ટમાં જણાવ્યું હતું કે વડાપ્રધાન નરેન્દ્રની ઇટાલીની સફળ મુલાકાત નવી દિલ્હી જવા માટે તેમના પ્રસ્થાન સાથે સમાપ્ત થઈ. આ મુલાકાત દરમિયાન, જી-૭ પ્લેટફોર્મ હેઠળ મુખ્ય વૈશ્વિક મુદ્દાઓ પર ફળદાયી ચર્ચાઓ થઈ અને સમિટમાં ભાગ લેનારા દેશો સાથે ઈટાલીની ભાગીદારી વધુ ગાઢ બની.ઈટાલીથી દિલ્હી જતા પહેલા વડાપ્રધાન મોદીએ તેમના કેનેડિયન સમકક્ષ જસ્ટિન ટ્રુડો સાથે મુલાકાત કરી હતી. તમને જણાવી દઈએ કે ટ્રુડોએ દાવો કર્યો હતો કે ગયા વર્ષે કેનેડામાં ખાલિસ્તાની આતંકવાદી હરદીપ સિંહ નિજ્જરની હત્યામાં ભારત સરકારના એજન્ટ સામેલ હતા. આ પછી, આ તેમની પ્રથમ રૂબરૂ મુલાકાત હતી.**

### પાઈલટ હોવાનો ડોળ કરીને લાખો ટ્રાન્સફર કરાવ્યા

# મુંબઈના ટ્યુશન ટીચર, FB પર નકલી મિત્રતા અને ભેટ

### મુંબઈમાં રહેતી એક ટ્યુશન ટીચરને ફેસબુક પર ફ્રેન્ડ રિક્વેસ્ટ મળી હતી, જેને મહિલાએ સ્વીકારી હતી



। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૫ ।

મુંબઈમાં ટ્યુશન ટીચર મહિલા સાથે છેતરપિંડીનો અનોખો કિસ્સો સામે આવ્યો છે. પોલીસનું કહેવું છે કે અહીં એક છેતરપિંડી કરનારે ૬૮ વર્ષની મહિલાને ફેસબુક પર રિક્વેસ્ટ મોકલીને ગિફ્ટના નામે ૮ લાખ રૂપિયાથી વધુની છેતરપિંડી કરી હતી. ઈન્ટરનેશનલ એરલાઈન પાયલોટ તરીકે ઓળખાવતા ઠગાઈએ મહિલા સાથે ફેસબુક પર મિત્રતા કરી હતી. એજન્સી અનુસાર, મહિલાએ ગુરુવારે માહિમ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદમાં તેણે જણાવ્યું હતું કે ૧૨ મેના રોજ તેણે 'દેવ પટેલ' નામના વ્યક્તિની ફેસબુક પર ફ્રેન્ડ રિક્વેસ્ટ મોકલી હતી, જેને સ્વીકારવામાં આવી હતી. આ પછી તેણે ચેટિંગ શરૂ કર્યું. વ્યક્તિએ ચેટમાં કહ્યું કે તે બ્રિટિશ એરવેઝનો પાયલટ છે. ચેટ પર તેની સાથે વાત કરવાનું શરૂ કર્યું. થોડા દિવસો પછી તેણે કહ્યું કે તેણે મારા માટે ભેટ મોકલી છે. પીડિતાએ જણાવ્યું કે ૩૦ મેના રોજ તેને ફોન આવ્યો હતો. બીજી બાજુ એક મહિલા વાત કરી રહી હતી, તેણે પોતાનો પરિચય 'દિલ્હી કસ્ટમ્સમાંથી દીક્ષિતા અરોરા' તરીકે આપ્યો. તેણે કહ્યું કે દુબઈથી તમારા નામે એક પાર્સલ આવ્યું છે, પરંતુ તેને લેવા માટે તેણે ૭૦,૦૦૦ રૂપિયા જમા કરાવવા પડશે. આના પર પીડિતાએ તરત જ UPI દ્વારા ૭૦,૦૦૦ રૂપિયા મોકલ્યા. આ પછી તેને કહેવામાં આવ્યું કે પાર્સલમાં ૮૦ બ્રિટિશ પાઉન્ડ સ્ટર્લિંગ છે, જે ગેરકાયદેસર રીતે મોકલવામાં આવ્યું હતું અને તેણે બીજા ૨.૯૫ લાખ રૂપિયા ચૂકવવા પડશે, નહીં તો ક્રાઈમ બ્રાન્ચ તેની ધરપકડ કરશે. આ જોઈને મહિલા ડરી ગઈ અને તેણે ફરીથી પૈસા મોકલી દીધા. મહિલાને સતત ધમકાવવામાં આવી રહી હતી. પોલીસે જણાવ્યું કે ૧ થી ૧૦ જૂનની વચ્ચે પીડિત મહિલાએ અંદાજે ૮.૧૫ લાખ રૂપિયા ટ્રાન્સફર કર્યા હતા. આ દરમિયાન પાયલોટ હોવાનો દાવો કરનાર તેના ફેસબુક ફ્રેન્ડે પણ કોલ અને મેસેજનો જવાબ આપવાનું બંધ કરી દીધું હતું. ત્યારે તેને ખ્યાલ આવ્યો કે તેની સાથે છેતરપિંડી થઈ છે. જેના પર મહિલાએ આ અંગે પોલીસમાં ફરિયાદ કરી હતી. પોલીસે આઈપીસીની કલમ ૪૨૦ હેઠળ છેતરપિંડીનો કેસ નોંધીને આ મામલે તપાસ શરૂ કરી છે.

**વિશેષ**

### ગુજરાતમાં ઉત્પાદિત બાગાયતી પેદાશોની વૈશ્વિક બજારમાં ખૂબ જ વ્યાપક માંગ છે : કે.એમ.એસ. ખાલસા

# ભારત સરકારના કૃષિ અને ખેડૂત કલ્યાણ વિભાગના નિયામકશ્રીએ અમદાવાદ જિલ્લાના વિવિધ બાગાયતી પાકોના વાવેતર તેમજ માળખાકીય સુવિધાઓની લીધી મુલાકાત







। (માહિતી) અમદાવાદ ।

ભારત સરકારના કૃષિ અને ખેડૂત કલ્યાણ વિભાગના નિયામકશ્રી કે.એમ.એસ. ખાલસાએ અમદાવાદ જિલ્લાના વિવિધ બાગાયતી પાકોના વાવેતર તેમજ માળખાકીય સુવિધાઓની મુલાકાત કરી હતી. પોતાની મુલાકાતમાં શ્રી કે.એમ.એસ. ખાલસાએ ધોળકા તાલુકાના આંબારેલી ગામ ખાતે ગુલાબ, લીલી, સેવંતી જેવા ફૂલોના ખેતરની મુલાકાત લઈને ખેડૂતો સાથે નવા આશાસ્પદ ફૂલ પાકો, નવીન જાતો, નિકાસની તકો, મૂલ્યવર્ધન તેમજ બજાર વ્યવસ્થાપન અંગે ચર્ચા કરી હતી તેમજ માહિતી મેળવી હતી. તેમણે ભારત સરકારશ્રીની વિવિધ કૃષિલક્ષી કલ્યાણકારી યોજનાઓ અંગે ખેડૂતોને માર્ગદર્શન પૂરું પાડીને વધુમાં વધુ લાભ લેવા સૂચન કર્યું હતું. શ્રી કે.એમ.એસ. ખાલસાએ બાવળા ખાતે ગુજરાત એગ્રો ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ દ્વારા સ્થાપિત ઈ-રેડિયેશન પ્લાન્ટની પણ મુલાકાત લીધી હતી. મુલાકાત દરમિયાન તેઓએ વિવિધ મરી મસાલા પાકોને આપવામાં આવતી ઈ-રેડીયેશન પ્રોસેસ પ્રત્યક્ષ રીતેનિહાળીહતી.તેઓએમુલાકાતદરમ્યાનજણાવ્યુંહતું કે, રાજ્યમાં વધુમાં વધુ બાગાયતી ઉત્પાદન નિકાસલક્ષી બની રહે તે પ્રકારે પ્રયત્નો કરવા જોઈએ. વધુમાં, તેઓએ જિલ્લાના અપેડા (APEDA-Agricultural and Processed Food Products Export Development Authority) દ્વારા અધિકૃત પેક હાઉસની પણ મુલાકાત લીધી હતી. તેઓએ કેરી પાકના નિકાસ માટેના પેકિંગ અંગેની સમગ્ર પ્રક્રિયા પ્રત્યક્ષ નિહાળી હતું. મુલાકાત દરમિયાન તેઓએ ગુજરાત રાજ્યમાં ઉત્પાદિત કેરીની ખાસિયતો, નિકાસની તકો અને ભવિષ્યમાં વિદેશોની માંગ વિશે વિસ્તૃતમાં માહિતી મેળવી હતી. સાથે જ, તેમણે રાજ્યના બાગાયત નિયામકશ્રી સી.એમ.પટેલ સાથે પણ મુલાકાત કરી હતી. મુલાકાત દરમ્યાન તેઓએ રાજ્યના બાગાયતી ક્ષેત્રે થયેલ કામગીરી તેમજ ભવિષ્યના આયોજન અંગેની માહિતી મેળવી હતી.





મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે મહેસાણા જિલ્લાના કોચવા (કંચનપુર) ગામ ખાતે જિલ્લા શિક્ષણ સમિતિ મહેસાણા સંચાલિત અને અવિરાજ ચેરીટેબલ ફાઉન્ડેશન દ્વારા નવનિર્મિત હેમાગૌરી અશોકકુમાર બારોટ વિદ્યાસંકુલનું રાજ્યના મંત્રી ઋષિકેશ પટેલ, પૂર્વ ઉપમુખ્યમંત્રી નીતિન પટેલ તથા અન્ય મહાનુભાવોની ઉપસ્થિતિમાં લોકાર્પણ કર્યું હતું.

### મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું - 'ગર્વની ક્ષણ!'

# ભૂકંપ પીડિતોની સ્મૃતિમાં બનેલ મ્યુઝિયમ 'પ્રિક્સ વર્સેલ્સ એવોર્ડ' માટે પસંદ

। (એજન્સી) ગાંધીનગર, તા.૧૫ ।

ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે, ગુજરાતના તત્કાલિન મુખ્યમંત્રી અને વર્તમાન વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું સપનું હતું કે વર્ષ ૨૦૦૧ના વિનાશક ભૂકંપમાં માર્યા ગયેલા લોકોની યાદમાં એક સંગ્રહાલય બનાવવાનું અને કચ્છની સ્થિતિસ્થાપકતાને શ્રધ્ધાંજલિ આપવાનું પણ સ્વપ્ન હતું. ગુજરાતમાં ભૂકંપ પીડિતોની સ્મૃતિમાં બનેલા મ્યુઝિયમ 'સ્મૃતિવન અર્થક્વેક મેમોરિયલ મ્યુઝિયમ'ની યુનેસ્કો દ્વારા પ્રિક્સ વર્સેલ્સ એવોર્ડ માટે પસંદગી કરવામાં આવી છે. રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે શુક્રવારે સોશિયલ મીડિયા પર પોસ્ટ કરીને આ માહિતી આપી હતી. મુખ્યમંત્રીએ તેમની પોસ્ટમાં જણાવ્યું હતું કે ગુજરાત અને ભારત માટે ગર્વની ક્ષણ! UNESCO દ્વારા દર વર્ષે આર્કિટેક્ચર અને ડિઝાઈન માટે જાહેર કરવામાં આવતા પ્રતિષ્ઠિત પ્રિક્સ વર્સેલ્સ એવોર્ડ હેઠળ ભુજમાં સ્મૃતિવન



અર્થક્વેક મેમોરિયલ મ્યુઝિયમ વિશ્વના ૭ સૌથી સુંદર મ્યુઝિયમમાં સ્થાન પામ્યું છે.તેમણે વધુમાં જણાવ્યું હતું કે, "ગુજરાત માટે ગર્વની વાત છે કે પ્રથમ વખત કોઈ ભારતીય મ્યુઝિયમને સ્થાનિક સંસ્કૃતિ અને પ્રકૃતિ સંરક્ષણની અભિવ્યક્તિ માટે આટલી વૈશ્વિક ઓળખ મળી છે."ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે, ગુજરાતના તત્કાલિન મુખ્યમંત્રી અને વર્તમાન વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું સ્વપ્ન હતું કે વર્ષ ૨૦૦૧ના વિનાશક ભૂકંપમાં માર્યા ગયેલાઓની યાદમાં એક સંગ્રહાલય બનાવવાનું અને કચ્છની સ્થિતિસ્થાપકતાને શ્રધ્ધાંજલિ આપવાનું પણ સ્વપ્ન હતું. એ જ આધારે ભુજમાં સ્મૃતિવનનું નિર્માણ થયું. ભુજિયા ટેકરી પર હજારો વૃક્ષોની વચ્ચે બનેલા આ મ્યુઝિયમની ડિઝાઈન અદ્દભુત છે. આ સંગ્રહાલય પડકારોનો હિંમતપૂર્વક સામનો કરવાની અને તેમાંથી નવેસરથી નિર્માણ કરવાની વાર્તા છે. આ મ્યુઝિયમ એ પરમ તત્ત્વનો ગુણાતીત અનુભવ છે."તેના ઈતિહાસમાં પ્રથમ વખત, પ્રિક્સ વર્સેલ્સ ૨૦૨૪ માટે વિશ્વના સૌથી સુંદર સંગ્રહાલયોની સૂચિનું અનાવરણ કરી રહ્યું છે," UNESCOના પ્રિક્સ વર્સેલ્સે એક અખબારી યાદીમાં જણાવ્યું હતું કે સાત નવા સંગ્રહાલયો સર્જનાત્મકતા, સ્થાનિક વારસો અને પર્યાવરણીય કાર્યક્ષમતાને એકસાથે લાવે છે.

## ન્યૂઝ બ્રિફ

### ટ્રાફિક નિયમોનો ભંગ કરનારના લાઈસન્સ રદ થશે

। (એજન્સી) સુરત, તા.૧૫ ।

ટ્રાફિક નિયમનો ભંગ કરનારા લોકો હવે સાવધાન રહેજો. રાજ્યમાં રોજબરોજ ટ્રાફિકના નિયમોનો ભંગ થતો હોય છે જેના કારણે અવારનવાર મોટી દુર્ઘટનાઓ બનતી રહે છે. હાલમાં જ રાજ્યનો હૃદય થમાવી દે તેવું ઈસ્કોન બ્રિજ અકસ્માત થયો હતો. જેમાં નવ લોકોએ પોતાના જીવ ગુમાવ્યા હતા, જે બાદ રાજ્ય સરકાર દ્વારા ટ્રાફિકની સિસ્ટમને વારંવાર અપડેટ કરવામાં આવી રહી છે, અને ટ્રાફિક પોલીસનાં નિયમનો અને નિર્દેશો સાથે ટેકનોલોજીનો પણ ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. જેથી થઈ શકે એટલા અકસ્માતો રોકી શકાય અને નિયમોની એસીતેસી કરનારાઓ સામે કડક કાર્યવાહી કરી શકાય જેને લઈને હાલ ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી દ્વારા સુરતમાં ટ્રાફિક નિયમનો ભંગ કરનારા ૪ હજાર લોકોના લાયસન્સ રદ કરવાનો હુકમ કરાયો છે. આ ઉપરાંત રોંગ સાઈડ જનારા સામે પણ કાર્યવાહી થશે તો નિયમો તોડનારાઓની હવે ખેર નહીં.

### એક જ પરિવારના ચાર સભ્યોના સવારે ઘરમાંથી મૃતદેહો મળ્યા

। (એજન્સી) સુરત, તા.૧૫ ।

સુરતમાં એક સનસનીખેજ મોતની ઘટના સામે આવી છે, એક જ પરિવારના ચાર સભ્યોના ઘરમાંથી મૃતદેહો મળી આવતા લોકોમાં અનેક તર્ક વિતર્ક સર્જાયાં છે. શહેરની જહાંગી પુરાન રાજહંસ રેસિડેન્સીમાં આ ચાર લોકોએ આત્મહત્યા કર્યા હોવાની વાત ચર્ચાઈ રહી છે. હાલમાં પોલીસ કાફલો ઘટના સ્થળો પહોંચ્યો છે અને તપાસ કરી રહ્યાં છે. મળતી માહિતી પ્રમાણે, શહેરમાં સામૂહિક આત્મહત્યાની ઘટના સામે આવી છે, ખરેખરમાં શહેરના જહાંગીરપુરાના રાજહંસ રેસિડેન્સીમાં ગઈકાલે રાત્રે ચાર લોકોના મોત થયા હતા, હાલમાં આ ઘટનાને આત્મહત્યા તરીકે જોવામાં આવી રહી છે. સુરતના મોરાભાગળ વિસ્તારમાં ચારના આ લોકોના શંકાસ્પદ મોત થયા છે, રાજહંસ રેસિડેન્સીમાં આ ચાર લોકો એક જ પરિવારના સભ્યો હતા.

### MGVCLએ રોડની વચ્ચોવચ વીજપોલ નાખી દીધા

। (એજન્સી) વડોદરા, તા.૧૫ ।

વડોદરા શહેરમાંથી MGVCLની ઘોર બેદરકારી સામે આવી છે. શહેરના ઊંડેરા કોયલી રોડ પરથી પસાર થતા પેહલા થઈ સાવધાન થઈ જજો. કારણકે, આ રોડ પર વચ્ચો વચ વીજપોલ નાખી દેવાયા છે. અહીં પાલિકાના અધિકારીઓએ થાંભલા હટાવ્યા વિના નવો રોડ બનાવી દીધો છે. જેના કારણે શહેરીજનો ભારે હાલાકીનો સામનો કરી રહ્યાં છે. આ રોડ પરથી પસાર થતા જ વાહન ચાલકોના શ્વાંસ અધ્ધર થઈ જાય છે. વાહન ચાલકોનુ કહેવુ છે કે, આને MGVCLની ભૂલ સમજવી કે પછી બેદરકારી તે ખબર નથી પડી રહી. બનાવની વિગતો જોઈએ તો, વડોદરા શહેરના ઊંડેરા કોયલી રોડ પરથી એવી રીતે વીજપોલ નકલહી દેવામાં આવ્યા છે કે સૌ કોઈ પરેશાન થઈ રહ્યા છે.

### રાજકોટ અગ્નિકાંડ મામલો

# અગ્નિકાંડ મુદ્દે કોંગ્રેસ દ્વારા વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું

#### કોંગ્રેસના નેતાઓએ દુર્ઘટનાના મૃતકોને ન્યાય મળે અને સાચી તપાસ થાય તેવી માગ સાથે પોલીસ કમિશનર કચેરીએ જઈ રજૂઆત કરી હતી

। (એજન્સી) રાજકોટ, તા.૧૫ ।

રાજકોટઅગ્નિકાંડ મુદ્દે આજે કોંગ્રેસ દ્વારા વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. કોંગ્રેસ દ્વારા બહુમાળી ચોકથી પોલીસ કમિશનર કચેરી સુધી રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં કોંગ્રેસના કાર્યકર્તાઓ અલગ અલગ પોસ્ટરો સાથે પહોંચ્યા હતા.જેમાં કોંગ્રેસ નેતા અમિત ચાવડા, સાંસદ ગેનીબેન ઠાકોર, MLA જીગ્નેશ મેવાણી, NSUI પ્રદેશ પ્રમુખ નરેન્દ્ર સોલંકી સહિતના નેતાઓ જોડાયા હતાં. આ દરમિયાન કોંગ્રેસના કાર્યકરો અને પોલીસ વચ્ચે ઘર્ષણ થયું હોવાની વિગતો પણ પ્રાપ્ત થઈ છે. એસટી બસ પર ચઢી ગયેલા NSUIના નેતાની ટીંગાટોળી કરીને પોલીસે અટકાયત કરી હતી.આગકાંડના પીડિતો પણ આ આંદોલનમાં પહોંચ્યા છે. આગ કાંડમાં પીડિત અને હોસ્પિટલમાં દાખલ દર્દી એમ્બ્યુલન્સ લઈને પહોચ્યા હતા. આ સાથે જ કોંગ્રેસ દ્વારા બસ અને અન્ય




વાહનો રોકાવીને રસ્તા પર ચક્કાજમા કર્યો છે અને પોલીસ સાથે ઘર્ષણમાં ઉતર્યા છે. SIT વડા સુભાષ ત્રિવેદીને બદલાવવાની માગ સાથે પીડિતોને ન્યાય ન મળે ત્યાં સુધી લડત ચાલુ રાખવા કોંગ્રેસની તૈયારી છે. જિલ્લા પંચાયત ચોક અને પોલીસ કમિશનર કચેરીનાં રોડ પર ચક્કાજામ કરાયો હતો. જેમાં પોલીસ દ્વારા ટીંગાટોળી કરી તમામ લોકોની અટકાયત કરાઈ હતી.કોંગ્રેસના નેતાઓએ દુર્ઘટનાના મૃતકોને ન્યાય મળે અને સાચી તપાસ થાય તેવી માગ સાથે પોલીસ કમિશનર કચેરીએ જઈ રજૂઆત કરી હતી.

ત્યારબાદ ધારાસભ્ય જિજ્ઞેશ મેવાણીએ કહ્યું હતું કે, પોલીસ કમિશનરે આ પ્રકરણમાં યોગ્ય તપાસની ખાત્રી આપી છે પણ અમને રાજ્યની ભાજપ સરકાર પર ભરોસો નથી.છેલ્લા પંદર દિવસથી રાજકોટમાં બેઠેલા પ્રદેશ કોંગ્રેસના કાર્યકારી પ્રમુખ અને ધારાસભ્ય જિજ્ઞેશ મેવાણીએ જણાવ્યું હતું કે, દુર્ઘટનાનો ભોગ બનેલા લોકોના પરિવારજનોને રૂબરૂ મળીને તેમની વેદના સાંભળી છે. તે લોકો તેમજ રાજકોટ શહેરના લોકોમાં એક જ ચર્ચા છે કે, આ દુર્ઘટનાના સાચા જવાબદારો સામે કાર્યવાહી થાય તેવા કોઈ નિર્દેશ મળતા નથી.કોંગ્રેસના સાંસદ ગેનીબેને કહ્યું હતું કે, આ હીન સરકાર પાસે દયાની શુ અપેક્ષા રાખી શકીએ.

### મેટ્રો સ્ટેશન પરથી છલાંગ લગાવીને આપઘાત કરવાની ઘટના બની

# વસ્ત્રાલ મેટ્રો રેલવે સ્ટેશન પરથી ૨૦ વર્ષના યુવાને છલાંગ લગાવી જીવન ટૂંકાવ્યું

। (એજન્સી) અમદાવાદ, તા.૧૫ ।

શહેરમાં સાબરમતિ નદીના પુલ પરથી ઝંપલાવીને આપઘાત કરવાના કિસ્સાઓ અનેક વખત પ્રકાશમાં આવ્યાં છે. ત્યારે હવે શહેરમાં મેટ્રો સ્ટેશન પરથી છલાંગ લગાવીને આપઘાત કરવાની ઘટના બની છે. શહેરના વસ્ત્રાલ મેટ્રો રેલવે સ્ટેશન પરથી એક ૨૦ વર્ષના યુવાને છલાંગ લગાવી જીવન ટૂંકાવ્યું હતું. ઘટનાની જાણ થતાં જ રામોલ પોલીસ દોડી ગઈ હતી. પોલીસે સમગ્ર મામલે અકસ્માતે મોત નોંધીને વધુ તપાસ હાથ ધરી છે. સુત્રોના જણાવ્યા પ્રમાણે અમરાઈવાડીમાં કાદરી વકીલની ચાલીમાં રહેતા ૨૦ વર્ષની ઉંમરના ધૃવ પરમારે આજે સવારે મેટ્રો સ્ટેશન પરથી છલાંગ લગાવીને આપઘાત કર્યો હતો. તેણે મેટ્રો સ્ટેશન પહોંચ્યા બાદ ૪૦ ફૂટ ઊંચેથી કૂદકો માર્યો હતો.સ્થાનિકોએ ૧૦૮ને જાણ કરવામાં આવી હતી. લોકો જ્યારે ધૃવ પાસે પહોંચ્યા હતાં ત્યારે તેનું મોત નિપજ્યું હતું. આ ઘટનાની જાણ થતાં જ રામોલ પોલીસ દોડી ગઈ હતી અને ધૃવ પરમારે કયા કારણોસર આપઘાત કર્યો છે તે જાણવા વધુ તપાસ હાથ ધરી છે. પોલીસ દ્વારા આપઘાત કરનાર પાસે કોઈ ચીઠ્ઠી હતી કે નહીં તે શોધવાનો પ્રયાસ શરૂ કરી દેવાયો છે. પોલીસે તેના મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે હોલ્પિટલ ખસેડ્યો છે. આ બાબતની જાણ થતાં મૃતક ધૃવ પરમારના પરિવારજનો પણ ઘટના સ્થળે પહોંચ્યા હતાં.

### ડ્રગ્સની હેરાફેરીના કિસ્સાઓ વધી રહ્યાં છે

# દ્વારકાના દરિયાકાંઠેથી ૨૦ કરોડની કિંમતના ચરસના ૪૦ પેકેટ મળ્યા

। (એજન્સી) દ્વારકા, તા.૧૫ ।

ગુજરાતના દરિયા કિનારાથી ડ્રગ્સની હેરાફેરીના કિસ્સાઓ વધી રહ્યાં છે. સૌરાષ્ટ્રમાં દ્વારકા નજીકના દરિયાકાંઠેથી ૨૦ કરોડની કિંમતના ચરસના ૪૦ પેકેટ મળ્યા છે. ગત શુક્રવારે ૧૬ કરોડથી વધુની કિંમતના ૩૨ જેટલા ચરસના પેકેટ મળી આવ્યા હતાં. ત્યાર બાદ ચાર દિવસમાં વધુ ૨૧ પેકેટ ચરસનો જથ્થો બિનવારસુ મળી આવ્યો હતો. સતત ઝડપાઈ રહેલા ડ્રગ્સના જથ્થાને લઈને પોલીસે સર્ચ ઓપરેશન વધુ તેજ કરી દીધું છે.

એકાદ સપ્તાહથી દેવભૂમિ દ્વારકા જિલ્લા પોલીસ વડા નિતેશ પાંડેયના સીધા માર્ગદર્શન હેઠળ સમગ્ર દ્વારકા વિસ્તારના? દરિયાકાંઠામાં સઘન પેટ્રોલિંગ, ચેકિંગ તેમજ સર્ચ ઓપરેશન જારી રાખવામાં આવ્યું છે. થોડા દિવસો પહેલા રૂપેણ બંદર તથા વરવાળા વિસ્તારના દરિયાકાંઠેથી ચરસના ૩૦ પેકેટનો જથ્થો બિનવારસુ હાલતમાં મળી આવ્યો હતો. જેનું કુલ વજન ૩૨.૦૫૩ કિલો હતું અને તેની કુલ કિંમત ૧૬.૬૫ કરોડ જેટલી થાય છે. ત્યાર બાદ ફરી દ્વારકાના દરિયાકાંઠેથી ૧૬.૦૩ કરોડની કિંમતનો ૩૨ કિલો ચરસનો જથ્થો મળી આવ્યો હતો. આજે ફરી દ્વારકાના વાંચ્છું ગામ વિસ્તારમાં આવેલા દરિયાકિનારા પાસે ચરસનો જથ્થો પોલીસના હાથે લાગ્યો હતો. આશરે ૪૦ પેકેટનો આ જથ્થો દરિયાકાંઠા



એક સપ્તાહ દરમિયાન ચરસના આશરે ૧૦૦ જેટલા પેકેટ ડી આવ્યા

વિસ્તારમાં બિનવારસી હાલતમાં પડ્યો હતો જેનો કબજો પોલીસે મેળવ્યો હતો. છેલ્લા એક સપ્તાહ દરમિયાન મળી આવેલા ચરસના આશરે ૧૦૦ જેટલા પેકેટની કિંમત ૫૦ કરોડ સુધી થવા જાય છે. આજે દેવભૂમિ દ્વારકા પોલીસને મળેલા આશરે વીસેક કરોડની કિંમતના નશાકારક પદાર્થની ફોરેન્સિક તપાસ તેમજ વજન સહિત વિવિધ બાબતે ચકાસણી ચાલી રહી છે. જેની બીજી સત્તાવાર વિગતો આજે સાંજ સુધીમાં પોલીસ તંત્ર દ્વારા જાહેર કરવામાં આવશે. આ પ્રકરણમાં જિલ્લા પોલીસ વડા નિતેશ પાંડેયના વડપણ હેઠળ એસ.ઓ.જી., એલ. સી.બી. તેમજ મીઠાપુર પોલીસ દ્વારા વિવિધ દિશાઓમાં કામગીરી કરવામાં આવી રહી છે. પોલીસ દ્વારા હજુ પણ ઊંડાણપૂર્વકની તપાસ હાથ ધરવામાં આવી રહી છે.

### પૈસા કમાવાની લાલચ આપી છેતરપીંડી થઇ

# વડોદરામાં ફોરેકસમાં ટ્રેડ કરવાના બહાને ઠગાઇ કરતી ટોળકી ઝડપાઇ

। (એજન્સી) વડોદરા, તા.૧૫ ।

સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ આપવામાં આવી હતી કે અજાણ્યા વ્હોટ્સએપ પરથી ફોરેકસમાં ટ્રેડિંગ કરવાનો મેસેજ આવ્યો હતો ત્યારબાદ તેઓને આ મોબાઈલ નંબર પરથી વોઈસ કોલ આવેલ અને સામેવાળાએ પોતાની ઓળખ સુરેશકુમાર મૌર્ય તરીકે આપી હતી અને જણાવ્યું હતું કે તે પોતે ફોરેક્સ ટ્રેડિંગનું કામ કરે છે. વધુમાં તેને ફરિયાદીને જણાવ્યું કે જો તેઓ આ સ્કીમમાં રોકાણ કરશે તો તેમણે મહિને ૪૦ થી ૮૦% જેટલો નફો મળશે અને ફરિયાદીએ થયેલ નફામાંથી ૧૦% રકમ સામેવાળાને ચૂકવવી પડશે. આથી ફરિયાદીએ આ સ્કીમમાં રસ દાખવતાં સામેવાળાએ ફરિયાદીને https://www.fxprimemarkas.in વેબસાઈટ પર રજીસ્ટ્રેશન કરાવેલ અને ત્યારબાદ MTS નામની એપ્લિકેશન ડાઉનલોડ કરાવી હતી. જે બાદ સામેવાળાએ ANYDESK એપ્લિકેશનની મદદથી ફરિયાદીના ફોરેક્સ એકાઉન્ટના લૉગિન આઈ. ડી. પાસવર્ડ મેળવેલ. સામેવાળા દ્વારા થતાં ટ્રેડિંગની વિગત ફરિયાદી આ વેબસાઈટ અને MTS નામની એપ્લિકેશનમાં જોઈ શકતા હોવાથી અને તેઓને સારું એવું પ્રોફિટ આ એપ્લિકેશનમાં દેખાડતા હોવાથી ફરિયાદીને સામેવાળા ઉપર વિશ્વાસ આવી જાય છે. આથી ફરિયાદીએ રૂ. ૧૫ લાખ આંગડિયા મારફતે અને બાકીના રૂપિયા બેંક એકાઉન્ટ ટ્રાન્સફર મારફતે એમ મળીને સામેવાળાને કુલ રૂ. ૨૧.૭૧ લાખ આપ્યા હતા.

### ૧૬ જૂનથી ૧૫ ઓક્ટોબર સુધી સફારી પાર્ક બંધ રહેશે

# ચાર મહિના સાસણ ગીર અભયારણ્ય પ્રવાસીઓ માટે બંધ રાખવામાં આવશે

#### ચોમાસાની ઋતુને ધ્યાનમાં રાખીને ચાર મહિના સુધી સાસણ ગીર અભયારણ્ય પ્રવાસીઓ માટે બંધ રાખવામાં આવશે

। (એજન્સી) જૂનાગઢ, તા.૧૫ ।

જૂનાગઢના સાસણ ગીર જંગલમાં મુક્ત મને વિહરતા સિંહ પરિવારને નિહાળવા પ્રતિ વર્ષ લાખોની સંખ્યામાં પ્રવાસીઓ ગીર સેન્ચુરીની મુલાકાતે આવે છે.અને જંગલ સફારી કરીને સિંહ દર્શન સાથે અન્ય વન્ય પ્રાણી નિહાળે છે તેમજ કુદરતી વન્ય જીવ શ્રુષ્ટિનો પર્યટકો આનંદ માણે છે. ત્યારે ચાર મહિના સુધી એટલે કે ૧૬ જૂન થી ૧૫ ઓક્ટોબર સુધી સિંહોનો સંવનન કાળ હોવાથી સફારી પાર્ક બંધ રહેશે. ચોમાસાની ઋતુને ધ્યાનમાં રાખીને ચાર મહિના સુધી સાસણ ગીર અભયારણ્ય પ્રવાસીઓ માટે બંધ રાખવામાં આવશે. આમ ૧૫ ઓક્ટોબર પછી સાસણ ગીરમાં સિંહદર્શન શક્ય બનશેચોમાસાંની ઋતુમાં સિંહ સહિત વન્ય જીવો માટે સંવનનકાળ હોવાથી વન્ય જીવોને ખલેલ ન પહોંચે તે માટે સાસણના જંગલમાં ચોમાસાના ચાર મહિનાનું વેકેશન રાખવામાં આવે છે. નોંધનીય છે કે, વર્ષ ૨૦૨૩માં ૧.૯૫ લાખ પ્રવાસીઓએ જંગલ સફારી અને ૬.૮૮ લાખ પ્રવાસીઓએ દેવડીયા પાર્કની મુલાકાત લીધી હતી. જંગલ સફારીની મુલાકાત લેવા માટે દેશ વિદેશથી લોકો આવતા હોય છે. ચોમાસાના ચાર મહિના દરમિયાન જંગલમાં રસ્તાઓ ખૂબ જ કાચા હોવાને કારણે જીપ્સી ફસાઈ પણ શકે છે. ઉપરાંત માત્ર સિંહ નહીં, પરંતુ અન્ય પ્રજાતિઓનો પણ આ સમયગાળા દરમિયાન મેટિંગ ટાઈમ હોય છે, જેથી તેને ખલેલ ન પહોંચે તે માટે વેકેશન રાખવામાં આવે છે.

વેકેશન રમિયાન તમામ વન્યપ્રાણીઓની સંભાળ માટે તમામ વનકર્મીઓ ખડે પગે રહે છે. જો કે, પ્રવાસીઓ સિંહ દર્શન કરી શકે તે માટે દેવળીયા સફારી પાર્ક ખુલ્લું રાખવામાં આવશે. આ સફારી પાર્કની મુલાકાત લેતા પ્રવાસીઓ ઓફિસિયલ વેબસાઈટ પરથી ઓનલાઈન બુકિંગ પણ કરી શકશે. આ અંગે સાસણ ગીરના DCF મોહન રામએ જણાવ્યું હતું કે, સાસણ ગીરમાં પ્રવાસીઓ અનેક આશાઓ સાથે આવતાં હોય છે. જેથી આ ચાર મહિના દરમિયાન પ્રવાસીઓ મજા માણી શકે તે માટે સફારી પાર્કના સ્થાને દેવળીયા પાર્ક ખુલ્લુ રાખવામાં આવશે. ચોમાસાના ચાર મહિના દરમિયાન સિંહનો પ્રજનન કાળ હોવાને કારણે આ નિર્ણય કરાયો છે. પરંતુ આ નિર્ણયના કારણે સફારી પાર્ક નજીક આવેલી ૨૦૦થી વધુ હોટેલ અને રેસ્ટોરાં આવેલા છે.






માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨